श्री महावीरस्वामिने नम:

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नम:
नमो नम: श्री गुरुधर्मसूरये ※ सूर्योदयं सूरिवरं प्रणौमि

श्री गौतमस्वामिने नम:

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક

# આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું પ્રેરક જીવનદર્શન





: લેખક તથા સંપાદક :

પૂજ્યપાદ સિદ્ધહસ્તસર્જક તેજસ્વીવક્તા પરમગુરુકૃપાનિધાન

**આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. સા.**



: પ્રકાશક :

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ તથા શ્રી ધર્મધામ- નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ**




પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ
C/o. શ્રી પરિમલભાઈ સી.શાહ
બી-૩, આદિનાથ ડુપ્લેક્ષ નં.૧, ત્રિલોક કુંજ સોસાયટી સામે
જૈન દેરાસરની બાજુમાં, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧. મો.: ૯૮૨૫૫ ૭૨૧૩૧

શ્રી ધર્મધામ - નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ
C/o. શ્રી સુરેશભાઈ દેવચંદ સંઘવી
શેઠ દેવચંદ એન્ડ કું. દત્તમંદિર કમ્પાઉન્ડ, ૧૨૨-એ, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

પ્રકાશનતિથિ તથા સ્થળ : શ્રાવણ શુદિ-૫, વિ.સં. ૨૦૭૪, તા.૧૫-૮-૨૦૧૮
શ્રી શાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ-મુંબઈ

પ્રથમાવૃત્તિ : પ્રત - ૧૫૦૦

પ્રતીક મૂલ્ય : રૂા.૧૦૦

મુદ્રક : જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.
૩૫૨/૫૪, જે. એસ. એસ. રોડ, ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦૦૦૨. ફોન : ૦૨૨-૪૩૬૬૭૧૭૧

આ ગ્રન્થ વેબસાઈટ પર ઉપલબ્ધ છે : http://www.dharmakrupa.com

# દર્ભાવતીતીર્થોદ્ધારક પૂજ્યપાદ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. સ્તુતિઅષ્ટક



જે નામથી પણ સૂર્ય છે ને કામથી પણ સૂર્ય છે, જે પુણ્યથી પણ સૂર્ય છે પ્રતિભા થકી પણ સૂર્ય છે ;
વ્યક્તિત્વથી જે સૂર્ય છે પણ જે સદા ય અનસ્ત છે, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૧

દર્ભાવતીની તીર્થભૂમિ ખાણ છે દીક્ષાતણી, ત્યાં જન્મથી કરી પુણ્ય જેણે કુક્ષિ માત મણિતણી ;
લહેરાવી કુલકીર્તિપતાકા જનક ચીમનભાઈની, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૨

જે બાલ્યવયમાં પરમગુરુવર ધર્મસૂરિસંગમાં, શ્રુતજ્ઞાન-અમૃતપાનથી રંગાઈ સંયમરંગમાં ;
દીક્ષા ગ્રહી ઝીલી રહ્યાં સંવેગ-રંગતરંગમાં, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૩

જે જીવનભર ગુરુચરણકમલે ભ્રમર સમ થઈને રહ્યા, અદ્‌ભુત સમર્પણભાવથી ગુરુવરકૃપા અદ્‌ભુત વર્યા ;
તેથી જ સર્વ ક્ષેત્રમાં અદ્‌ભુત સફળતા જે વર્યા, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૪

શું તર્ક કે શું કાવ્ય કે શું વ્યાકરણના ગ્રન્થ હો, એ સર્વમાં નિષ્ણાત થઈ જે 'તીર્થ' પદ પામ્યા અહો ;
પ્રવચન અને અનુવાદ ગ્રન્થ રચ્યા છતાં નિર્ગ્રન્થ હો, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૫

દર્ભાવતી મહાતીર્થના ઉદ્ધારકારી જે થયા, ઉવસગ્ગહરવરતીર્થના રક્ષક થઈ યશ બહુ વર્યા ;
ગુરુ 'ધર્મ' સ્મારક તીર્થ ધર્મ-ધામના સર્જક થયા, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૬

શ્રી ધર્મસૂરીશ્વરતણી ધર્મધ્વજા લહેરાવતા, શાસનતણાં બહુકાર્યથી જિનધર્મજય ફેલાવતા ;
બહુ શિષ્યકેરી સંપદાથી જેહ નિત્ય વિરાજતા, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વન્દના. ૭

હે સૂર્ય અભિનવ ! મુજ હૃદયનાં મોહતિમિર નિવારજો, હે સૂર્ય અભિનવ ! મુજ હૃદયમાં જ્ઞાનતેજ વહાવજો ;
હે સૂર્ય અભિનવ ! મુજ મનનના દોષપંક મિટાવજો, શિશુ રાજરત્ન ની પ્રાર્થના આ ચિત્તમાં અવધારજો. ૮

### પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક વ્યાકરણ - સાહિત્ય - ન્યાયતીર્થ

# પૂજ્યપાદ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ની

## સંક્ષિપ્ત જીવનઝલક



શ્રી વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ ના મહા વદિ ચૌદશે તીર્થભૂમિ - દીક્ષાભૂમિ દર્ભાવતીતીર્થે પિતાશ્રી ચીમનભાઈ અને માતા મણિબેનના ધર્મસંસ્કારી શ્રીમંત પરિવારમાં જન્મ ધરનાર બાળ સેવંતીકુમાર એટલે જાણે મૂર્તિમંત તેજસ્વિતા. એકથી પાંચ ધોરણના વ્યાવહારિક અભ્યાસમાં હંમેશા પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ તેમણે ધાર્મિક અભ્યાસમાં અગિયાર વર્ષની વયે પંચ પ્રતિક્રમણ - નવ સ્મરણ - ચાર પ્રકરણ કંઠસ્થ કર્યા હતા. વિ.સં. ૨૦૦૦ માં પૂ. પ્રવચન પ્રભાવક આ.ભ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા. સપરિવાર દર્ભાવતી તીર્થે ચાતુર્માસ પધાર્યા ત્યારે બાર વર્ષની વયે તેઓ પૂ. સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. ના પટ્ટાલંકાર પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. ના સંપર્કમાં આવ્યા. તેઓના સ્વરમાધુર્યથી અને અસ્ખલિત વાગ્ધારાથી આકર્ષાઈને ગુરુભગવંતો એ ચાતુર્માસના પ્રતિક્રમણમાં અજિત શાંતિ-અતિચાર તેઓ પાસે બોલાવતા. પૂ.યુગદિવાકરશ્રીનાં સતત સાન્નિધ્યથી તેઓ એ ચાતુર્માસમાં જ સંયમાભિલાષી બન્યા.

બાળવયનાં કારણે પરિવારની અનુમતિ ન મળતાં તેઓ દીક્ષા માટે કુલ સત્તર વાર ઘરેથી છૂપી રીતે ભાગી નીકળી પૂ. યુગદિવાકરશ્રી પાસે રહેવા ચાલ્યા ગયા. અંતે એમની દૃઢતા સામે ઝૂકીને પરિવારે ગુરુદેવનાં સાન્નિધ્યમાં માત્ર રહેવાની અનુમતિ આપી. લગભગ ચાર વર્ષની સંયમતાલિમ બાદ પણ દીક્ષા માટે રજા ન મળતાં પૂ. યુગદિવાકરશ્રીએ સ્વહસ્તે વિ.સં. ૨૦૦૪ ના ફાગણ શુદિ બીજે રાજકોટ નિકટના ત્રમ્બા ગામની બહાર તેઓને પ્રવ્રજ્યાપ્રદાન કર્યું. ઉપર ખુલ્લું આકાશ, નીચે મેશ્વો નદીનો ધવલ રેતીપટ અને ત્રણ શ્રમણ - એક શ્રાવકની ઉપસ્થિતિ : આ રીતે ખાનગીમાં દીક્ષા અંગીકાર કરી સેવંતીકુમારમાંથી અંતે પૂ. બાલમુનિ શ્રી સૂર્યોદયવિજયજી મ.સા. બન્યા. પૂજ્યશ્રીની વડીદીક્ષા દર્ભાવતીતીર્થે વિ.સં. ૨૦૦૫ માં મહોત્સવપૂર્વક થઈ. તેઓની દીક્ષાના ચાર માસ બાદ તેમના વડીલ ભગિની વસુમતી વીશ વર્ષની યુવા વયે વિ.સં. ૨૦૦૪ ના જેઠ શુદિ ત્રીજે દીક્ષા સ્વીકારી પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. બન્યા. સમયાંતરે એ વિદુષી તપસ્વિની સાધ્વીજી ૩૨ શિષ્યા-પ્રશિષ્યાના ગુરુણીપદે તથા પ્રવર્તિની પદે વિરાજિત થઈ પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના શ્રમણીગણનાયક બન્યા.

દીક્ષા બાદ બાલમુનિશ્રીએ જીવનશિલ્પી ગુરુદેવની નિશ્રામાં અભ્યાસ અને આરાધનાનો જાણે કે યજ્ઞ આરંભ્યો. માત્ર બે દિવસમાં પક્ખીસૂત્ર-દોઢ દિવસમાં ગુણસ્થાનક્રમારોહ-અનેક પ્રકરણો - ભાષ્યો - કર્મગ્રન્થો - કર્મપ્રકૃતિ આદિ ગ્રન્થોના સટીક અધ્યયન ઉપરાંત સંસ્કૃત વ્યાકરણ - સાહિત્ય - ન્યાયના ક્ષેત્રે નિષ્ણાત બન્યા. આ ત્રણેય વિષયમાં કલકત્તા યુનિવર્સિટીની કુલ નવે નવ પરીક્ષામાં First Class First ઉત્તીર્ણ થયેલ પૂજ્યશ્રીએ વિ.સં. ૨૦૧૨માં કાલિયાવાડીમાં પ્રતિદિન અઢાર-અઢાર કલાકના અભ્યાસ સાથે માત્ર ૪૭ દિવસમાં ૨૩ કઠિન સંસ્કૃત ગ્રન્થો તૈયાર કર્યા હતા. તેમણે અભ્યાસ કરેલ સંસ્કૃત ટીકાગ્રન્થોની નોંધોમાં અને તેમનાં પ્રવચનોમાં તેમની વ્યુત્પન્ન પ્રતિભા ઝળહળતી હતી. તેમનાં પ્રવચનોનો 'નવપદ ધરજો ધ્યાન' નામે ગ્રન્થ પણ પ્રકાશિત થયો છે. આજે જૈન સંઘમાં લાખોની સંખ્યામાં પ્રકાશિત થતાં બુક પદ્ધતિના જૈન પંચાંગ જૈન શ્રમણ સંઘમાં સર્વપ્રથમ પ્રારંભ કરવાનું શ્રેય પૂજ્યશ્રીને જાય છે. વિ.સં. ૨૦૧૭ થી સંખ્યાબંધ વર્ષો સુધી તેમના સંપાદનપૂર્વક પ્રતિવર્ષ લાખો પંચાંગ પ્રકાશિત થતાં હતાં, તો ૭૯ વર્ષની જૈફ વયે તેઓશ્રીએ પૂ. યુગદિવાકરશ્રીકૃત સંસ્કૃત નવતત્ત્વ સુમંગલાટીકાનો દશ હજાર શ્લોક પ્રમાણ ગુર્જર ભાવાનુવાદ તૈયાર કરી પ્રકાશિત કર્યો હતો.

તેઓશ્રીએ પૂ. યુગદિવાકરશ્રીના પંચમ કર્મગન્થ વિવેચન - ક્ષેત્રસમાસ વિવેચન - ષટત્રિંશિકાચતુષ્ક પ્રકરણ વિવેચન વગેરે તમામ ગ્રન્થોનું સંપાદન - નવસંસ્કરણ કર્યું છે. ઉપરાંત ૬૭૨ પેજના દલદાર 'યુગદિવાકર' મહાગ્રન્થનું તેઓશ્રીએ આલેખન કરાવ્યું છે. તેઓશ્રી તથા તેમના વિદ્વાન શિષ્યવૃંદે તેમના હયાતિકાળ (વિ.સં. ૨૦૭૧) સુધીમાં

સંસ્કૃત-ઈંગ્લીશ-ગુજરાતી મળી કુલ ૧૧૧ પુસ્તકો - ગ્રન્થો જૈન શાસનને ભેટ ધર્યા છે. તપનાં ક્ષેત્રે તેઓશ્રીએ લગભગ સર્વ આગમોના યોગોદ્વહન - કલ્યાણક તપ - ૨૪ તીર્થંકર તપ - વીશસ્થાનક - નવપદ ઓળી-જ્ઞાનપંચમી - પોષદશમી આદિ સાધના કરી છે.

પરોપકાર, નમ્રતા, કરુણા, ગાંભીર્ય, સંઘવાત્સલ્યાદિ ગુણોનાં નિધાન પૂજ્યશ્રીનો અસાધારણ ગુણ ગુરુસમર્પણનો હતો. પોતાના જીવનશિલ્પી પૂ. યુગદિવાકરશ્રીના અંતિમશ્વાસ પર્યંત સળંગ આડત્રીશ વર્ષ અખંડ સેવા કરીને આજીવન અંતેવાસી બનેલ પૂજ્યશ્રીએ પૂ. યુગદિવાકરશ્રીની તમામ શાસનપ્રભાવનાઓમાં અપ્રતિમ યોગદાન આપ્યું છે. તેમના આ સમર્પણથી રંજિત પૂ. યુગદિવાકરશ્રીએ સ્વયં વિ.સં. ૨૦૩૮ માં કહેલ કે ''સૂર્યોદયવિજયજીને હું ક્યાંય અલગ ચાતુર્માસ ન મોકલું. એ મારી સાથે જ જોઈએ. મારા કાર્યો સંભાળનાર એ જ છે.'' આ અનુપમ સમર્પણભાવથી તેઓ એવા ગુરુકૃપાપાત્ર બન્યા કે તેઓ શ્રુતસંપદા- શાસનપ્રભાવનાંપદા-શિષ્યસંપદાદિ સર્વ ક્ષેત્રે ટોચ કક્ષાની સફળતા વર્યા.

વિ.સં. ૨૦૩૭માં પૂ. યુગદિવાકરશ્રીના વરદ હસ્તે માગશર શુદિ પાંચમ તથા મહા વદિ બીજે ક્રમશઃ ગણિપદે તથા પંન્યાસપદે પ્રતિષ્ઠિત થયેલ પૂજ્યશ્રી વિ.સં. ૨૦૪૪ ના કાર્તિક વદિ પ્ર. સાતમે પૂ. સાહિત્યકલારત્ન આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા. ના શુભાશીર્વાદપૂર્વક પૂ. શતાવધાની આ.ભ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ. સા. ના શુભ હસ્તે આચાર્યપદે અલંકૃત થયા. દર્ભાવતીતીર્થના કોહીનૂર અને યુગદિવાકરસમુદાયના શાસનધુરીણ પૂજ્યશ્રીના વરદ હસ્તે ૮૦ પ્રતિષ્ઠાઓ - ૧૯ અંજનશલાકાઓ - ૮૪ જિનાલય + ઉપાશ્રયનિર્માણ - ૧૫ પદયાત્રા સંઘો - ૨૦ ઉપધાનતપ - ૩૬ દીક્ષામહોત્સવો - સ્વહસ્તે શિષ્યોને આચાર્ય / પંન્યાસ / ગણિપદ પ્રદાન - અનેક સંઘોમાં આયંબિલ ખાતા / પાઠશાળાદિ સ્થાપનારૂપે અવિરત શાસન પ્રભાવનાઓ સર્જાઈ. તેઓશ્રીની પ્રેરણાથી રૂા. ૩૮ ક્રોડના સદ્વ્યયથી નેશનલ હાઈવે પર મુંબઈની નિકટમાં શ્રી ધર્મધામ -નાગેશ્વરપાર્શ્વનાથતીર્થનું નિર્માણ પૂ. યુગદિવાકરશ્રીના પુણ્યસ્મારકરૂપે થયું છે, તો વિ.સં. ૨૦૬૦ માં ઘાટકોપર - જગડૂશાનગરના ત્રિમજલી ભવ્ય ઉવસગ્ગહર પાર્શ્વતીર્થની રક્ષા માટે તેઓશ્રીએ હિંમતભર્યું આંદોલન જગાવી ૬૦ હજાર જૈનોને એકત્ર કરી અદ્ભુત શાસનરક્ષા કરી હતી.

જન્મભૂમિ દર્ભાવતીતીર્થે જિનાલયોના જીર્ણોદ્ધાર, ઉપાશ્રયો - જૈન ભવન - ધર્મશાળા - ભોજનશાળા - નવપદ હાઈસ્કૂલનાં નિર્માણ, પાંજરાપોળ પુનરુદ્ધાર આદિ ૧૯ મહાન કાર્યો તેઓશ્રીએ રૂા. ૧૩ ક્રોડના સદ્વ્યયથી કરાવ્યા. આથી કૃતજ્ઞ શ્રી સંઘે તેઓશ્રીને વિ.સં. ૨૦૫૭ ના વિરાટ દીક્ષા - માળસમારોહમાં 'દર્ભાવતી તીર્થોદ્ધારક' બિરુદ સમર્પિત કર્યું. તેઓશ્રીએ વિ.સં. ૨૦૫૬ તથા વિ.સં. ૨૦૬૮માં દર્ભાવતીતીર્થે કુલ બે યશસ્વી ચાતુર્માસો કરી બે વાર ભવ્ય ઉપધાન તપ-દર્ભાવતી તીર્થથી શ્રી સિદ્ધગિરિરાજનો સર્વપ્રથમ ભવ્ય પચીસદિવસીય છ'રી પાલક મહાસંઘ-છ ભાઈઓ સહિત કુલ સાત મુમુક્ષુઓની દીક્ષા - અંજનશલાકા - પ્રતિષ્ઠા-પદપ્રદનાદિ ઐતિહાસિક શાસનપ્રભાવનાઓ કરાવી હતી. તેઓશ્રીના વરદ હસ્તે સર્જાતી અનેક સંઘોનાં શાસનકાર્યોની શૃંખલાનાં કારણે તેઓશ્રી પૂ. યુગદિવાકરશ્રીના ધર્મસામ્રાજ્યના યશસ્વી સંવાહક રૂપે પંકાયા, તો અનેક શ્રાવકોએ પૂજ્યશ્રી માટે આવા શબ્દો ઉચ્ચાર્યા છે કે :- ''અમને તો એમનામાં બીજા ધર્મસૂરીશ્વરજી દેખાય છે.''

તેઓશ્રી પુણ્યપ્રભાવની ચરમસીમા પર વિરાજમાન હતા ત્યારે વિ.સં. ૨૦૭૧ માં એક વહેલી પ્રભાતે રાત્રિપ્રતિક્રમણની ભરહેસરસજ્ઝાયના પાઠ દરમ્યાન તેઓશ્રીને 'બ્રેઈન સ્ટ્રોક' આવતાં સ્વાસ્થ્ય ગંભીરપણે નાદુરસ્ત થયું. તે પછીના સ્વલ્પ દિવસોમાં શ્રેષ્ઠ સારવાર-સતત આરાધનાસ્તોત્રશ્રવણ બાદ જેઠ વદિ ત્રીજે સાંજે તેઓશ્રીનો સમાધિમય કાલધર્મ થયો. જેઠ વદિ ચોથે મુંબઈ - અંધેરીથી ભાયંદર - બાવનજિનાલયતીર્થ સુધી સવા લાખની માનવમેદનીયુક્ત ૨૯કિ.મી. દીર્ઘ વિશ્વવિક્રમી સંપૂર્ણ પગપાળા પાલખીયાત્રા તેઓશ્રીની યોજાઈ અને પાંચ ક્રોડની ઊછામણી આદિ ઉપજ સાથે બાવનજિનાલયતીર્થ પરિસરમાં જ તેઓશ્રીનો અંતિમ સંસ્કાર થયો. તે પછી તેઓશ્રીના આયુષ્યના ૮૪ મા વર્ષ મુજબ ૮૪ સંઘોમાં કાલધર્મ નિમિત્તક મહોત્સવો, ૨૮ સ્થાનોમાં ગુરુમંદિર નિર્માણ, જીવનચરિત્ર ગ્રન્થ પ્રકાશન, પૂજ્યશ્રીની પુણ્યસ્મૃતિમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થથી નવ કિ.મી. આગળ હાઈવે ટચ ભવ્યાતિભવ્ય શ્રી ધર્મસૂર્યોદયધામ જીરાવલા પાર્શ્વનાથતીર્થ નિર્માણાદિ નિર્ણયો થયા. જૈન શાસનના મહાન પ્રભાવક દર્ભાવતીતીર્થના કોહીનૂર અને યુગદિવાકર સમુદાયના ચમકતા સૂર્ય સમા પૂજ્યશ્રીને અગણિત વન્દન...

(દર્ભાવતીતીર્થના પૂજ્યશ્રીના ભવ્યાતિભવ્ય ગુરુમંદિરના શિલાલેખમાંથી આ જીવનઝલક સંકલિત કરાઈ છે.)



પૂજ્યશ્રીના પરમ શ્રદ્ધાકેન્દ્ર પ્રશમરસનિમગ્ન અચિંત્યપ્રભાવસંપન્ન પ્રાચીન દર્ભાવતીતીર્થાધિનાયક

## શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

दर्भावतीमण्डलमण्डनं यो, निःशेषभूमीतलभूषणं यः।
स्वरूपसम्पत्तिनिकेतनं य,–स्तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्॥



પૂજ્યશ્રીના અદ્ભુત આસ્થાકેન્દ્ર લાખો ભાવિકોના હૈયાના હાર અમદાવાદ-મુંબઈ હાઈવેના સૌથી ઉત્તુંગ મૂલનાયક
ધર્મધામતીર્થાધિનાયક **શ્રી નાગેશ્વરપાર્શ્વનાથ ભગવાન**

श्रीधर्मधामवरतीर्थपतिं गुणाढ्यं, पार्श्वेश्वरं प्रवरनीलमणिप्रभाढ्यम्।
विश्वेश्वरं सकलमङ्गलगौरवाढ्यं, नागेश्वरं जिनवरं प्रणमामि नित्यम्।।

# સમુદાય શિરતાજ

## શાસનપ્રભાવક પૂજ્યપાદ

# આચાર્યભગવંતો



સિદ્ધાંતનિષ્ઠ પૂજ્યપાદ
આ.ભ.શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ.સા.



સમર્થ સંઘનાયક પૂજ્યપાદ
આ.ભ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.



પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ
આ.ભ.શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મ.સા.



સાહિત્યકલારત્ન પૂજ્યપાદ
આ.ભ.શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ.સા.



શતાવધાની પૂજ્યપાદ
આ.ભ.શ્રી વિજયજયાનન્દસૂરીશ્વરજી મ.સા.

विदलयति कुबोधं, बोधयत्यागमार्थम्,
सुगति – कुगतिमार्गौ, पुण्य – पापे व्यनक्ति ।
अवगमयति कृत्या – कृत्यभेदं गुरुर्यो,
भवजलनिधिपोत–स्तं विना नाऽस्ति कश्चित् ।।

– સિન્દૂરપ્રકર ગ્રંથ. શ્લોક-૧૪



પૂજ્યશ્રીના જીવનશિલ્પી દીક્ષા-શિક્ષાદાતા

મહાન શાસનજ્યોતિર્ધર શતાધિક જિનાલયપ્રણેતા

## પૂજ્યપાદ યુગદિવાકર
## આ.ભ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.

જેની વચનલબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા,
અદ્‌ભુત શાસનકાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;
બની સંઘમાં સૂરજ સમા જે 'યુગદિવાકર' પદ વર્યા,
તે ધર્મસૂરીશ્વર-ચરણમાં ભાવથી કરું વન્દના.

- શ્રી ધર્મસૂરીશ્વર સ્તુતિ અષ્ટક. ગાથા-૭



આ મહાગ્રન્થના અધિનાયક દર્ભાવતીતીર્થોદ્ધારક પરમ શાસનપ્રભાવક વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ

## પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.

ત્રણ ભુવનના વિસ્તારને મન્દાકિની જિમ સ્પર્શતી, તિમ જેમની મતિ શબ્દશાસ્ત્રતણાં રહસ્યો સ્પર્શતી;
વળી તર્ક-કાવ્યતણા મહાગ્રન્થોમહીં ઉલ્લાસતી, તે સૂર્યોદય ગુરુરાજને ભાવે કરું હું વન્દના.

- શ્રી સૂર્યોદયસૂરીશ્વર સ્તુતિ પંચક. ગાથા-૨

લીધી ભલે

# વિદાય...

પણ

અંતરમાં છો

# સદાય...



## સ...મ...ર્પ...ણ

* પૂજ્ય યુગદિવાકર ગુરુદેવશ્રીના શ્રેષ્ઠ સમર્પણયુક્ત આજીવન અંતેવાસી બનીને જેઓશ્રીએ ગુરુસમર્પણ અને ગુરુકુલવાસનો અજોડ આદર્શ આપ્યો છે...

* પ્રકાંડ પ્રજ્ઞાના પ્રતાપે જેઓશ્રીએ અનેક પ્રાકરણિક - કાર્મગ્રન્થિક - આગમિક ગ્રન્થોનું તેમજ ન્યાય-વ્યાકરણ-સાહિત્યના વિષયોનું મૂલાવગાહી અધ્યયન કરીને અભ્યાસનિષ્ઠાનો અદ્ભુત આદર્શ આપ્યો છે...

* પ્રખર પ્રતિભા અને પુરુષાર્થના પ્રભાવે જેઓશ્રીએ પંચમકર્મગ્રન્થવિવેચન-ક્ષેત્રસમાસવિવેચનાદિ અનેક ગ્રન્થોનાં સંપાદનો દ્વારા તેમજ ૭૯ વર્ષની જૈફ વયે સંસ્કૃત સુમંગલામહાટીકાના દશહજાર શ્લોકપ્રમાણ ગુર્જર ભાવાનુવાદ દ્વારા અપ્રમત્ત શ્રુતસાધનાનો અનુપમ આદર્શ આપ્યો છે...

* પ્રૌઢપુણ્યપ્રભાવનાં કારણે દર્ભાવતીતીર્થોદ્ધાર - જગડૂશામહાજિનાલયરક્ષા - ધર્મધામતીર્થસ્થાપના અને અનેકાનેક ૮૨ જિનાલય-ઉપાશ્રયાદિ નિર્માણ દ્વારા જેઓશ્રીએ શાસનસેવા-સંઘવાત્સલ્યનો સ્પૃહણીય આદર્શ આપ્યો છે...

* સરલતા - ગંભીરતા - પ્રસન્નતા - ઉદારતા - વિશાલતા - સમતા - આરાધકતા - આત્મરમણતાદિ આંતર પરિણતિવૈભવ દ્વારા જેઓશ્રીએ પરિણતિવિકાસનો પરમ આદર્શ આપ્યો છે...

અને...

* મારા અસ્તિત્વના અણુ-અણુ પર - જીવનની પ્રત્યેક ક્ષણ પર - પ્રત્યેક શ્વાસ પર જેમના અવર્ણનીય - અપ્રત્યુપકાર્ય અનંત અનંત ઉપકારો છે...

તે પૂજ્યપ્રવર પરમતારક પરમોપકારી પરમશાસનપ્રભાવક ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની પુણ્યસ્મૃતિને અંતરના અનંત અહોભાવપૂર્વક સવિનય - સબહુમાન - સાદર સમર્પણ...

-ચરણોપાસક શિશુ વિજયરાજરત્નસૂરિ.

# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ પરમોપકારી ગુરુદેવ
આ.ભ.શ્રી વિજય
સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની
ગુરુઋણસ્મૃત્યર્થે
આ ગ્રન્થ માટે
વિવિધ ગુરુભક્ત પુણ્યવાનો તરફથી
તેમજ
શ્રી શ્વે.મૂ.જૈન સંઘ - અંધેરી (પૂર્વ)
મુંબઈના જ્ઞાનદ્રવ્યમાંથી
ઉદાર લાભ લેવાયો છે.
પુણ્યવાન દાતાઓને ધન્યવાદ
સાથે
હાર્દિક અનુમોદન...

-પ્રકાશક

# તસવીર અને તાસીર

પૂજ્યશ્રીની વિવિધ અવસ્થાની

## સાત તસવીરો

અને તેના પર

## હૃદયનાં સંવેદન

(પેજ નં. 14 થી 27)

# 'સૂર્યોદય' નો પ્રારંભકાળ :
# દર્શનીય પણ અને વંદનીય પણ ...

લૌકિક વિશ્વમાં 'સૂર્યોદય'નો પ્રારંભકાળ દર્શનીય હોય છે, તો સૂર્યનમસ્કારાદિરૂપે વંદનીય પણ હોય છે.
બસ, એ જ રીતે ગુરુદેવશ્રી !
આપનાં પ્રારંભિક જીવનની ક્ષણો દર્શનીય પણ હતી અને વંદનીય પણ હતી.
પિતાશ્રી ચીમનભાઈ અને માતા મણિબેનનાં કાળજીભર્યાં સંસ્કરણથી
આપનાં ગૃહસ્થજીવનનું શૈશવ પ્રભુપૂજા-પાઠશાળાથી લઈને પૌષધ સુધી ઓતપ્રોત હતું.
એટલે જ ચોસઠ પ્રહરી પૌષધમાં આપના સુમધુર કંઠેથી 'અજિતશાંતિ' સાંભળીને
પૂ. પ્રવચનપ્રભાવક આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા. જેવા મહાપુરુષ પ્રસન્ન થઈ ગયા હતા....
તો પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી જેવી વિરલ વિભૂતિના સંગે
આપનાં સંયમજીવનનું શૈશવ દર્શન-જ્ઞાન-ચારિત્રથી ઓતપ્રોત હતું.
એટલે જ આપે મુમુક્ષુપણામાં કચ્છના અને ઉત્તર ગુજરાતના શતાધિક તીર્થોની પદયાત્રા કરી હતી
અને દીક્ષા બાદ તુર્ત બે દિવસમાં પક્ખીસૂત્ર ને દોઢ દિવસમાં ગુણસ્થાનક્રમારોહ કંઠસ્થ કર્યા હતા.
અરે !! શ્રવણમાત્રથી આપને પંચકલ્યાણકાદિ પૂજાઓ કંઠસ્થ થઈ ગઈ હતી,
તો વિહાર સમયે આપે ભાષ્યસહિત તત્ત્વાર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.
અને ... આપની પ્રશસ્ય આરાધના ??
એને નિહાળીને અન્ય સમુદાયવર્તી ગુરુવર્યોએ પૂ. યુગદિવાકરશ્રીને કહેલ કે :-
"આ બાળક ભાવિમાં આપની પાટ દીપાવશે ..."
ગુરુદેવ ! આપના જીવનનો દર્શનીય - વંદનીય પ્રારંભકાળ
અમને એ મહેસૂસ કરાવે છે કે :-
જીવન જીના એક કલા है.. आपका जीवन उनकी पाठशाला है ।










# ‘સૂર્યોદય’

## નો પ્રારંભ કાળ:
## દર્શનીય પણ અને
## વંદનીય પણ ...



# 'સૂર્યોદય' નાં જ્ઞાનકિરણ : તેજસ્વી પણ અને તમોપહારી પણ ...

લૌકિક વિશ્વનો સૂર્ય
એનાં કિરણોથી તેજ ફેલાવનાર બને છે, તો સૃષ્ટિનો અંધકાર પણ દૂર કરે છે.
બસ , એ જ રીતે પૂ. ગુરુદેવશ્રી !
આપ પણ જ્ઞાનકિરણોથી તેજ ફેલાવનાર હતા અને કૈંકનો અજ્ઞાનાંધકાર હરનાર પણ હતા.
તસવીરમાં નિહાળાતી આપની તન્મય મનઃસૃષ્ટિ અને પ્રતમાં દૃષ્ટિ
આપની જ્ઞાનયોગની રમણતાની સૂચક છે.
આ જ્ઞાનયોગરમણતાથી જ આપ
''ઈન્દ્રિય+પુદ્ગલના સંયોગરૂપ વ્યંજનાવગ્રહનાં જ્ઞાનથી પૂર્વે
સામાન્યોપયોગરૂપ દર્શન કઈ રીતે ઘટાવી શકાય ?''
આવા કલ્પનાબેનના કાર્મગ્રન્થિક પ્રશ્નનું પ્રતીતિજનક સમાધાન આપી શક્યા હતા,
તો વિદ્વાન આ. શ્રી વિજયઉદયપ્રભસૂરિજી મ. ના
'તત્ત્વાર્થ - સિદ્ધસેનીય ટીકા' સંબંધી પ્રશ્નોનું સરસ નિરાકરણ કરી શક્યા હતા.
પૂજ્યશ્રી !
૭૯ વર્ષની વયે આપે કરેલ 'નવતત્ત્વ-સુમંગલાટીકા'ના
દશ હજાર શ્લોકપ્રમાણ ભાવાનુવાદમાં આપનાં જ્ઞાનકિરણોનો ઝળહળાટ નિહાળીને
પૂ. વિપુલ સાહિત્યસર્જક આ. શ્રી રત્નસુંદરસૂરિજી મહારાજે આપને લખ્યું કે :-
''આ સંસ્કૃત ટીકાનો ભાવાનુવાદ વિશદ પદાર્થબોધ -નિર્મલ પ્રજ્ઞા અને મસ્ત ક્ષયોપશમ વિના સંભવિત નથી.
આપશ્રીએ એ વંદનીય મૂડીના સહારે આ ભાવાનુવાદ શ્રી સંઘના ચરણે ધરી શ્રી સંઘ પર ખૂબ ખૂબ ઉપકાર કર્યો છે. ''
બસ એટલું જ કહીશું ઝળહળતા જ્ઞાનપુંજ સમા આપશ્રી માટે કે :-
સૂની સિતારને આપે રાગ આપ્યો છે, વેરાન જીવનને આપે બાગ આપ્યો છે ;
ઉપકાર તમારો શે ભૂલું ગુરુવર, આપે અમને સન્માર્ગ આપ્યો છે.

# 'સૂર્યોદય' નાં જ્ઞાનકિરણ :

## તેજસ્વી પણ અને તમોપહારી પણ ...



# 'સૂર્યોદય' નો તેજઅંબાર :
## આકર્ષક પણ અને આહ્લાદક પણ ...

લૌકિક વિશ્વના સૂર્યનો તેજઅંબાર જબરજસ્ત ભલે હોય,
પરંતુ આકર્ષક ને આહ્લાદક હોય જ એવું નિશ્ચિત નથી.
એ ફક્ત ઉદય અને અસ્ત સમયે જ આકર્ષક ને આહ્લાદક હોય છે.
પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી !
આપનો તેજઅંબાર સાતત્યપૂર્વક આકર્ષક ને આહ્લાદક રહ્યો છે.
શું શૈશવ કે શું યૌવન, શું પ્રૌઢાવસ્થા કે શું વૃદ્ધાવસ્થા :
હરેક અવસ્થામાં આપનું તેજોમય અસ્તિત્વ આકર્ષક ને આહ્લાદક રહ્યું છે.
યૌવનની મઝધાર સમયની આ તસવીર નિહાળતા
અમને સ્પંદન જાગે છે કે કેવી આકર્ષક અને કેવી આહ્લાદક છે એ !!
આ તસવીરમાંની આપની આંખોમાં એક તરફ છલકે છે સ્વપ્નિલતા
કે જે પૂ. યુગદિવાકરશ્રની અજોડ સમર્પિત સેવાના સ્વપ્નો ગૂંથે છે,
તો એ આંખોમાં બીજી તરફ છલકે છે પર્વત શી દૃઢ નિશ્ચયાત્મકતા
કે જે પૂ. યુગદિવાકરશ્રીનાં શાસનકાર્યોમાં આવતાં
ભયાનક અવરોધોને ય ફગાવવાનું સામર્થ્ય ધરાવે છે;
આપની આ તસવીરમાં વિશાલ ભાલ પર ચમકે છે દિવ્ય તેજ
કે જે પ્રત્યેક શાસનકાર્યમાં સફળતા સૂચિત કરે છે.
પૂજ્યશ્રી !
આપની આ આકર્ષક અને આહ્લાદક .. પ્રતાપી અને પ્રભાવી
તસવીરનાં દર્શને ઉરમાંથી ઉદ્ગાર સરી જાય છે કે :-

**આપની તસવીર નિહાળતા અમને હાશ થાય છે...**
**હવે અમને અહીં જ આપનો આભાસ થાય છે...**



# ‘સૂર્યોદય’નો તેજઅંબાર :

## આકર્ષક પણ અને આહ્લાદક પણ ...

# 'સૂર્યોદય' નાં વચનકિરણ :
## પ્રકાશક પણ અને પ્રભાવક પણ ...

લૌકિક વિશ્વનો સૂર્ય
માત્ર વસ્તુઓનું પ્રકાશન કરી શકે, તત્ત્વજ્ઞાનનું નહિ.
પરંતુ પૂજ્યશ્રી !
આપનાં વચનકિરણો તો તત્ત્વનું પ્રકાશન કરવાની કમાલ ધરાવતા હતા.
ઘાટકોપરમાં રાત્રિપ્રવચનની એક જ ક્ષણ પૂર્વે જણાવાયેલ
'किं तत्तं?' વિષય પર આપે સતત એક કલાકથી અધિક સમય ફેલાવેલ
વચનકિરણોએ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનાં સિદ્ધાંતોનું મસ્ત પ્રકાશન કર્યું હતું,
તો ભાયંદરમાં એકાએક કરાયેલ ૐકાર સ્વરૂપપૃચ્છામાં
આપે તલસ્પર્શીરૂપે ૐકારનાં સ્વરૂપનું તાત્ત્વિક પ્રકાશન કર્યું હતું.
અને ... હા !
આપનાં વચનકિરણો માત્ર પ્રકાશક નહિ, પ્રભાવક પણ હતા.
એથી જ આપની પ્રભાવક વચનાવલિ દ્વારા
દર્ભાવતીતીર્થોદ્ધાર અને ધર્મધામ - નાગેશ્વરપાર્શ્વતીર્થ નિર્માણ ...
ગોડીજી પાર્શ્વતીર્થ (વડોદરા) ઉદ્ધાર અને જગડૂશામહાજિનાલયરક્ષા ...
૮૪ જિનાલય + ઉપાશ્રય નિર્માણ અને અનેકવિધ સંઘ-શાસન કાર્યોની
અદ્ભુત પરંપરા સર્જાઈ છે.
પૂજ્ય ગુરુદેવશ્રી !
એ જ કહેવાનું મન થઈ જાય છે આપના માટે કે :-

संत वह विद्यालय है, जहाँ आनेवाले कुछ न कुछ पाता है ।
उनके प्रवचन से व्यक्तिका, इहलोक क्या? परलोक भी सुधर जाता है ।।



# 'સૂર્યોદય'નાં વચનકિરણ : પ્રકાશક પણ અને પ્રભાવક પણ ...

# 'સૂર્યોદય' નો મધ્યાહ્ન : દિવ્ય પણ અને ભવ્ય પણ ...

લૌકિક વિશ્વનાં સૂર્યનું દર્શન
મધ્યાહ્ને તો સંતાપદાયી હોય, દિવ્ય અને ભવ્ય નહિ,
પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી !
જીવનનાં મધ્યાહ્ને ય આપનું દર્શન દિવ્ય અને ભવ્ય જ હતું , સંતાપદાયી નહિ.
આપની કરબદ્ધ તસવીરમાંની મુખાકૃતિમાં ઝળકે છે પ્રશાંત ગાંભીર્ય.
એવું ગાંભીર્ય કે જે પંચસૂત્રનાં पसंतगंभीरासया વિશેષણનું સાકાર રૂપ હોય.
આપના આ સાગર શા ગાંભીર્યથી પ્રભાવિત થઈ
પૂ. શાસનપ્રભાવક આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજે આપને અનુલક્ષી
આ મસ્ત મજાનું નવું છાયાસૂત્ર આપ્યું છે કે :-
''गाम्भीर्यप्रतिष्ठायां तत्सन्निधौ तुच्छत्वत्याग :''
અને ... પ્રસન્નતા ??
મુક્ત હાસ્ય વેરતી આપની આ તસવીરમાં જે પ્રસન્નતા ઝળહળે છે
એથી ય અધિક પ્રસન્નતા અને નિખાલસ હાસ્ય આપનાં દરેક વ્યવહારમાં પ્રગટતું હતું....
આપના એ પ્રસન્ન નિખાલસ હાસ્યથી પ્રભાવિત કલ્પેશ શાહ નામે યુવાને
વડોદરામાં જણાવ્યું હતું કે
''આવું નિખાલસ હાસ્ય શાયદ મારાં જીવનમાં મેં સર્વપ્રથમ જોયું છે,
મારું વાંચન કહે છે કે આવું નિખાલસ હાસ્ય વ્યક્તિની ઉત્તમ આંતરિક વિભૂતિમત્તાનું દ્યોતક છે !!''
ગાંભીર્ય અને પ્રસન્નતાની બેજોડ
જુગલબંદી ધરાવતા પૂજ્યશ્રી !
આપના માટે યાદ આવી જાય છે
આ પંક્તિ કે :-

**ચોપાસ ગુલાબ જેવી સુવાસ છે...**
**નક્કી અહીં જ આપનો વાસ છે ...**



# ‘સૂર્યોદય’નો મધ્યાહ્ન :
## દિવ્ય પણ અને
## ભવ્ય પણ ...



# 'સૂર્યોદય'નાં ભક્તિકિરણ : સ્પૃહણીય પણ અને નમસ્કરણીય પણ ...

લૌકિક વિશ્વનાં સૂર્યકિરણો
માત્ર બે જ વાર સમાન લાલિમા ધરાવે છે : ઉદય અને અસ્ત સમયે.
પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી !
આપનાં જીવનમાં તો હરેક તબક્કે ભક્તિની લાલિમા સમાનપણે વિલસતી હતી.
શૈશવમાં એ લાલિમા શ્રી લોઢણપાર્શ્વપ્રભુની ભક્તિરૂપે ઝગમગતી હતી,
તો યુવાનીમાં એ શત્રુંજયગિરિરાજની યાત્રાની પ્રતિજ્ઞારૂપે ઝળહળતી હતી;
પ્રૌઢાવસ્થામાં એ ગોડીજીદાદાની સ્પર્શનારૂપે ઝળહળતી હતી,
તો વૃદ્ધાવસ્થામાં શ્રી નાગેશ્વરપાર્શ્વપ્રભુની ઉપાસનારૂપે ઝળહળતી હતી.
તન્મય ભક્તિનાં જીવંત ઉદાહરણ સમી આપશ્રીની આ તસવીર છે
વડોદરાથી શત્રુંજય મહાતીર્થના પદયાત્રાસંઘના પ્રયાણદિનની.
इलिका भ्रमरीध्यानाद्, भ्रमरीत्वं यथाश्नुते ।
तथा ध्यायन् परात्मानं, परमात्मत्वमाप्नुयात् ।।
આ શ્લોકકેન્દ્રિત ભક્તિપ્રવચનોના ઉદ્‌ગાતા આપની આ તસવીર એ જ સૂચિત કરે છે કે
''તદાકાર ભક્તિ નિરાકાર સ્વરૂપની પ્રાપ્તિનું મહાન સાધન છે.''
પૂજ્યશ્રી !! આપની તસવીરની પૃષ્ઠભૂમાં રહેલ અષ્ટાપદગિરિરાજ
જાણે કે આપની ભકિત અષ્ટકર્મમુક્તિના લક્ષ્યની હોવાનો દ્યોતક છે.
આપની તન્મય ભક્તિને નમન કરતાં એ જ કહીશું કે : -
अपनी उच्च शैली से, आपने हमें जीना शिखाया ।
आपने ही भवसागर को, हमें यूँ तीरना शिखाया ।।

# ‘સૂર્યોદય’નાં ભક્તિકિરણ :

## સ્પૃહણીય પણ
## અને
## નમસ્કરણીય પણ ...



# ‘સૂર્યોદય’નો સૂર્યાસ્ત :

## કાલિમાથી દૂર પણ અને લાલિમાથી ભરપૂર પણ ...

લૌકિક વિશ્વમાં
સૂર્યાસ્ત પછી લાલિમા થોડી જ ક્ષણો હોય છે,
ને ત્યાર બાદ કાલિમા ભરપૂર છવાઈ જતી હોય છે.
પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી!
જીવનના સૂર્યાસ્ત પછી ય આપની અનુપમ વિશિષ્ટતા એ રહી છે કે
પુણ્યપ્રભાવની-લોકપ્રિયતાની લાલિમા અદ્યાવધિ અદ્ભુત છવાઈ રહી છે
અને વિસ્મૃતિની-ગુમનામીની કાલિમા દૂર-સુદૂર જ રહી છે.
એટલે જ
આપની ૨૯ કિ.મી.ની સુદીર્ઘ પગપાળા અંતિમયાત્રામાં
સવા લાખથી વધુ મેદની ઉમટી,
તો આપની વચને અનુરૂપ ૮૪ સંઘોમાં
આપની સ્મૃતિમાં ભક્તિમહોત્સવ યોજાયા;
ત્રણ વર્ષના અત્યલ્પ સમયમાં ૨૮ સ્થળે ગુરુમંદિરોનાં નિર્માણ થયા,
તો સાવ અનાયાસે જ **ધર્મ-સૂર્યોદયધામ શ્રી જીરાવલાપાર્શ્વતીર્થ**નો નિર્ણય થયો.
આ સર્વ ઝળહળાટ છે આપના પુણ્યપ્રભાવની લાલિમાનો.
આપની આ પુણ્યાઈની લાલિમાથી પ્રભાવિત થઈને જ
ભાયખલાતીર્થની ગુણાનુવાદ સભામાં
પૂ. પ્રખર પ્રવચનકાર આ.ભ. શ્રી રત્નસુંદરસૂરિજી મહારાજે
આ યાદગાર શબ્દો ઉચ્ચાર્યા કે :-
**“ધૂઆંધાર Batsman ત્રેવડી સદી ફટકારીને ‘Out’ થાય ત્યારે સમગ્ર સ્ટેડિયમ
એને Standing Ovation તેમજ તાળીઓના ગડગડાટ સાથે વિદાય આપે.
પૂ.આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની કારકીર્દિ ત્રેવડી સદી કરનાર Batsman જેવી હતી.
એથી જ એમને ૨૯ કિ.મી. દીર્ઘ ભવ્ય પાલખીયાત્રા વગેરે અદ્ભુત માન-સન્માન સાંપડ્યા...”**
પૂજ્ય ગુરુદેવશ્રી !
આપના વિરલ પુણ્યપ્રભાવની આ લાલિમા નિહાળતા ઉરમાંથી સૂર સરી જાય છે કેઃ-
जैसे गगनांगणमें चमके, सूरज – चांद – सितारे ।
वैसे जिनशासनमें चमके, सूर्योदयसूरिजी गुरुवर हमारे ।।


'સૂર્યોદય' નો સૂર્યાસ્ત :
કાલિમાથી દૂર પણ અને લાલિમાથી ભરપૂર પણ ...

## ભાઈ-બેનની જુગલ જોડી : એક જ ડાળના બે પંખી સમી
## એક જ પરિવારની બે વિરલ વિભૂતિ



દર્ભાવતીતીર્થના કોહીનૂર...સંઘ-શાસનના ચમકતા સિતારા...શાસનધુરીણ

**પૂ. આચાર્ય પ્રવર શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**



પરમતપસ્વિની પરમવિદુષી પૂ. યુગદિવાકરશ્રીના શ્રમણીગણાધિનાયિકા

**પૂ. પ્રવર્તિની સાધ્વી પ્રવરા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.**

# કેમેરાની આંખે...

પૂજ્યશ્રીની પ્રૌઢપ્રભાવશાલિતાના
પરિચાયક પ્રભાવક પ્રસંગોનું

## દિલભર દર્શન

(પેજ નં. 30 થી 43 )

# શાસન પ્રભાવનાનો



## પૂજ્યશ્રીની પ્રેરણાથી થયેલ નિર્માણ પૈકી કેટલાક



શ્રી જીરાવલા પાર્શ્વનાથ
જિનાલય - ભાયંદર



શ્રી મહાવીર સ્વામી
જિનાલય - વડોદરા



શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ
ધર્મધામ તીર્થ - જખવાડા



શ્રી આદિનાથ જિનાલય
વાલકેશ્વર




શ્રી સંભવનાથ જિનાલય
બોરીવલી



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ રથમંદિર
ભાઈંદર



શ્રી શાંતિનાથ જિનાલય
ઠાકુરદ્વાર-મુંબઈ



શ્રી નેમિનાથ જિનાલય
વડાસણ



શ્રી અજિતનાથ જિનાલય- મહુધા

# ‘સૂર્યોદય’:

એકેકથી ચડિયાતાં આવાં દેવવિમાન સમા
જિનાલયોમાં ભવસાગરનિસ્તારક નયનરમ્ય
પ્રભુપ્રતિમાઓનું પ્રણિધાનપૂર્વકનું
અંજન-પ્રતિષ્ઠાવિધાન કરતાં પૂજ્યશ્રી જાણે
આ ભાવનાભાવિત હતા કેઃ-

**મુજ હૃદયના ધબકારમાં તારું રટણ ચાલી રહો,**
**મુજ શ્વાસ ને ઉચ્છ્વાસમાં તારું સ્મરણ ચાલી રહો;**
**મુજ નેત્રની હર પાલકમાં તારું જ તેજ રમી રહો,**
**મુજ જિંદગીની હરપળોમાં પ્રાણ તું જ બની રહો...**

## ૮૪ જિનાલય-ઉપાશ્રય ભવ્ય જિનાલયોની ઝલક



શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલય - વડોદરા



શ્રી ઉવસગ્ગહર પાર્શ્વનાથ જિનાલય જગડુશાનગર-ઘાટકોપર



શ્રી કેસરિયા આદિનાથ જિનાલય કાંદિવલી



શ્રી સુમતિનાથ જિનાલય પાર્લા



શ્રી સંભવનાથ જિનાલય વિક્રોલી



શ્રી સીમંધરસ્વામી જિનાલય આંબેસરી



શ્રી નમિનાથ જિનાલય-કારવણ



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય કાંદિવલી-ઈસ્ટ



શ્રી સંભવનાથ જિનાલય અંબાડીરોડ-વસઈ



શ્રી સંભવનાથ જિનાલય સ્ટેશન રોડ-વસઈ

## શાસન સેવા - સંઘવાત્સલ્યનો 'સૂર્યોદય':
## પૂજ્યશ્રીની પ્રેરણાથી થયેલ ૮૪ જિનાલય-ઉપાશ્રય નિર્માણ પૈકી કેટલાક ભવ્ય ઉપાશ્રયની ઝલક



'ધર્મ' આરાધના ભવન - જખવાડા



ધર્મવિહાર - થુવાવી



શ્રાવિક ઉપાશ્રય - પાનોલી





ધર્મવિહાર - સાંઘાણી એસ્ટેટ
ઘાટકોપર



શ્રાવિકા ઉપાશ્રય - પાનોલી



પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી આરાધના ભવન - માંજલપુર-વડોદરા




'ધર્મ' આરાધના ભવન
ભાયંદર




શ્રી ધર્મ આરાધના ભવન
શ્રાવિકા ઉપાશ્રય - ભાયંદર



શ્રાવિકા ઉપાશ્રય
બાબાજીપુરા-વડોદરા




શ્રી ધર્મ આરાધના ભવન
કાંદિવલી-પૂર્વ



શાસનના તમામ અંગોને પુષ્ટિ આપવા માટે મુખ્ય ધર્મકેન્દ્રની ભૂમિકા અદા કરતા રાજમહેલ શા
આ વિવિધ ઉપાશ્રયોના નિર્માણ માટે સંઘને – ઉદારદિલ ભાવિકોને અમોઘ ઉપદેશ લબ્ધિથી
પ્રેરણા આપતા પૂજ્યશ્રીનાં હૈયે જાણે આ ભાવો વિલસતા હતા કે :–

શાસન વસ્યું તારું મને પ્રત્યેક શ્વાસોશ્વાસમાં, શાસન થકી જ તરીશ હું જીવું છું એ વિશ્વાસમાં,
જ્યાં લગી સૂર્યો અને ચન્દ્રો રહે આકાશમાં, જયવંતું નિત્ય પ્રવર્તજો એ મુજ હૃદયઆકાશમાં.

આલિશાન યશોવાટિકા-ડભોઈ



પૂ.મહો.શ્રી યશોવિજયજી જૈન ઉપાશ્રય-ડભોઈ



પૂ.આ.શ્રી મુનિચન્દ્રસૂરિજી મ. જૈન પાઠશાળા ભવન-ડભોઈ



# જન્મભૂમિ દર્ભાવતી તીર્થોદ્ધારનો 'સૂર્યોદય':

## પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે સર્જાયેલ દર્ભાવતી તીર્થોદ્ધારની ઝલકો

શ્રી નવપદ હાઈસ્કૂલ ભવન-ડભોઈ



પુનરુદ્ધૃત પાંજરાપોળ-ડભોઈ



જીર્ણોદ્ધૃત શ્રી લોઢણપાર્શ્વનાથ સંકુલ-ડભોઈ



# જન્મભૂમિ દર્ભાવતી તીર્થોદ્ધારનો 'સૂર્યોદય':

## પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે સર્જાયેલ દર્ભાવતી તીર્થોદ્ધારની ઝલકો



જીર્ણોદ્ધૃત નૂતન ધર્મશાળા-ડભોઈ



જૈન ભવન-ડભોઈ

જે પુણ્યવંતી-ભાગ્યવંતી ભૂમિએ પૂજ્યશ્રીને અક્ષરજ્ઞાન-વ્યવહારજ્ઞાન-ધર્મજ્ઞાન-સંસ્કરણ અને સંયમનાં દાન કર્યા હતા એ દિવ્યધામ દર્ભાવતીતીર્થના આ ઉદ્ધાર કાર્યો કરતાં પૂજ્યશ્રીનાં અંતરમાં દર્ભાવતી તીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વપ્રભુ માટે આ સંવેદનાઓ-સ્પંદનો છલકતા હતાં કે :-

**જેનાં નયનમાં છલકતો કરુણાતણો અમૃતઝરો, જેનાં વદન પર છલકતો સમતાતણો અમૃતઝરો;**
**ને મૂર્તિમાંહી છલકતો પ્રભુતાતણો અમૃતઝરો, તે પાર્શ્વપ્રભુ લોઢણતણાં પદકમલમાં પ્રેમે નમું...**



પ્રાચીન શાંતિનાથ જિનાલય-ડભોઈ

નૂતન શાંતિનાથ જિનાલય-ડભોઈ





આદિનાથ જિનાલય યશોવાટિકા-ડભોઈ

# સમર્પણશીલતાનો 'સૂર્યોદય':

## પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવની પુણ્યસ્મૃતિમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની ઝલક

હજારો પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતો તથા લાખો ભાવિકો જ્યાં યાત્રાર્થે પધારે છે અને જેની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં થઈ છે તે શ્રી ધર્મધામતીર્થના અધિનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વપ્રભુનાં દર્શન-સ્મરણ-ધ્યાનમાં પૂજ્યશ્રી જાણે આ સ્પંદનો અનુભવતા હતા કેઃ-

**જોવા સરીખું રૂપ તારું વિશ્વમાંહિ અનન્ય છે, લેવા સરીખું નામ તારું એક ના કો'અન્ય છે;**
**તારાં સ્વરૂપમાં લીન થાઉં એક એ મુજ માન્ય છે, રહેતા સદા તુજ ધ્યાનમાં જીવન આ મારું ધન્ય છે.**



શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ મહાજિનાલય



પૂ. યુગદિવાકરશ્રીનું ગુરુમંદિર



શ્રી અધિષ્ઠાયક મંદિર


તીર્થનું ભવ્ય પ્રવેશદ્વાર


ભવ્ય શ્રાવિકા ઉપાશ્રય

# સમર્પણશીલતાનો 'સૂર્યોદય':

**પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવની પુણ્યસ્મૃતિમાં**
**પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત**
**શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની ઝલક**


ભવ્ય શ્રાવક ઉપાશ્રય


આલિશાન ધર્મશાળા


ભવ્ય જૈન ભવન-ભોજનાલય


ભવ્ય જ્ઞાનમંદિર તથા કાર્યાલય













## શ્રુતસાધનાનો 'સૂર્યોદય': પૂજ્યશ્રી દ્વારા સંપાદિત-અનુવાદિત-પ્રેરિત મહાગ્રન્થોની તથા પ્રવચનગ્રન્થની ઝલક

શાસ્ત્રગ્રન્થોનાં સંપાદનમાં-અનુવાદમાં કે જિનોક્ત તત્ત્વોનાં પ્રવચનમાં મસ્ત પૂજ્યશ્રી
એ શ્રુતસાધના સમયે જાણે આ પરિણતિથી વ્યાપ્ત હતા કે :-

શ્રદ્ધા વધે છે જ્ઞાનથી વિકસે પરિણતિ જ્ઞાનથી, વૈરાગ્ય વિલસે જ્ઞાનથી છલકાય વિરતિ જ્ઞાનથી;
શાંતિ સમાધિ સન્મતિ સર્જાય સદ્‌ગતિ જ્ઞાનથી, જિનકથિત સમ્યગ્જ્ઞાનને મુજ વંદના મુજ વંદના
















'ધર્મ' ધારા


સુમંગલામહાટીકાસમલંકૃત
શ્રી નવતત્ત્વ પ્રકરણ
જીવ
અજીવ
પુણ્ય
પાપ
આશ્રવ
સંવર
નિર્જરા
બંધ
મોક્ષ


યુગદિવાકર


શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ - વંદિત્તુ સૂત્ર


પાનું ફરે સોનું ઝરે
૧૦૦


અક્ષર


'ધર્મ' સ્વાધ્યાય


હસ્તાક્ષર


'ધર્મ' સિન્ધુ


૩૬


'ધર્મ' સેતુ


નવપદ ધરજો ધ્યાન

## સંયમ પ્રદાનનો 'સૂર્યોદય':

**પૂજ્યશ્રીના વરદ હસ્તે થયેલ ૩૬ દીક્ષા મહોત્સવોમાં મુમુક્ષુઓને કરાયેલ પ્રવ્રજ્યાપ્રદાન પૈકી કેટલીક ઝલક**



પૂજ્યશ્રી દ્વારા પૂ. બાલમુનિ શ્રી રાજરત્નવિજયજી મ.ને વાસક્ષેપદાન





પૂજ્યશ્રી દ્વારા પૂ. મુમુક્ષુ ચિંતનકુમારને રજોહરણદાન



પૂજ્યશ્રી દ્વારા પૂ. મુમુક્ષુ અંકિતકુમારને રજોહરણદાન



પૂજ્યશ્રી દ્વારા પૂ. મુમુક્ષુ ભાવિનકુમારને રજોહરણદાન



પૂજ્યશ્રી દ્વારા મુમુક્ષુ કલ્પેન તથા જિમીતને દીક્ષાપ્રદાન

અનેક મુમુક્ષુ પુણ્યાત્માઓને
રજોહરણ પ્રદાન કરવાની ક્ષણે
પૂજ્યશ્રી જાણે સ્વયં આ ભાવોથી
છલકાતા હતા કે :-

**જે માર્ગ પર આરૂઢ થઇ તીર્થંકરો પર ચાલતા,**
**જે માર્ગને સુરલોકના દેવો સદાયે ઝંખતા;**
**જે માર્ગને ગ્રહીને અનંતા જીવ સિદ્ધિ પામતા,**
**એ પરમ સંયમ ધર્મને હોજો સદા મુજ વન્દના**





પૂજ્યશ્રી દ્વારા મુમુક્ષુ મફતકાકાને રજોહરણદાન



પૂજ્યશ્રી દ્વારા પૂ. મુનિ શ્રી પ્રશમરત્નવિજયજી મ.ને વાસક્ષેપદાન



પૂજ્યશ્રી દ્વારા બાલમુમુક્ષુ અંકુરકુમારને રજોહરણદાન





પૂ. ધર્મ સૂ. મ. તથા પૂજ્યશ્રી દ્વારા મુમુક્ષુ કુ. વીરબાળાને રજોહરણદાન

# શિષ્ય-પ્રશિષ્ય સંપદાનો 'સૂર્યોદય': પૂજ્યશ્રીના આરાધક -પ્રભાવક-જ્ઞાની-તપસ્વી- અભ્યાસુ શ્રમણપરિવારની ઝલક





પૂ. શાસનપ્રભાવક
આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.



પૂ. યુવાપ્રવક્તા
આ. શ્રી રશ્મિરત્નસૂરિજી મ.



પૂ. પં. શ્રી આગમરત્નવિજયજી ગણિવર



પૂ.પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિવર



પૂ. મુનિશ્રી હિતરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી અક્ષયરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી દિવ્યરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી ભાવરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી પ્રશમરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી યોગરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી કૃપારત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી અર્હંરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી સંવેગરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી માર્દવરત્નવિજયજી મ.



પૂ. મુનિશ્રી તત્ત્વરત્નવિજયજી મ.



પૂ. બાલમુનિશ્રી યોગરત્નવિજયજી મ.



પૂ. બાલમુનિશ્રી આર્જવરત્નવિજયજી મ.



પૂ. બાલમુનિશ્રી મોક્ષરત્નવિજયજી મ.

પૂજ્યશ્રીના આરાધક-પ્રભાવક-જ્ઞાની-તપસ્વી-અભ્યાસુ શ્રમણપરિવારની ઝલક

શિષ્ય-પ્રશિષ્ય સંપદાનો 'સૂર્યોદય':

# ગ્રન્થ પ્રકાશનને પત્રપુષ્પોનાં વધામણાં

આ મહાગ્રન્થનાં પ્રકાશન પ્રસંગે આવેલ સંખ્યાબંધ શુભેચ્છા પત્રો પૈકી માત્ર પસંદગીના છ પત્રો અત્ર પ્રસ્તુત છે. પૂ. દિવંગત ગુરુદેવશ્રી પ્રત્યેની લાગણી–ભક્તિથી પત્રો પાઠવનાર તમામ પૂજ્યો–સંઘો અને અગ્રણીઓનો અમે હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

– પ્રકાશક

## તપાગચ્છીય પ્રવરસમિતિના પૂજ્યપ્રવર તપાગચ્છાધિપતિશ્રી તથા અન્ય ચારે ય ગચ્છાધિપતિશ્રીનો સંયુક્ત પત્ર

તા. ૬-૬-૨૦૧૮

શાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી સપરિવાર...

અનુવંદના / શાતાપૂર્વક જણાવવાનું કે તમે તમારા પરમોપકારી ગુરુદેવ પરમ શાસનપ્રભાવક દિવંગત આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. નો દલદાર-વિશાલ ગ્રન્થ આલેખીને પ્રકાશિત કરી રહ્યા છો તે જાણી ખૂબ આનંદ થયો છે. પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. એ અનેક અજોડ ઉપકારો દ્વારા મુંબઈ મહાનગરને અનેકાનેક વિશાલ જિનાલયો-ઉપાશ્રયો આદિથી મંડિત કર્યું હતું. એ પછી એમનો વારસો દીપાવીને દિવંગત આચાર્યશ્રીએ મુંબઈના સંઘોમાં ઠેર ઠેર જિનાલયો-ઉપાશ્રયો આદિના ઉપકારો કર્યા. ઉપરાંત વડોદરા-ડભોઈ વગેરે સંઘો પર પણ વિશિષ્ટ ઉપકારો કર્યા. એમની વિદ્વત્તા-પુણ્યાઈ વગેરે તો પ્રશંસનીય હતા. પરંતુ એ સર્વથી વિશેષ તેઓએ પૂ. યુગદિવાકરશ્રીના આજીવન અંતેવાસી રહીને સમર્પણભાવનું સરસ ઉદાહરણ પ્રસ્તુત કર્યું તે ખાસ અનુમોદનીય છે.

તમે એમના વિશાલકાય ગ્રન્થના આલેખન દ્વારા કરેલ શ્રેષ્ઠ ગુરુભક્તિની હાર્દિક અનુમોદના સાથે આ ગ્રન્થપ્રકાશન સમારોહ પ્રસંગે અંતરની શુભ કામના વ્યક્ત કરીએ છીએ.

લિ.
આ. મનોહરકીર્તિસાગરસૂરિ
વિજય હેમચન્દ્રસૂરિ
વિજય જયઘોષસૂરિ
વિજય અભયદેવસૂરિ
આ.દોલતસાગરસૂરિ

## પૂજ્યપાદ યુગદિવાકરશ્રીના સમુદાયના ગચ્છનાયક પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી ચન્દ્રસેનસૂરીશ્વરજી મ.સા. નો પત્ર

ॐ

તા. ૧-૬-૨૦૧૮
છાણી

શાસનપ્રભાવક આ. શ્રી વિજયરાજરત્નસૂરિજી આદિ
સમગ્ર 'રત્ન' પરિવાર !
સાદર અનુવન્દના - શાતા

- વિશેષ જણાવવાનું કે તમારા ગુરુદેવ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક પ્રકાંડ વિદ્વાન આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. નો દલદાર જીવનચરિત્ર ગ્રન્થ લખીને તમે એને પ્રકાશિત કરી રહ્યા છો તે જાણી ખૂબ આનંદ થયો. બાર-તેર વર્ષો પૂર્વે પૂજ્યપાદ પરમોપકારી ગુરુદેવ મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર આ.ભ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા. નો આવો ભવ્ય સળંગ જીવનચરિત્રગ્રન્થ તમારા દ્વારા લખાઈને પ્રગટ થયો હતો. તે પછી આ બીજો એવો જ મહાગ્રન્થ પ્રગટ થઈ રહ્યો છે એ ગૌરવની બાબત છે. આવા ગ્રન્થોથી તે તે મહાપુરુષોના જ્ઞાન-ચારિત્ર-શાસનપ્રભાવનાનાં કાર્યો વગેરેનો આગામી સમયના વર્ગને રૂડો પરિચય થાય અને અનેક પ્રેરણાઓ મળે છે. ઉપરાંત એનાથી શાસનનું - સમુદાયનું ગૌરવ પણ વધે છે.

- વ્યક્તિગતરૂપે મને વિશેષ આનંદ એ છે કે તેઓ મારા વિદ્યાગુરુ હતા. એમની પાસે મેં ''હેમલઘુપ્રક્રિયા'' સંસ્કૃત વ્યાકરણાદિનો અભ્યાસ કર્યો હતો. એમના જીવનચરિત્રગ્રન્થનો પ્રકાશનસમારોહ ખૂબ ભવ્ય રીતે ઉજવાય અને આ જીવનચરિત્રગ્રન્થનાં વાંચનથી અનેક યોગ્ય આત્માઓ શાસનઆરાધના - શાસનસેવામાં પ્રગતિ કરે એ જ મંગલ મનઃકામના.

લિ. વિજયચન્દ્રસેનસૂરિ

## 'ગુજરાતસમાચાર' અખબારના સૂકાની ધર્મભાવનાશીલ શ્રીમાન શ્રેયાંસભાઈ શાંતિલાલ શાહનો પત્ર

તા. ૧-૭-૨૦૧૮
અમદાવાદ

શાસનપ્રભાવક પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય
રાજરત્નસૂરીશ્વરજી મ.સા. !
શત શત વન્દના / સુખશાતા.

અમને એ જાણીને ખૂબ આનંદ થયો કે આપે દિવંગત ગુરુદેવ પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પ્રેરક જીવનના સાતસો પેજના દલદાર ગ્રન્થનું આલેખન પૂર્ણ કર્યું છે અને હવે એનો પ્રકાશનસમારોહ આયોજિત થયો છે.

ઈ.સ. ૧૯૯૨માં પૂજ્યશ્રીએ અમદાવાદ-ખાનપુર જૈન સંઘમાં ચાતુર્માસ કર્યું ત્યારે તેઓના પરિચયમાં આવવાનો લાભ અમને મળ્યો હતો. એ સમયના ત્રણેક વારના પરિચયમાં અમારા મનમાં એવી છાપ ઉપસી હતી કે તેઓ ગંભીર પ્રકૃતિ, પ્રસન્ન મુખમુદ્રા અને સરસ વ્યવહાર ધરાવતા હતા. અમારી એક વિનંતિમાત્રથી તેઓ અમારા ઘરે પધાર્યા અને કલાક સરસ ધર્મચર્ચા કરી.

ધર્મચર્ચા દરમ્યાન તેઓશ્રીએ જૈન ધર્મના સિદ્ધાંતો અને જૈન શાસન પ્રત્યે વર્તમાનપત્રની ફરજોનું જ્ઞાન કરાવ્યું હતું. ઉપરાંત વર્તમાન સમાજજીવનમાં જૈનેતર માટે પણ આપણી ફરજો ન ચુકાય તેની વિશેષ કાળજી રાખી માર્ગદર્શન આપ્યું હતું. જૈનો અને જૈનેતરો માટે તેમની સમરસ ભાવના અનુમોદનીય હતી.

જૈન શાસનના અનેક ધર્મકાર્યો કરાવનાર પરમશાસનપ્રભાવક પૂજ્યશ્રીએ મુંબઈના જગડૂશા જિનાલયની રક્ષા માટે અદ્‌ભુત લોકજુવાળ જગાવ્યો હતો. એ જ રીતે એમના અંતિમ સમય-કાલધર્મ પ્રસંગે પણ જબરજસ્ત લોકલાગણી જોવા મળી હતી. આ બન્ને ઘટનાઓની રોજેરોજની માહિતી લાખો લોકો સુધી પહોંચાડવાની તક 'ગુજરાત સમાચાર'ને મળી હતી. એ અમારા માટે અવિસ્મરણીય સદ્‌ભાગ્ય રહેશે.

તેઓશ્રીના જીવનગ્રન્થના પ્રકાશન પ્રસંગે અમારી હાર્દિક શુભ કામનાઓ.

લિ. શ્રેયાંસ શાહના વંદન.

## સમસ્ત ભારતવર્ષીય શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રીમાન સંવેગભાઈ લાલભાઈ શાહનો પત્ર

તા. ૧૨-૬-૨૦૧૮
અમદાવાદ

પ.પૂ.શાસન પ્રભાવક આ. શ્રી વિજયરાજરત્નસૂરીશ્વરજી મ.સા.
આપના ચરણકમળમાં મારા કોટિ કોટિ વંદન.

આપશ્રી શિષ્યપરિવાર સહિત સુખશાતામાં બિરાજમાન હશો.

આપશ્રીના ઉપકારી ગુરુદેવ સ્વ. પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના સ્મૃતિગ્રન્થ માટે મારી શબ્દાંજલિ - શ્રદ્ધાંજલિ પાઠવું છું.

પૂજ્ય શાસન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના પરમકૃપાપાત્ર પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ પોતાના ગુરુદેવનાં સાન્નિધ્યમાં જ્ઞાન-ધ્યાન તથા સ્વાધ્યાયમાં સતત રત રહીને અપૂર્વ ગુરુકૃપા પ્રાપ્ત કરવાપૂર્વક આચાર્યપદે આરૂઢ થયા હતા. એમની પ્રેરણાથી અનેક શાસનપ્રભાવનાના કાર્યો થયા હતા.

જૈન સંઘના પ્રભાવી આચાર્ય ભગવંતોનું જીવન સ્વયમેવ આદર્શમય હોય છે. પંચાચારનાં પાલન અને પ્રસાર માટે સતત જાગૃત સૂરિભગવંતો સકળ સંઘ માટે વંદનીય છે. શાસન-પ્રભાવક આચાર્યદેવશ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની સ્મૃતિમાં પ્રકાશિત થનાર ગ્રન્થનો સ્વાધ્યાય સહુનાં હૈયે પરમાત્મા જિનેશ્વરદેવના માર્ગ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને આદર જગાડનાર બનશે એવી મારી શુભ કામના વ્યક્ત કરું છું.

ગ્રન્થપ્રકાશનસમારોહ પ્રસંગની સફળતા માટે શાસનદેવને પ્રાર્થના કરું છું.

લિ. સંવેગ લાલભાઈના
૧૦૦૮ વાર વંદન અવધારશોજી.

## પૂ. ગુરુદેવશ્રીની જન્મભૂમિ દર્ભાવતીતીર્થના શ્રી વિજયદેવસૂરિ જૈન સંઘનો પત્ર

તા.૧૦-૬-૨૦૧૮
ડભોઈ તીર્થ

પ.પૂ. દર્ભાવતીરત્ન આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ સર્વ સાધુ-સાધ્વી ભગવંતો !

ડભોઈથી લિ. શ્રી વિજયદેવસૂરિ જૈન સંઘના ૧૦૦૮ વાર વંદન સ્વીકારશો. આપ સર્વ ગુરુભગવંતો સુખશાતામાં હશો.

વિશેષમાં એ જાણીને ખુશી થઈ કે આપની સિદ્ધહસ્ત કલમે પૂજ્યપાદ પરમોપકારી દર્ભાવતીતીર્થોદ્ધારક દર્ભાવતીના કોહીનૂર આ. ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. નો વિશાલકાય જીવનચરિત્ર ગ્રન્થ લખાઈને પ્રકાશિત થઈ રહ્યો છે. પૂજ્ય ગુરુદેવે અમારા દર્ભાવતીતીર્થની જેમ અનેક સંઘો પર ઉપકારો ભલે કર્યા છે, પરંતુ જન્મભૂમિના અમારા સંઘ પર એમની વિશેષ લાગણી-વિશેષ કૃપા હતી. એક નહિ, અનેક પ્રસંગોમાં અમે આનો અનુભવ કર્યો છે. દર્ભાવતીતીર્થના જિનાલયો-ઉપાશ્રયોના જીર્ણોદ્ધારો, જૈન ભવન - ધર્મશાળા - ભોજનશાળા - પાંજરાપોળ - નવપદ હાઈસ્કૂલ વગેરે સર્વ કાર્યોમાં કાયમ પૂ. સાહેબજીના એ જ શબ્દો રહેતા કે **''તમે સારામાં સારું કરો, ચિંતા ન કરો. બધું થઈ જશે.''** એમના શબ્દોમાં જન્મભૂમિનું ઋણ અદા કરવાની તત્પરતા દેખાતી.

આવા સંઘવત્સલ પૂ. ગુરુદેવશ્રીનો જીવનગ્રન્થ એમના ભવ્ય જીવન જેવો જ ભવ્ય બની રહ્યો છે એમાં આપની અદ્‌ભુત ગુરુભક્તિ પણ ઝળહળે છે. ગ્રન્થપ્રકાશનને અમારી અગણિત શુભ કામનાઓ.

લિ. વિજયદેવસૂરિ જૈન સંઘ-
દર્ભાવતીતીર્થના વંદન.

## પૂ. ગુરુદેવશ્રીની અંતિમસંસ્કારભૂમિ શ્રી બાવનજિનાલયતીર્થ પેઢી તથા બા. જિ. જૈન સંઘ - ભાયંદરનો પત્ર

તા. ૧૮-૬-૨૦૧૮,
બાવન જિનાલય-ભાયંદર

પ. પૂ. શાસન પ્રભાવક પરમગુરુકૃપાનિધાન
આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. !
ભાયંદર-બાવન જિનાલયતીર્થપેઢી
તથા સંઘની કોટિ કોટિ વંદના સ્વીકારશો.

ખાસ જણાવવાનું કે પૂજ્યપાદ ગુરુદેવ બાવન જિનાલયતીર્થ માર્ગદર્શક બાવનજિનાલયતીર્થના પરમોપકારી આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નો સાતસો પેજનો વિશાલ જીવનચરિત્ર ગ્રન્થ આપની સિદ્ધહસ્ત કલમે તૈયાર થયાનું જાણી ખૂબ અનુમોદના થઈ.

અમારા બાવન જિનાલયતીર્થનું એ પરમ સૌભાગ્ય છે કે પૂજ્યશ્રીના બબ્બે ચાતુર્માસો-બે વાર ઉપધાનતપ-બન્ને ઉપાશ્રયો અને ધર્મશાળાનાં નિર્માણ-પ્રતિષ્ઠાઓ-આચાર્યપદપ્રદાન અને એ બધાથી અધિક તીર્થોન્નતિ માટે સતત પ્રેરણાઓ અમને મળેલ છે. પૂજ્યશ્રીનાં જીવનનું અંતિમ શાસનપ્રભાવનાકાર્ય અમારા બાવન જિનાલયતીર્થમાં ધર્મ આરાધના ભવન ઉદ્‌ઘાટનરૂપે થયું અને પૂજ્યશ્રીની ઐતિહાસિક અજોડ અંતિમયાત્રાસમાપનનો તેમજ અંતિમસંસ્કારભૂમિ બનવાનો લાભ અમને મળ્યો. અમારા માટે એ ધન્યાતિધન્ય ગૌરવનો વિષય છે.

બાવન જિનાલયતીર્થ આપે કરેલ આ મહાન ગુરુભક્તિકાર્યની ભૂરિ ભૂરિ અનુમોદના કરવા સાથે ગ્રન્થપ્રકાશનસમારોહની સફળતા ચાહે છે.

લિ. શં.પા. બાવન જિનાલય તીર્થપેઢી
તથા સંઘની કોટિ કોટિ વંદના.

# શાસનનો 'સૂર્યોદય' : પૂ. આચાર્યપ્રવર શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

## પ્રાસ્તાવિકમ્

-પૂ. શાસનપ્રભાવક આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.

### જૈનં જયતિ શાસનમ્

વિશ્વનાં તમામ ધર્મો કરતાં જિનશાસનની એક આગવી મહત્તા છે. આ મહત્તાનું કારણ એનું તત્ત્વજ્ઞાન-કર્મવિજ્ઞાન-ષડ્દ્રવ્ય-સપ્તનય વગેરે અનેક વિશિષ્ટતાઓ છે. ઉપરાંત એની વિરલ અનુશાસનપદ્ધતિ પણ છે. આ અનુશાસનપદ્ધતિનાં કારણે જિનશાસન પ્રાચીન કાળથી 'શાસન' તરીકે ઓળખાય છે. બીજા ધર્મના અનુયાયીઓ તેમની તે તે ધર્મપરંપરાને 'શાસન' રૂપે ઓળખ આપી શકતા નથી. કારણ કે તેમને ત્યાં જિનશાસન જેવી અનુશાસનપદ્ધતિ છે જ નહીં. શાસન એ છે જેને ત્યાં સરસ અનુશાસનપદ્ધતિ છે.

આપણા સહુનું પ્રિય સૂત્ર છે **'જૈનં જયતિ શાસનમ્.'** 'જૈનો જયતિ ધર્મઃ' એવું સૂત્ર આપણી પરંપરામાં નથી. પરમાત્મા તીર્થંકરદેવો આ જિનશાસનના મુખ્ય શાસક છે. આચાર્યાદિ એના અનુશાસક છે. ચતુર્વિધ સંઘના સર્વ આરાધકો શાસ્ય છે અને મોક્ષમાર્ગ અનુશાસન છે. પંચમહાવ્રત અને સમિતિ-ગુપ્તિ આદિનું પાલન, પાંચ અણુવ્રત અને ગુણવ્રત-શિક્ષાવ્રતનું પાલન, નવ તત્ત્વ ઉપર-જિન વચન પર શ્રદ્ધાઃ આ તેના કક્ષાનુસારી અનુશાસનનિયમો છે. જે એ નિયમોનો ભંગ કરે તેમને પ્રાયશ્ચિત્તરૂપે શિક્ષા થાય. જે એ નિયમોથી સર્વથા દૂર થાય એને તે તે કક્ષાની બહાર-બરતરફ પણ કરી દેવાય. આ જૈન શાસનની અનુશાસનપદ્ધતિ છે. અનુશાસનમય જિનશાસન માટે અહોભાવ દર્શાવતા આપણે કહીશું કે **'જૈનં જયતિ શાસનમ્.'**

### શાસનના ચાર અનુયોગ અને તેમાં ધર્મકથાનુયોગનું પ્રાધાન્ય

આ મહાન જિનશાસને પોતાનાં જ્ઞાનને ચાર વિભાગમાં વિભક્ત કર્યું છે. તેને ચાર અનુયોગ કહેવામાં આવે છે : (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરણ-કરણાનુયોગ (૪) ધર્મકથાનુયોગ.

દ્રવ્યાનુયોગમાં મુખ્યત્વે આત્મા-કર્મ-કર્મબંધહેતુ-નિર્જરાહેતુ વગેરે અતીન્દ્રિય બાબતોનું નિરૂપણ હોય છે. ગણિતાનુયોગમાં મુખ્યત્વે જૈન ભૂગોળ-ખગોળની વાતો, મેરુપર્વત-ભરતાદિક્ષેત્ર-દેવલોકનાં વિમાનો આદિનાં માપનું ગણિત હોય છે. ચરણકરણાનુયોગમાં મુખ્યત્વે પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ-બાવીશ પરિષહ વગેરે આચરણસંબંધી નિરૂપણ હોય છે. જ્યારે ધર્મકથાનુયોગમાં મુખ્યત્વે જિનશાસન પામીને તેની યથાશક્તિ સુંદર આરાધના કરનાર વ્યક્તિઓનાં ચરિત્રો-કથાઓ હોય છે. જિનશાસનનાં આ ચાર અનુયોગોમાં ધર્મકથાનુયોગ ભવ્ય આત્માને ખૂબ જ માર્ગદર્શક અને ઉપકારી બને છે. એમ કહેવાય છે કે ધર્મકથાનુયોગરૂપ 'જ્ઞાતાધર્મકથા' અંગસૂત્રમાં ક્રોડો કથાઓ હતી. આજે ભલે તે અલ્પ છે, પણ આ અંગમાં માત્ર ધર્મકથાઓ જ છે. ધર્મકથાનુયોગની મહત્તા આના પરથી સમજાય છે.

મહાન પૂર્વાચાર્યોનું દૃષ્ટિબિંદુ કાંઇક એવું છે કે Theory ગમે તેવી સારી હોય, પણ તેની ખરી અસર તો Practical ઉદાહરણોથી જ અનુભવાય. બાકીના તમામ અનુયોગ લગભગ Theory જેવા છે, ચારે ધર્મકથાનુયોગ Practical યોગ છે. આ યોગે ભૂતકાળમાં અનેક આત્માને મોક્ષમાર્ગ પ્રત્યે-મોક્ષમાર્ગનાં આચરણ માટે પ્રોત્સાહિત કર્યા છે. અત્યારે પણ અનેક આત્માઓ આ ધર્મકથાનુયોગથી મોક્ષમાર્ગ પર આગળ વધી રહ્યા છે.

જેમ પૂર્વકાળમાં ધર્મકથાનુયોગમાં સ્થાન પામે તેવા મહાત્માઓ થઇ ગયા છે તેમ તે પછીના આજ સુધીના કાળમાં પણ અનેક આત્માઓએ ધર્મકથાનુયોગમાં સ્થાન પામે તેવી દર્શન-જ્ઞાન-ચારિત્રની સુંદર આરાધના-પ્રભાવના કરી છે. એમની આરાધનાઓ-શાસનપ્રભાવનાઓ ક્યારેક તો કલ્પનામાં પણ ન આવે તેવી હોય છે. આવા પ્રકારના તે તે મહાન આત્માઓની આરાધનાની-પ્રભાવનાની જો નોંધ ન લેવાય તો ધર્મકથાનું સર્જન જ ન થાય. આવા મહાન આત્માઓની આરાધના-પ્રભાવનાની નોંધ લેવા માટે 'જ્ઞાતાધર્મકથા' અંગસૂત્ર બાદ પણ ઉપદેશમાલા-કુવલયમાલા-ચઉપ્પણ-મહાપુરિસચરિયં-ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર-પ્રબંધચિંતામણિ-ઉપદેશપ્રાસાદ જેવા અનેક ગ્રંથો લખાયા છે અને તેમાં ધર્મકથાનુયોગ સરસ ધબકતો રહ્યો છે. અરે! પૂજ્ય

જગદ્ગુરુ આ.ભ. શ્રીમાન હીરસૂરીશ્વરજી મહારાજ - દેવસૂરિપરંપરા પ્રવર્તક પૂજ્ય આ.ભ. શ્રીમાન દેવસૂરીશ્વરજી મહારાજ-સંવેગી પરંપરાના મુનિપુંગવો અને વર્તમાનના વિવિધ સમુદાયોના નાયક પૂજ્ય ગુરુભગવંતોનાં પણ ચરિત્રો લખાયા છે જે ધર્મકથાનુયોગરૂપ જ છે !!

આવા પ્રકારના તે તે કાળમાં થયેલા તે તે મહાપુરુષોનાં ચરિત્ર તેઓના જ સમયમાં કે લગભગ તેમનાથી થોડા સમય બાદ લખાયા છે. આ એક સુંદર પરંપરા છે. જેઓ જ્ઞાન-દર્શન અને ચારિત્રની આરાધના-પ્રભાવનામાં મહાન પરાક્રમ કરી રહ્યા હોય તેઓનાં ચરિત્ર લખાવા જ જોઇએ. મને તો ત્યાં સુધી વિચાર આવે છે કે લગભગ દરેક સાધુ-સાધ્વીજીનાં જીવનમાં બીજાને પ્રેરણા કરી શકે તેવો એકાદ પ્રસંગ તો હોય જ છે. આવાં આલંબનો પણ લખાવા જોઇએ. આવા જીવંત આલંબનથી કદાચ પ્રાચીન શાસ્ત્રીય કથાનકો કરતાં પણ વધુ અસરકારક પ્રેરણા મળે છે. પ્રસ્તુત મહાગ્રન્થ **'તમે સૂરજ થઇને ચમક્યા'** દ્વારા આપણને આવા જ એક વર્તમાનકાલીન આરાધક-પ્રભાવક મહાપુરુષનું ચરિત્ર ધર્મકથાનુયોગરૂપે સાંપડી રહ્યું છે...

## ચરિત્રનાયકના જીવનશિલ્પી પૂજ્ય યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.

પ્રસ્તુત ચરિત્ર અને ચરિત્રનાયક ગાંભીર્યાદિગુણનિધાન પરમ શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. વિશે વિગતથી વાત કરતા પૂર્વે મારે યાદ કરવા છે ચરિત્રનાયકના જીવનશિલ્પી મુંબઇ નગરના મહાન ઉપકારી યુગદ્દષ્ટા યુગદિવાકર પૂજ્ય આ.ભ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.ને. જો કે, આ પૂર્વે આ મહાપુરુષનો આવો જ દલદાર જીવનચરિત્રગ્રન્થ સિદ્ધહસ્તલેખક અને મારા મિત્ર આચાર્યપ્રવર શ્રી રાજરત્નસૂરિજી મહારાજે લખીને એમનાં વિરલ જીવનનો પરિચય હજારો-લાખો લોકોને કરાવ્યો જ છે. પરંતુ આ 'પ્રસ્તાવના'લેખનનાં નિમિત્તે એ મહાન પુણ્યાત્મા વિશે પણ લખવાની તમન્ના હું રોકી શકતો નથી. કેમ કે મારા પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મને પણ તેઓનાં પ્રત્યક્ષ દર્શનનો-મિલનનો લાભ મળ્યો છે અને તેઓના પુણ્યપ્રભાવનું-વિચારશૈલીનું મેં સારી રીતે નિરીક્ષણ-અધ્યયન કર્યું છે.

બહુ નાની વયની વાત કરું તો, પાંચમા ધોરણથી આગળનો મારો શાળાકીય અભ્યાસ મુંબઇમાં ચાલતો હતો. એ સમયે પૂ. ધર્મસૂરીશ્વરજી મ.સા.નાં ચાતુર્માસો મુંબઇમાં થઇ રહ્યા હતા. મુંબઇના ઉપનગરોના નાના-મોટા ઊગીને ઊભા થતા સંઘોના તેઓ સાચા રાહબર બનીને ઠેર ઠેર જિનમંદિરો-ઉપાશ્રયોનાં નિર્માણ કરાવી રહ્યા હતા, તો નાના નાના મધ્યમવર્ગીય શ્રાવકોનાં હૈયાની સાચી હામ બનીને તેઓ સાધર્મિક ભક્તિનાં કાર્યો પણ ખૂબ કરાવી રહ્યા હતા. વિરોધી તત્ત્વોની વાતને નજરઅંદાજ કરીને કહું તો, તે સમયે મુંબઇમાં તેમની બરોબરી કરી શકે તેવા એક પણ આચાર્ય હતા નહિ. પૂ. ધર્મસૂરીશ્વરજી મ. તે સમયના મુંબઇના જૈન ધર્મસામ્રાજ્યના બેતાજ બાદશાહ જેવા હતા. એ સમયે જૈન શાસનના જે જે મહાન કાર્યો થયાં તેમાં પૂ. આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.નું નામ-કામ આગળ જ રહેતું. તેઓના હકારાત્મક અભિગમે ત્યારના જૈન સમાજને ખૂબ આગળ લાવવાનું કાર્ય કર્યું હતું.

એ વર્ષોમાં અમારે બહુધા મુંબઇના લાલબાગ (પાંજરાપોળ)નાં ઉપાશ્રયે જ જવાનું થતું. એ નાની ઉંમરમાં પણ મને ખ્યાલ છે કે 'એક વર્ગના ઉપાશ્રયમાં જવાનું અને બીજા વર્ગના ઉપાશ્રયે નહીં જવાનું' આવું વલણ ચાલતું હતું. જો કે મને તો તે સમયે પણ આવું વલણ ખટકતું હતું. પણ ગમે તેમ, ઉપરના કારણોસર તેઓના પરિચયથી મારે સંસારીપણામાં દૂર રહેવું પડ્યું. આવી દાસ્તાન મારા એકની નહિ, અનેકોની છે. આ પ્રસ્તાવનામાં આ અંગે વધારે અંગુલિનિર્દેશ કરતો નથી. પણ મારું માનવું છે કે શાસનપ્રેમી થઇને સહુએ સહુ સાધુભગવંતો પાસે જવું જ જોઇએ, નહિ તો જીવનમાં મેળવવાનું ઘણું બાકી રહી જાય છે. ખાસ તો દૃષ્ટિ બંધિયાર થઇ જાય છે. કોઇ એક ગુરુનો આપણા પર ઉપકાર વધારે હોય તો આપણે ત્યાં વધુ જઇએ. પણ બીજા પાસે ન જ જવું જોઇએ, એવો અભિગમ બરાબર નથી. સમાજનો એક વર્ગ હંમેશા ટીકામાં અને આલોચનામાં જ રાચતો હોય છે. આમ થવાનું કારણ એવા પ્રકારનો ઉપદેશ પણ હોઇ શકે છે. આમેય ગુણાનુરાગ કેળવવા માટે સ્વભાવમાં ઉચ્ચતાની જરૂર હોય છે. ટીકા અને નિંદા કરવા માટે અનાદિના અવળા સંસ્કાર જ પૂરતા થઈ પડે. એમાં વળી તેવા પ્રકારનો ઉપદેશ ભળે છે. તેથી આત્મોત્થાનને નહીં સમજતો વર્ગ આવી બાબતોમાં સુલભતાથી જોડાઇ જાય છે. પણ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજની પ્રકૃતિ 'હાથી ચલે બજાર... કુત્તે ભસે હજાર' જેવી હોવાનું મને તે વખતે પણ મારી અલ્પ સમજ પ્રમાણે લાગતું હતું. તેથી તેઓ ખંડનાત્મક પ્રવૃત્તિની ઉપેક્ષા કરીને સમાજને જોડી રાખવા માટે સંઘહિતનાં કાર્યોમાં આગળ ને આગળ વધ્યે જતા હતા.

મારા સંસારીપણાનો એક પ્રસંગ યાદ આવે છે. ત્યારે આકાશમાં અષ્ટગ્રહયુતિ થવાની હતી. અલગ અલગ સ્તરેથી એક સરખી અશુભ આગાહીઓ અખબારો વગેરેમાં આવતી હોવાથી ચારે બાજુ ગભરાટનું વાતાવરણ હતું. 'શું થશે ?' એવી સમસ્ત મુંબઇમાં ઘણી અટકળો-ચિંતાઓ ચાલતી હતી. સમસ્યાઓ બધાની પાસે હતી, પણ સમાધાન કોઇની પાસે ન હતું. આખરે પૂ. ધર્મસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સમગ્ર મુંબઇમાં હજારો આયંબિલતપ-અટ્ઠમતપ-લોગસ્સ આદિ સૂત્રોનાં લાખો જાપ અને ગોડીજી સમીપનાં મુંબાદેવી તલાવનાં વિશાળ મેદાન પર સંપૂર્ણ શાસ્ત્રીય પદ્ધતિનાં અનેક શાંતિઅનુષ્ઠાનો થયાં. આકાશમાર્ગે એનાં ન્હવણજળનો મુંબઇ પર છંટકાવ થયો. અષ્ટગ્રહયુતિની કોઇ વિપરીત અસર ન થઇ. આથી જનતા ખૂબ જ પ્રભાવિત થઇ. મેં પણ આ આયોજન મારી ઉંમરનાં પ્રમાણમાં સારી રીતે માણ્યું હતું.

## મુંબઇ મહાનગર માટે પૂજ્યશ્રીની વિરલ ભાવના

મુંબઇનગરીનાં પોતાનાં દીર્ઘકાલીન ચાતુર્માસો બાદ પૂજ્યશ્રીનો વિહાર પાલિતાણા તરફ થયો. પણ આ વિહાર માત્ર વિહાર ન રહ્યો. એ એક અભૂતપૂર્વ સંઘયાત્રારૂપે પરિણમ્યો. દીક્ષા પછી મુંબઇમાં મારું પ્રથમ જ ચાતુર્માસ હતું. પણ આ પદયાત્રા સંઘની

ભવ્યતા સાંભળી હું અભિભૂત થઇ ગયો હતો. પૂજ્યશ્રી પ્રસ્થાન કરીને આગળ વધતા હતા અને ભાયખલાતીર્થનાં દર્શન કરવા સંઘયાત્રા સાથે પધાર્યા. મારા પૂજ્ય ગુરુદેવ સાથે હું તેઓનું સ્વાગત કરવા ગયો. ભાયખલાના તે સમયના ઉપાશ્રયનાં પગથિયે પૂજ્ય આચાર્યદેવ ધર્મસૂરીશ્વરજી મહારાજનો ભેટો થયો. મારા ગુરુદેવનો હાથ પકડી પૂજ્ય આચાર્યદેવ ધર્મસૂરીશ્વરજી મહારાજે કહ્યું-‘‘વિક્રમસૂરિજી! હું તો મુંબઇથી જઇ રહ્યો છું, પણ તમે ખ્યાલ રાખજો. મુંબઇ નગરી એ ધર્મનગરી છે. આ નગરીના શ્રાવકો પાસે તમે જે પણ ધર્મકાર્ય કરાવવા માંગશો તે જરૂર કરાવી શકશો. હું તો જાઉં છું. પણ મુંબઇનું ધ્યાન રાખવા જેવું છે.’’

મને એ વખતે લાગી રહ્યું હતું કે જાણે પોતાનું મુંબઇનું સામ્રાજ્ય કોઇ ગુણિયલ વ્યક્તિને સોંપીને તેઓ ન જતા હોય. આ શબ્દોમાં તેમની મુંબઇ શહેરને ધર્મક્ષેત્રે સતત આગળ લાવવાની ધર્મભાવનાની અપૂર્વ ઝંખના હતી. માત્ર મુંબઇમાં જ નહીં, પણ મુંબઇથી વિહાર કરીને જતા પાલિતાણા સુધીના દરેક સંઘો પર પણ તેમનો પ્રભાવ છાઇ રહેલો દેખાતો હતો.

## પૂજ્યશ્રીની બે મહાન વિશેષતા :
## તત્ત્વજ્ઞાનનિષ્ઠા અને સમાધાનવૃત્તિ

સતત સંઘોનાં કાર્યો અને મુલાકાતીઓની વ્યસ્તતા વચ્ચે પણ તેમનો તત્ત્વજ્ઞાન પ્રત્યેનો લગાવ અપૂર્વ હતો. તત્ત્વજ્ઞાનમય વાચનાઓ માટે કે અભ્યાસેચ્છુ વર્ગને ભણાવવા માટે તેઓ બધાં કાર્ય બાજુ પર રાખી દેતા. ‘પંચમ શતક કર્મગ્રંથ’ પરનું તેમનું પુસ્તક વિદ્વદ્વર્ગમાં ખૂબ જ આદર પામ્યું હતું. તે સમયે મારી ઉમ્ર એ ગ્રંથને સમજવાની ન હતી. પણ મેં આ પુસ્તક ધુરંધર આચાર્યોના હાથમાં અભ્યાસ કરાતું જોયું હતું. તત્ત્વજ્ઞાનરસિક શ્રી પ્રવીણભાઇ શાંતાક્રુઝમાં રહેતા હતા. એ લગભગ તમામ મુખ્ય સાધુ-સાધ્વીજીઓના સંપર્કમાં રહેતા. તેઓ ઘણી વાર મારા ગુરુજીને કહેતાઃ ‘‘વિક્રમસૂરિ મહારાજ ! આ કાળમાં કર્મગ્રંથનાં જ્ઞાન માટે ધર્મસૂરિ મહારાજ એક્કા છે. હું જ્યારે પણ તેમની પાસે જાઉં છું, તેમના કર્મગ્રંથનાં જ્ઞાનથી પ્રભાવિત થઇ જાઉં છું.’’

જ્ઞાનની આવી ઉપસ્થિતિ એ બતાવે છે કે બાહ્ય પ્રવૃત્તિઓ એમના માટે બાહ્ય વ્યવહાર હતો. અંતરથી તો તેઓ તત્ત્વજ્ઞાનમાં મસ્ત હતા...

જ્ઞાનનું ફળ છે સમતા. એ એમનામાં જોરદાર વિકસી હતી. એથી એમની વાતોમાં ક્યાં ય અસદ્ અભિનિવેશ-આગ્રહ-કટ્ટરતા જોવા મળતી ન હતી. દરેક પ્રશ્નોમાં સમાધાનવૃત્તિ તેમની વિશેષતા હતી.

## દંતકથા જેવી પૂજ્યશ્રીની અંતિમયાત્રા

મુંબઇના મહાન ઉપકારી પૂ. ધર્મસૂરીશ્વરજી મ.ના કાલધર્મ પ્રસંગે, એમ કહું તો ચાલે કે જાણે આખું મુંબઇ રડતું હતું. સહુને થતું હતું કે એક મહાન ધર્મગુરુની આજે વિદાય થઇ રહી છે. કલ્પના ન થઇ શકે તેવી વાત બની કે તેઓની અંતિમયાત્રા તેઓનાં જ ઉપદેશથી વિકસિત ઠેઠ શ્રી ચેમ્બુર સંઘમાં લઇ જવામાં આવી હતી. લગભગ 21 K.M. જેટલી દીર્ઘ એ અંતિમયાત્રામાં કોણ આવશે? એ પ્રશ્ન હતો. પણ મુંબઇની કૃતજ્ઞ જનતાએ એવું કરી બતાવ્યું કે તેમની અંતિમયાત્રામાં કોણ ન આવ્યું એ પ્રશ્ન થાય. આ વિરલ પ્રસંગ જો આપણી હાજરીમાં ન બન્યો હોય ને વર્ષો પછી આપણે એ ઇતિહાસ વાંચીએ તો આપણને એ દંતકથા લાગ્યા વિના ના રહે.

આ મહાગ્રન્થમાં મુખ્યત્વે જીવનચરિત્ર તો પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.નું છે. પરંતુ તેમાં પૂ.આ.શ્રી મોહન-પ્રતાપ-ધર્મસૂરીશ્વરજી મ.ની પણ આનુષંગિક વાતો છે. એમાં ય વિશેષ વાતો પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ની હોવાથી અને મને વ્યક્તિગતરૂપે એમના પર અધિક આદર હોવાથી તેઓની વાતો અહીં કંઇક અંશે વધુ કરી છે...

## પૂજ્યશ્રીના સવાયા વારસદાર
## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.

આવા મહાન યુગદિવાકર આચાર્ય ભગવંતની વિદાય પછી ઘણા પ્રશ્નો હતા. પણ તેના ઉત્તર આજે તેમના અનેક શિષ્યોએ આપી દીધા છે. તેમાં ય જેઓનું આ ચરિત્ર લખાઇ રહ્યું છે તે પૂજ્ય આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે છેલ્લા વર્ષોમાં જાણે ‘સવાઇ ધર્મસૂરીશ્વરજી મહારાજ’ જેવી પ્રતિભા વિકસાવીને તેમની આરાધનાનો-ભાવનાનો-સંઘકાર્યોનો વારસો સવાયો દીપાવ્યો છે. આ મહાગ્રન્થ વાંચતા વાચકને ઠેર ઠેર આચાર્યશ્રીએ કરેલ અઢળક શાસનકાર્યોની માહિતી મળતી જ રહેશે. જીવનનાં પચાસ વર્ષો સુધી તો તેઓ પૂ. ધર્મસૂરીશ્વરજી મ.ની સાથે રહી એમનાં શાસનકાર્યોમાં ઓતપ્રોત રહ્યા. એટલે એમની સ્વતન્ત્ર કારકીર્દિનો સમય આમ જુઓ તો ઢળતી જીવનસન્ધ્યાનો રહ્યો. તેમ છતાં એમણે લગભગ એક પણ ક્ષેત્રને પોતાની શક્તિથી-ભક્તિથી નવપલ્લવિત કર્યા સિવાયનું રાખ્યું નથી. જિનમૂર્તિ-જિનમંદિર ક્ષેત્રે તેમની પ્રેરણાથી અનેક સંઘોમાં ભવ્ય જિનમંદિરો બન્યા છે, દર્ભાવતી તીર્થોદ્ધાર-વડોદરાના પ્રાચીન ગોડીજી પાર્શ્વનાથતીર્થના ઉદ્ધારાદિ થયા છે; તો ધર્મધામતીર્થસ્થાપના જેવા નૂતન ભવ્ય કાર્યો થયાં છે. ધર્મધામતીર્થના વિશાલ-ભવ્ય કાયોત્સર્ગમુદ્રાના નાગેશ્વર પાર્શ્વનાથ કે જગડૂશાનગર-ઘાટકોપરના વિશાલ ઉવસગ્ગહર પાર્શ્વનાથની પ્રતિમાઓનાં દર્શન કરતા દિલ ઠરી જાય અને મન તન્મય ધ્યાનમગ્ન બની જાય... શ્રુતનાં ક્ષેત્રે તેમણે જૈફ વયે કરેલ પૂ. ધર્મસૂરીશ્વરજી મ.ના તમામ ગ્રન્થોનું નવસંસ્કરણ-સંપાદન અને ૭૯ વર્ષની વયે સંસ્કૃત નવતત્ત્વ - સુમંગલાટીકાનો કરેલ દશ હજાર શ્લોકપ્રમાણ ભાવાનુવાદ ઉલ્લેખનીય છે... અનેક મુમુક્ષુઓને આપેલ દીક્ષાઓ-એમના સંયમજીવનની ઉત્તમતા માટે અપનાવેલ અનુશાસનપદ્ધતિ-પોતે જાતે એમને કરાવેલ અભ્યાસ વગેરે સાધુ-સાધ્વીક્ષેત્રે એમણે આપેલ યોગદાન છે... એ જ રીતે ઉપધાન તપ-પદયાત્રા સંઘો-અનેક સંઘોનાં કાર્યો-સાધર્મિકો માટે વિશેષ આયોજનો તેમણે શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર માટે કરેલ કાર્યો છે... આ ઉપરાંત પાંજરાપોળ ઉદ્ધાર-ડભોઇમાં નવપદ હાઇસ્કૂલસ્થાપના વગેરે દ્વારા એમણે અનુકંપા-સમાજસેવાનાં ક્ષેત્રો પણ આવરી લીધા હતા... આમ સર્વક્ષેત્રીય કાર્યો ઉપરાંત એમનામાં એક મહાન આચાર્યને છાજે તેવી ધીરતા-ગંભીરતા તેમજ પ્રૌઢપ્રભાવસભર બાહ્ય-અભ્યંતર લાક્ષણિકતાઓ હતી તેમ એમના પરિચયમાં આવનારને તરત સમજાઇ જતું.

સૌથી વિશેષ તો તેમણે મુંબઇ નગરીમાં સ્વ. પૂ. ધર્મસૂરીશ્વરજી મ.નાં નામ-કામ સતત ગાજતા રાખ્યા. સાચું કહું તો પૂ. ધર્મસૂરીશ્વરજી મ.ની વિદાય બાદ મને થોડો સમય શૂન્યાવકાશ જેવું લાગતું હતું. મનમાં એક વ્યથા હતી કે મુંબઇની નવી પેઢીની જનતા કદાચિત્ તેમને ભૂલી તો નહિ જાય ને? મને ત્યારે પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.નો પરિચય ન હતો. એ અરસામાં અમે પહેલી વાર સુરતમાં એક દિવસ એક જ ઉપાશ્રયમાં સારી રીતે મળ્યા. મેં મારી વ્યથા કહી. ધીર-ગંભીર પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ. મૌન રહ્યા. જાણે તેઓ મૌન દ્વારા જવાબ આપતા હતા. ત્યાં એમના વતી મારા મિત્ર પં. શ્રી રાજરત્નવિજયજી ગણિએ કાંઇક એવા ભાવનો ઉત્તર આપ્યો કે ''સાહેબજી જીવંત છે ત્યાં સુધી તો પૂ. ધર્મસૂરીશ્વરજી મ.નું નામ તેઓ ભુંસાવા નહિ દે.'' એ પછીની એમની કારકીર્દિ નજીકથી જાણતા મને આ શબ્દો સાચા ઠર્યાનું લાગ્યું. વાચકને પણ આ મહાગ્રન્થ વાંચતા એ શબ્દો સાચા ઠરતા લાગશે.

## 'સૂર્યોદય': અકળાવનાર નહિ, પણ મનોહર

પૂ. આચાર્યદેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનાં જીવન - કવન પર દૃષ્ટિ કરતા થાય છે કે એમનું જીવન સૂર્ય જેવું તેજસ્વી છે, છતાં ગરમી નથી આપતું. 'પરન્તપ' નથી. એનું કારણ એ છે કે તે મધ્યાહ્નના સૂર્ય જેવું નથી, ઉદય પામતા સૂર્ય સમું છે. મધ્યાહ્નનો સૂર્ય આપણને રાડ પડાવી દે, પણ ઉદયનો સૂર્ય આપણને હૂંફ આપી રાજી-રાજી કરી દે છે. આબુ પર લોકો સૂર્યનો ઉદય જોવા એટલે જ ભેગા થતા હોય છે. જેમ 'સૂર્યોદય' સૃષ્ટિ માટે મનોહર છે તેમ આ. સૂર્યોદયસૂરીશ્વરજી શાસન માટે મનોહર છે. એમનાથી ક્યાંય કોઇએ રાડ પાડી નથી, માત્ર આનંદ અનુભવ્યો છે. એટલે જ આ પ્રસ્તાવનાલેખના શીર્ષકમાં એમના માટે યોગ્ય રીતે જ **'શાસનનો સૂર્યોદય'** શબ્દપ્રયોગ કરાયો છે. હવે આપણે એમના જીવનપ્રસંગોની કેટલીક ઝલકો પર વિચાર કરીશું...

## પૂ. ધર્મસૂરીશ્વરજી મ. તથા આચાર્યશ્રીનો ગજબનો ઋણાનુબંધ

વિ.સં. ૨૦૦૦માં ડભોઇના નાના બાળક સેવંતીકુમાર અને પૂ. પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજનો સમાગમ એક અદભુત ઘટના છે. મને તો લાગે છે કે આ બન્નેની જોડીનો કોઇ ગજબનો પૂર્વભવીય ઋણાનુબંધ હશે. એટલે જ બાર વર્ષનો બાળક એક ચાતુર્માસના પરિચયથી દીક્ષા માટે મક્કમ થઇ ઘરેથી સત્તર-સત્તર વાર દીક્ષા માટે ભાગી છૂટે છે. આ વાત હૃદય હચમચાવી દે તેવી છે. આટલા બધા પ્રયત્નોમાં કોઇ નિષ્ફળ થાય તો એની હિંમત જ તૂટી જાય અથવા માની લે કે હવે મારા નસીબમાં દીક્ષા છે જ નહીં. પણ આ સેવંતીકુમાર જરા ય હાર માનતા નથી. ઓરડાને તાળા મરાઇ જાય અને ભાગી જવાનો કોઇ રસ્તો ન હોય તો ય બાળ સેવંતી ભાગી જવા માટે તલસતો જ હોય. છેવટે પાઇપના સહારે નીચે ઉતરી ભાગી આવવું એ એમનાં જીવનનો આપણને એક thriling seen લાગે છે. આમ છતાં ય દીક્ષાની રજા ઘરમાંથી મળતી નથી એટલે પોતાના સ્વજનોને સ્પષ્ટ લખે છે કે 'હું દીક્ષા લઇ લઉં તો આશ્ચર્ય ન પામતા.' પૂજ્ય આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ એવા મતના હતા કે વડીલોની રજા વગર દીક્ષા ન આપવી. પણ દૃઢ મનોરથી સેવંતીકુમારે પૂજ્ય આચાર્યદેવને પણ છાની દીક્ષા આપવા વિવશ કર્યા. આવા ભાગ્યશાળી આત્મા જીવનમાં ક્યા ધર્મકાર્ય માટે પીછેહઠ કરે? દીક્ષા માટે બાલસેવંતીનો આ તમામ પુરુષાર્થ પંચસૂત્રની એ વાત યાદ કરાવે છે કે 'एस चाए अचाए' અને 'धर्मे माया न माया'. આ જિનશાસનમાં ઘણા ઘણા મહાનુભાવોએ પોતાનું આત્મસમર્પણ આવી રીતે કર્યું છે અને નોંધવા જેવી બીના એ છે કે આવા આત્માઓ આગળ જતા અજબ-ગજબના શાસનપ્રભાવક બન્યા છે. એમના દીક્ષાદિને એક દૂરગામી અસર ધરાવતી ઘટના એ બને છે કે છેલ્લી ક્ષણે દીક્ષાદાતા ગુરુદેવ અલગ રીતે નામસ્થાપના કરી શિષ્યમોહત્યાગનું ઉદાહરણ પૂરું પાડે છે, તો મુમુક્ષુ ગુરુવચન ખાતર પોતાનાં તમામ અરમાન કુરબાન કરી आज्ञा गुरूणां ह्यविचारणीया નો આદર્શ પૂરો પાડે છે. ગુરુસમર્પણ-આત્મસમર્પણની આવી ઘટના ખરેખર જલ્દી જોવા ન મળે એવી વિરલ છે. પૂર્વના ઋણાનુબંધ વિના આટલું અકલ્પ્ય સમર્પણ કદાચ મુશ્કેલ છે...

## બાલસૂર્યનાં તેજકિરણો જેવા પ્રવજ્યાપ્રારંભના પ્રસંગો

સૂર્ય તાજો ઊગ્યો હોય તો પણ એના કિરણો કમાલ કરતા હોય છે, એમ આચાર્યશ્રી દીક્ષાના પ્રારંભિક વર્ષમાં હતા ત્યારથી એમની પ્રજ્ઞાના કિરણો કમાલ કરતા હતા એ આ મહાગ્રન્થ જોતા સમજાય છે. એમની તીવ્ર યાદશક્તિની વાત આશ્ચર્ય પમાડે છે કે તેઓ બે જ દિવસમાં પક્ખીસૂત્ર કડકડાટ કરી એક પણ ભૂલ વગર બોલી ગયા હતા. એવી યાદશક્તિ પર કોણ ન્યોચ્છાવર ન થાય? દોઢ જ દિવસમાં તેઓ ગુણસ્થાનક્રમારોહના ૧૩૫ શ્લોકો પણ સંપૂર્ણ કંઠસ્થ કરી શક્યા. આ વાત પણ હેરત પમાડે એવી છે અને અભ્યાસશક્તિની સૂચક છે. દીક્ષાના પહેલા જ વર્ષે તેમણે રચેલો ગુરુસ્તુતિનો શ્લોક તમે આ ગ્રંથમાં વાંચી જ શકશો. પણ શ્લોકનું લાલિત્ય જોઇને હું આ પ્રસ્તાવનામાં તેનો ઉલ્લેખ કર્યા સિવાય રહી નથી શકતો :

धर्मो विज्ञवरेण्यसेवितपदो, धर्मं भजे भावतः,<br>
धर्मेण प्रचितसुबोधनिचयो, धर्माय मे स्यान्नतिः ।<br>
धर्माच्चिन्तितकार्यपूर्तिररिवला, धर्मस्य तेजो महत्,<br>
धर्मे शासनराग–धैर्य–सुगुणाः श्री धर्म! धर्मं दिश।।

આ શ્લોક એક રીતે પૂજ્ય ધર્મસૂરીશ્વરજી મહારાજની સ્તુતિ છે, તો બીજી રીતે ધર્મનાં માહાત્મ્યને કહેનાર છે. સુભાષિતરસિકો આ શ્લોકની નોંધ કરી એને જરૂર કંઠસ્થ કરે.

દીક્ષાનાં પહેલા જ વર્ષથી સંસ્કૃતપ્રતના આધારે તેઓ પ્રવચન કરતા હતા. આ રીતે સંસ્કૃતપ્રતના આધારે પ્રારંભથી જ પ્રવચન કરી લોકોનાં દિલ જીતી લેવા એ સામાન્ય વાત નથી. પણ આ તો '**સૂર્યોદય**' છે ને !! એ દરેક બાબતમાં પોતાનો ઉદય નોંધાવીને જ રહે...

## આચાર્યશ્રીનો ગુણવૈભવ દર્શાવતી પ્રેરક પ્રસંગપરંપરા

પૂજ્ય સૂર્યોદયસૂરિજી મહારાજનો ગુણવૈભવ અપાર હતો. છતાં ય ગ્રંથકાર આ. શ્રી રાજરત્નસૂરિજીએ આ ગ્રન્થના પ્રકરણ-૨૬માં મુખ્ય બાબતો અલગ તારવી એ ગુણવૈભવને '૯' સંખ્યાના અખંડ અંકમાં રજૂ કરીને એમનાં ગુણસામ્રાજ્યની અખંડતાનો આપણને ખ્યાલ આપ્યો છે. આપણે એનું અહીં થોડું થોડું વિશ્લેષણ કરીશું:

તેમનાં ગુણવૈભવમાં પહેલો ગુણ બતાવવામાં આવ્યો છે તેજસ્વી તર્કશક્તિ. વ્યક્તિમાં બુદ્ધિ ઘણી હોય પણ તર્કશક્તિ ન હોય તો તે સાચું સમજતી હોવા છતાં ય કોઈને સાચું સમજાવી ન શકે. કારણ સામેની વ્યક્તિની જે જે પૂર્વગ્રહબદ્ધ કે અવ્યવસ્થિત આડેધડ દલીલો હોય તેને તર્કશક્તિથી જ દૂર કરવી પડે. સામાન્ય સમજાવટ એમાં કામ ન આવે. તેમાં ય આચાર્યશ્રીની આ તર્કશક્તિ સામાન્ય નથી. એને તેજસ્વી વિશેષણ આપવામાં આવ્યું છે. ''સામેની વ્યક્તિ એક વખત દલીલ સાંભળ્યા બાદ એવી અંજાઈ જાય કે એ બીજી વખત દલીલ જ ન કરે. એને તેજસ્વી તર્કશક્તિ કહેવાય.'' આવી તર્કશક્તિ મારી સમજ મુજબ પ્રત્યુત્પન્નમતિનાં કારણે સ્વયંભૂ પ્રગટે છે. પ્રશ્ન આવતાની સાથે જ, ક્યારે ય વિચાર્યું ન હોય તેવા જવાબો તુરત જ ખ્યાલમાં આવી જાય આ તેજસ્વી તર્કશક્તિનું પરિણામ છે. એ પ્રકરણમાં આવા સરસ ઉદાહરણ આચાર્યશ્રીસંબંધી છે. એ જાણવા માટે પણ વાચકે એ પ્રકરણ વાંચવું જ રહ્યું.

એમનો બીજો ગુણ બતાવવામાં આવ્યો છે શ્રેષ્ઠ સ્મૃતિશક્તિ. પોતાની કારકીર્દિની ન્યાય-સાહિત્ય-વ્યાકરણની નવ કઠિન પરીક્ષાઓમાં દરેક વખતે first class first આવવું એ રમત વાત નથી. જેઓ માત્ર કંઠસ્થ કરે છે તેની સ્મૃતિશક્તિ વખતે કંઠમાં જ રહી જાય છે. પણ જેઓ પોતાના અભ્યાસને હૃદયસ્થ કરે છે તેની સ્મૃતિ શ્રેષ્ઠ શક્તિ બનીને જ રહે છે. ૨૬મા પ્રકરણમાં તેમજ અન્યત્ર આચાર્યશ્રીની સ્મૃતિશક્તિના પ્રસંગો અનેક અનેક છે. લાગે છે કે એમણે અવધાનનો પ્રયોગ જાહેરમાં કદી કર્યો નથી. છતાં ય એ મહાન અવધાની જેવા દેખાય છે. એથી એમને જરૂરી પાઠો કંઠસ્થ કરતી વખતે જ યાદ આવતા હતા એમ ન હતું. પણ જ્યારે એના સંદર્ભમાં જે પાઠની જરૂર લાગતી તે પાઠ સ્મૃતિમાંથી એમને આબાદ રીતે ઉપસ્થિત થઈ જતો હતો. કહેવું પડે કે એમની બુદ્ધિનાં **Computer**માં બધી જ વસ્તુ Store કરેલી રહેતી. **Button** દબાવો એટલે બહાર આવ્યા વિના ના રહે.

ત્રીજો ગુણ લખેલ છે અદ્ભુત અનુપ્રેક્ષાશક્તિ. જિનશાસનમાં અનુપ્રેક્ષાશક્તિનો મહિમા ખૂબ જ ગવાયો છે. ચૈત્યવંદન જેવી ક્રિયામાં પણ 'अणुप्पेहाए वड्ढमाणीए' પાઠ છે. ભલે ચૈત્યવંદન કરો, પણ શ્રદ્ધા આદિની સાથે તમારી અનુપ્રેક્ષા પણ વધવી જોઈએ. પૂજ્યપ્રવર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ લોકતત્ત્વનિર્ણય નામના ગ્રન્થમાં કહે છે 'यः श्रुत्वा न विचारेच्च, सः तत्त्वं विन्दते कथम्' જે સાંભળીને વિચારતો નથી - અનુપ્રેક્ષા કરતો નથી તે તત્ત્વને કદી મેળવી શકતો જ નથી. આથી જ પૂર્વધરોમાં પણ અનુપ્રેક્ષાવાન હોય છે તે જ મહાન શ્રુતધર બની શકે છે. આચાર્યશ્રીની અનુપ્રેક્ષા જ્ઞાનપંચમીનાં દેવવંદન સંબંધી કડીમાં સરસ દેખાય છે.

આ જ પ્રકરણમાં એક અન્ય ગુણ બતાવવામાં આવ્યો છે. પ્રશસ્ય પરોપકારવૃત્તિ. શાસ્ત્રો તો કહે છે કે 'स्व – पर कार्याणि साध्नोति इति साधुः' જે પોતાનાં આત્મહિતકર કાર્યની સાથે સાથે પરોપકારમાં પણ મંડી પડે એ જ સાધુ કહેવાય... પૂજ્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની જીવનયાત્રામાં આવા પ્રસંગો ડગલે - પગલે આવ્યા જ કરે છે. એક પરોપકાર એવો થાય છે જેમાં સ્વાર્થને છોડવો પડતો નથી. જ્યારે બીજો પરોપકાર એવો થાય છે જેમાં સ્વાર્થની આહુતિ આપવી પડે છે. આચાર્યશ્રી સ્વાર્થની આહુતિ આપીને પણ પરોપકાર કરતા હતા .તેથી જ એમનો પરોપકાર પ્રશસ્ય પરોપકાર કહેવાયો છે.

આચાર્યશ્રીનો પાંચમો ગુણ બતાવાયો છે પ્રકૃષ્ટ ગુરુભક્તિ. ગુરુભક્તિના અનેક પ્રકારો છે. વિનીત સુશિષ્યો પોતાના ગુરુને સર્વમાન્ય, સર્વાદરણીય,સર્વશ્રદ્ધેય બનાવવા નિરંતર પ્રયત્ન કરતા હોય છે. તેઓ પોતાનું નામ કરવાની ઈચ્છાવાળા નથી હોતા. પોતાના ગુરુનાં નામને જ આગળ કરે છે. પૂજ્ય આચાર્યદેવ સૂર્યોદયસૂરિજી મહારાજે ગુરુનું નામ કરવા માટે શું કર્યું? એ લેખકવર્ય આ. શ્રી રાજરત્નસૂરિજીના શબ્દોમાં જ વાંચીએ કે ''પૂજ્ય આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના કાળધર્મ બાદ પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી ૪૨ સ્થળે ઉપાશ્રયો થયા. એમાનાં ૨૭ ઉપાશ્રયોનાં નામ પૂજ્ય ગુરુદેવની સ્મૃતિરૂપે 'ધર્મવિહાર -ધર્મધામ - ધર્મઆરાધનાભવન 'જેવા રહ્યા. અરે ! અંતિમ માંદગીના બરાબર છ દિવસ પૂર્વે ભાયંદરમાં જે વિશાળ ઉપાશ્રય-આયંબિલભવનસંકુલનું ઉદ્ઘાટન થયું ત્યાં પણ ઉપાશ્રયનું નામ 'ધર્મ આરાધનાભવન' અને સમસ્ત સંકુલનું નામ 'ધર્મવાટિકા' રાખ્યું''.... સુવિનીત શિષ્યો સમર્થ હોય તોય પોતાના ગુરુની નિશ્રા આજીવન છોડતા નથી. આ મોટો ગુરુભક્તિનો ગુણ છે. બાકી શક્તિશાળી કેટલાય યુવાન સાધુઓને પોતાનું સ્વતંત્ર સામ્રાજ્ય સ્થાપવાના અભરખા થયા કરતા હોય છે. પણ અમને અનુભવ છે કે જે ગુરુની નિશ્રામાં ગૌણ થઈને જ રહે છે તેને જ દુનિયા મહાનમાં મહાન સ્વરૂપે સ્વીકારે છે. વ્યાકરણ - સાહિત્ય-ન્યાયતીર્થ તરીકે પ્રસિદ્ધ - દર્ભાવતીતીર્થોદ્ધારક તરીકે પ્રસિદ્ધ - જગડુશા દેરાસરનાં આંદોલનના વિજેતા તરીકે પ્રસિદ્ધ આચાર્યશ્રીના અન્ય ગુણો તો મારા હૃદયને ભીનું -ભીનું કરી દે છે. પણ મારું હૃદય સૌથી વધુ ખેંચાય છે તેમની '૩૮' વર્ષની સંયમની યાત્રા નિરંતર ગુરુનિશ્રામાં સમ્પન્ન થઈ હોવાથી. શાસ્ત્રો કહે છે ''જે શિષ્યના હૃદયમાં ગુરુ વસે છે તે ધન્ય છે. પણ જે શિષ્ય ગુરુનાં હૃદયમાં વસે છે તે તો ધન્યાતિધન્ય છે.'' મને લાગે છે કે આ ગ્રન્થ જે કોઈ સાધુ -સાધ્વી વાંચશે તેઓને આવા જ ગુરુસમર્પિત બનવાના મનોરથો થશે. જે કોઈ શ્રાવક - શ્રાવિકા વાંચશે તેઓને માતા-પિતા અને વડીલને સમર્પિત બનવાના મનોરથો થશે.

આ જ પ્રકરણમાં છઠ્ઠો ગુણ બતાવવામાં આવ્યો છે **પ્રકૃષ્ટ પરિણતિ.** પૂજ્ય આચાર્યદેવ સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની આત્મપરિણતિ એક વાર પણ પરિચયમાં આવનારને પ્રભાવિત કરી દેતી હતી. પણ સામાન્ય સમયમાં પરિણતિમાંથી વિચલિત ન થવું અને કટોકટીભર્યા સમયમાં પરિણતિમાંથી વિચલિત ન થવું આ બે વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. કટોકટીમાં વિચલિત ન થવું એ જ પરિણતિની પ્રકૃષ્ટતા છે.Brainમાં થયેલા Bloodclotનાં ઓપરેશન વખતે તેઓની સ્વસ્થતા અને પચ્ચક્ખાણ ન પારવાનો આગ્રહ એમની સમાધિમૃત્યુની ઝંખનાને પ્રગટ કરે છે. બાકી આવા સમયે ભલભલાના મોતિયા મરી જતા હોય છે. બીજા એક પ્રસંગમાં વૃદ્ધ વય હોવા છતાં પાટ ઉપર લખેલા અક્ષરો હોવામાત્રથી તેઓ પાટનો ત્યાગ કરી નીચે સૂઈ જાય છે જે આત્મજાગૃતિ અને આત્મપરિણતિનું જ્વલંત ઉદાહરણ છે.

આ પછીનો ગુણ બતાવતા આ.શ્રી રાજરત્નસૂરિજી લખે છે કે તેમનામાં **સંઘનિષ્ઠા**નો ગુણ હતો. લગભગ ભારતભરનાં કોઈ પણ સંઘની એવી પરિસ્થિતિ નથી કે જેના ટ્રસ્ટીઓ પોતાની શક્તિમાત્રથી જ સંઘના કામ કરી શકે. અવનવાં આયોજનો અને સંકુલો માટે કોઈ માતબર ગુરુભગવંતની નિશ્રાની જરૂર રહે છે. આવી નિશ્રા પ્રદાન કરવા માટે પૂજ્ય આચાર્યદેવ સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે ક્યારેય પાછી પાની કરી નથી. એમાં ય જગડુશાનગરના જિનાલયને તોડવાનો ઓર્ડર કોર્ટ તરફથી આવી ગયો તે વખતે સંઘનિષ્ઠાથી તેમણે અભૂતપૂર્વ સંગઠનશક્તિ દાખવી. **આ એક જ કાર્ય એમણે જે સફળતાથી પાર પાડ્યું છે તેનાથી પણ તેઓ સમસ્ત શ્રમણસંઘમાં અને શ્રાવકસંઘમાં પંકાઈ ગયા છે. આ મુદ્દે તેમણે તમામ પક્ષો - ગચ્છો - સંપ્રદાયોને એક કર્યા હતા. આ કાર્ય કર્યા બાદ એમને જે જે આચાર્યો અને શ્રમણોના ધન્યવાદ મળ્યા છે તે વાંચતા હૈયું ગદ્‌ગદ્ થયા વિના રહે એવું નથી.**

નવકારમંત્રના મહાઆરાધક સમસ્ત સંઘમાન્ય મહાપુરુષ પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ હંમેશા કહેતા 'सङ्घभेदो महापापम्' = સંઘનો ભેદ કરવો એ મહાપાપ છે. પૂ.આ.દેવ સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ આ મહાપાપથી હંમેશા દૂર જ રહ્યા છે. કમનસીબે છેલ્લા કેટલાય વખતથી વિવિધરૂપે પક્ષવાદ - ગચ્છવાદ ખૂબ જ ફેલાઈ રહ્યો છે. ત્યારે આવા ધુરંધર આચાર્યોએ ગચ્છ - પક્ષવાદને શાંત કરી સહુને શાસનનિષ્ઠ બનવાનો રાહ ચીંધ્યો છે. ખરેખર તો પક્ષ - ગચ્છવાદીઓનાં અંતરમાં ગચ્છવાદ નથી હોતો, પણ મુખ્યત્વે વ્યક્તિવાદ હોય છે.વ્યક્તિની પ્રતિષ્ઠા માટે જ ગચ્છનું ઓઠું લેવાય છે. કારણ કે સ્વયંમાં એટલી ગુણવત્તા નથી હોતી કે જેથી ગચ્છના નામ સિવાય એમની પ્રતિષ્ઠા વધે. અસ્તુ.આવા દૂષણોથી પૂજ્ય આચાર્યશ્રી સદા ય દૂર રહ્યા છે..

આચાર્યશ્રીનો અન્ય ગુણ બતાવવામાં આવ્યો છે **શાસનનિષ્ઠા**. શાસનના એક મહત્ત્વના અંગરૂપ શ્રમણસંઘના વિવિધ સમુદાયોમાં જાણ્યે - અજાણ્યે તે તે સમુદાયોની વ્યવસ્થા ખોરવાય તેવો કોઈ જ હસ્તક્ષેપ ન કરવો એ પણ શાસનનિષ્ઠાનો એક પ્રકાર છે. આ પ્રકરણમાં પ્રસંગ દર્શાવાયો છે કે કોઈ પદસ્થ શ્રમણે પોતાને આચાર્યપદપ્રદાન માટે આચાર્યશ્રીને વિનંતિ કરી. તો તે પ્રસંગે તેઓ નિર્ભીક રીતે કહી શક્યા કે ''જે કાંઈ કરાય એ તમારા ગચ્છાધિપતિની સંમતિથી કરાય. સમુદાયભેદ થાય એવી પ્રવૃત્તિમાં હું નિમિત્ત નહીં બની શકું.'' જો આમ સહુ પરસ્પર એકબીજાના સમુદાયના માન-સન્માન જાળવી શકે અને એમાં ભેદ થાય તેવું ન કરે તો આખરે શાસન જ સબળ થાય..

આવી જ શાસનનિષ્ઠાની વાત પ્રકરણ '૩૬'માં તથા અન્યત્ર મળે છે કે બે મુમુક્ષુબેનને આચાર્યશ્રીના સમુદાયમાં દીક્ષા લેવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં અને પુખ્ત ઉમ્ર-કોર્ટની રજા જેવા પરિબળો તરફેણમાં હોવા છતાં શાસન વિક્ષિપ્ત ન થાય તે માટે તેઓ ત્રણ - ત્રણ વર્ષ - છ વર્ષ સુધી દીક્ષા લંબાવે છે અને દીક્ષાર્થીના પરિવારની સંમતિ કરીને જ દીક્ષા આપે છે... ભાગીને આપવાની દીક્ષા અંગે પૂજ્યશ્રીના વિચારો તમામ શ્રમણવર્ગે ધ્યાનમાં લેવા જેવા છે. તેઓ ધૈર્યપૂર્વક શાસનનિષ્ઠાના ધ્યેયથી પગલું ભરતા હતા. ધૈર્યધર આચાર્યપુંગવને વંદના.

ઘણી વખત એવું બનતું હોય છે કે દૂરના સાથે મૈત્રી વધુ રહે છે, પણ નિકટનાની સાથે પ્રેમભર્યા સંબંધો ટકાવવા મુશ્કેલ બની જાય છે. એટલે ઘણી વખત શાસનનિષ્ઠાની વાત કરનારમાં પણ સમુદાયનિષ્ઠાનો અભાવ જોવાય છે. પણ આ પ્રકરણમાંના સમુદાયનિષ્ઠાના શીર્ષક નીચેની હકીકતો વાંચતા થાય છે કે તેઓમાં સમુદાયનિષ્ઠા પણ વિશિષ્ટ હતી. **એ એક હકીકત છે કે ઈર્ષ્યા મોટે ભાગે નજીકના વર્તુળોમાંથી પેદા થાય છે. સમુદાયનિષ્ઠા માટે ઈર્ષ્યાને નજરઅંદાજ કરવી જરૂરી હોય છે. સ્પર્ધા અને ઈર્ષ્યાના વિજયી આચાર્ય ભગવંતને ભાવપૂર્ણ વંદના...**

## આચાર્યશ્રીની વિરલ વિશેષતાઓનો સ્વાનુભવ

આચાર્યશ્રી સાથેની મારી મુલાકાતો દરમ્યાન મને એમની કેટલીક વિશેષતાઓનો વિરલ અનુભવ થયો. એમાંની એક હતી એમનું ગાંભીર્ય. આમ તો કહેવાય છે કે 'अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैर – त्यागः' પણ પૂજ્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજને મળતા લાગે છે કે 'गाम्भीर्यप्रतिष्ठायां तत्सन्निधौ तुच्छत्व – त्याग :' હું ઘણી વાર તેઓને મળ્યો, વંદન કરી કૃતાર્થ થયો. પરંતુ એક પણ વાર તેમણે મારા પર પોતાનો પ્રભાવ પાડવાની કોઈ કોશિશ ન કરી. હજી મને કાંઈક મન થઈ જતું કે તેઓશ્રીને આંજી દઉં. પણ તેમના શાંત - પ્રસન્ન અને ગંભીર ચહેરાની એટલી અસર પડતી હતી કે આપણા વિચાર પણ ઠરી જાય. ત્યારે મન ઝૂકી જતું કે કેવું ગાંભીર્ય - કેવી દેખાડાથી દૂર રહેવાની વૃત્તિ.

એક વખત અમે તેઓના ઉપદેશથી તૈયાર થતા ધર્મધામતીર્થે મળ્યા. બીજા દિવસે સવારે મારે વિહાર કરવાનો હતો. અમે વંદન કરવા ગયા. ત્યારે જ આ. રાજરત્નસૂરિજી તરફથી ખબર પડી કે ''આજે આચાર્યશ્રીનો દીક્ષાદિન છે.'' કોઈ આયોજન નહીં. આજ-કાલ તો સામાન્ય સાધુઓ માટે પણ દીક્ષાદિવસનાં આયોજન થતા હોય છે. એમનાં મુખ પર હંમેશા સ્મિત તો રહેતું જ. પણ મને લાગે છે કે તેમણે તે વખતે જે સ્મિત કર્યું એ સ્મિતમાં જાણે ગંભીરતાનું Godown હોય તેવો અનુભવ થયો. મેં ત્યાં જ એમના દીક્ષાદિનનું ગીત બનાવ્યું અને મને તરત જ દીક્ષાદિવસનું ગીત ગાવાનો લાભ મળ્યો. તેમણે શાંતિથી સાંભળ્યું. એ દ્રશ્ય ભુલાય તેવું નથી. તેઓએ કેટલા ભવ્ય કાર્યો કર્યા છે

એ તો આ ગ્રંથ વાંચનારને સ્વયં સમજ પડી જશે. પણ એની મહત્તાનો ટોપલો તેઓએ કદી માથા પર ઉપાડી રાખ્યો નથી. લોકો સહજયોગની વાત કરે છે. પણ આવા અલગારી મહાત્માઓને જોતાં લાગે છે કે આવા મહાપુરુષો સહજ યોગસિદ્ધ મહાપુરુષ છે.

## લોકપ્રિયતાની પારાશીશી સમી આચાર્યશ્રીની ૨૯ કિ.મી. દીર્ઘ ઐતિહાસિક અંતિમયાત્રા

જીવનનાં અંતિમવર્ષે આચાર્યશ્રી મને વાલકેશ્વર મળ્યા ત્યારે સંપૂર્ણ સ્વસ્થ હતા. એ વર્ષે તેઓ જે ત્વરાથી એક પછી એક શાસનકાર્યો કરતા હતા એ જોતાં આ 'સૂર્યોદય' નો જલ્દીથી 'સૂર્યાસ્ત' થશે એવી કોઈ કલ્પના ન હતી. પણ એકાએક પહેલા માંદગીના અને તે પછી થોડા દિવસમાં તેમના કાલધર્મના સમાચાર આવ્યા. મન તેમનાં અંતિમ દર્શન કરવા ઊછળતું હતું .પણ સ્થાનનાં ખૂબ મોટા અંતરનાં કારણે અંતિમ દર્શનનો લાભ અમે ન લઈ શક્યા. પરંતુ જ્યારે આ. રાજરત્નસૂરિજીનું અંધેરીથી ભાયંદર સુધીની અંતિમયાત્રાનું આયોજન સાંભળ્યું ત્યારે છક થઈ જવાયું . અંતિમયાત્રાનો માર્ગ '૨૯' K.M. નો હતો. સફળતા માટે મન શંકાશીલ થઈ ઉઠ્યું. પણ પૂજ્ય ધર્મસૂરીશ્વરજી મ.સા. અને પૂજ્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનાં મુંબઈ પરના ઉપકારોએ મારા જેવા તમામની શંકાઓ દૂર કરી નાંખી. આ. રાજરત્નસૂરિજીનો આત્મવિશ્વાસ ગજબનો અને જનતાનો કૃતજ્ઞભાવ એથી પણ ગજબનો. સવા લાખની મેદનીથી છલકાતી એમની આ દીર્ઘ અંતિમયાત્રા એમની લોકપ્રિયતાની અને સફળ જીવનની પારાશીશી હતી. આ મહાપુરુષ માટે મને એક શ્રાવક કહેતા હતા કે ''સાહેબ ! આવી વિભૂતિઓ માટે હાથ જોડતાં પહેલાં જ હૈયું ઝૂકી જાય છે.''

## આ મહાગ્રન્થના સર્જક સિદ્ધહસ્તલેખક આ.શ્રી રાજરત્નસૂરિજી

જેમની કલમથી લાખો જૈન - અજૈન વાચકો પરિચિત છે તે આ.શ્રી રાજરત્નસૂરિજી આ મહાગ્રન્થના નાયક પૂ.આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. ના પટ્ટશિષ્ય અને મારા આત્મીય મિત્ર છે. દરિયામાં ઊછળતા મોજાની જેમ એમની ગુરુભક્તિ આ મહાગ્રન્થમાં લગભગ બધી જગ્યાએ ઊછળતી દેખાય છે. તેઓ બાળવયે એમના ગુરુજી પાસે દીક્ષા પામી શિક્ષાના - સમર્પણના પાઠો શીખ્યા છે અને એમના હસ્તે જ જીવનઘડતર પામ્યા છે. એથી સ્વાભાવિક છે કે એમની ગુરુભક્તિ ઊછળતી હોય. એમની ગુરુભક્તિનો સૌથી વધુ ઊછાળો મને પ્રકરણ-૫૨ માં દેખાયો છે. એમણે પ્રસ્તાવના લખવા જ્યારે આ મહાગ્રન્થ મારી પાસે મોકલ્યો ત્યારે એ સમગ્ર લખાણ એમના હાથે લખાયેલ પ્રેસકોપીરૂપે હતું . રાજરત્નસૂરિજીના અક્ષર એટલે જાણે કાગળ પર ચોંટાડેલા રત્નો. વાંચવામાં જરા ય કષ્ટ ન પડે અને જોવાથી મન ખુશ થઈ જાય. ગાંધીજીનું એક વાક્ય યાદ આવે છે કે 'ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે.'જો કે, હું એમ નથી કહેતો કે રાજરત્નસૂરિજીના અક્ષરો સારા છે માટે જ એમની કેળવણી પૂરી છે. ખરેખર તો અક્ષરની સાથો સાથ એમની કલમ - એમની લખાવટ પણ આકર્ષક છે. એમની કલમે આલેખાતી 'ગુજરાત સમાચાર'ની 'અમૃતની અંજલિ' કોલમ દ્વારા અનેકાનેક લોકો ધર્માભિમુખ બન્યા છે. એ વાંચતા ઘણાને ખ્યાલ આવે છે કે વિષયોની રજૂઆત કરવાની એમની હથોટી કેવી મજબૂત છે. ઘણી વાર વિષયો મહાન હોય છે. પણ એની રજૂઆત કરતા ન આવડે તો તે તે વિષયોને અન્યાય થાય. આ મહાગ્રન્થમાં પણ તેમણે દરેક બાબતની સરસ રજૂઆત કરી છે. ખાસ કરીને પ્રકરણ-૨૬ માં તેમણે આચાર્યશ્રીનો વિરલ ગુણવૈભવ ખૂબ જ અસરકારક રજૂ કર્યો છે. દરેકે એ પ્રકરણ ખાસ વાંચવા જેવું છે. આ ચરિત્રની લેખનશૈલી એમણે લંબાણભરી રાખી છે. પણ આ ચરિત્ર વાંચતા વાંચતા વાચક થાક અનુભવવાના બદલે સ્ફૂર્તિ અનુભવે એવી એ શૈલી છે. તેઓ આટલી બધી વ્યસ્તતાઓ વચ્ચે બાવન પ્રકરણોનું આ વિશાલ જીવનચરિત્ર લખી શક્યા છે એ તેમની ગુરુભક્તિનાં કારણે જ. એમની ગુરુભક્તિને મારા ખૂબ ખૂબ ધન્યવાદ છે.

આમ તો આ આખું જીવનચરિત્ર વાંચીને ધન્ય બની જવાય તેવું છે. પણ તો ય મારી ધારણા મુજબ દરેક મુમુક્ષુએ પ્રકરણ ૬-૭-૮-૯-૧૦ ખાસ ધ્યાાનપૂર્વક વાંચવા જેવા છે. સંયમજીવનની તાલીમ Course જેવા આ પ્રકરણો છે. મારું આ.રાજરત્નસૂરિજીને નમ્ર સૂચન છે કે મુમુક્ષુઓને હિતશિક્ષા પ્રાપ્ત થાય તે માટે આટલા પ્રકરણોની એક અલગ પુસ્તિકા તેને લગતી હિતશિક્ષાઓ સહિત પ્રગટ કરાય. અન્ય એક સૂચન એ છે કે આ ગ્રન્થમાં ઠેર ઠેર તેઓએ પ્રસંગાનુરૂપ સુભાષિતો - શ્લોકો ખૂબ જ યોગ્યરૂપે આલેખ્યા છે.આ તમામ સુભાષિતો - શ્લોકો તેના ભાવાર્થ સાથે આ જ ગ્રન્થમાં એક અલગ પરિશિષ્ટરૂપે મુકાય*. તેમની લેખનશૈલી એવી રસાળ છે કે દરેક પ્રસંગો જાણે ચલચિત્રની જેમ આપણી નજર સામેથી પસાર થતા હોય એવો આભાસ થાય. ખાસ કરીને આ ગ્રન્થનું પ્રકરણ - ૫૧ વાંચતા આપણને એવો અહેસાસ જરૂર થશે કે જાણે પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની સમગ્ર અંતિમયાત્રા આપણી નજર સામેથી જ પસાર થઈ રહી છે.

આ.શ્રી રાજરત્નસૂરિજીએ પોતાના ગુરુજીને આજીવન ગુરુઅંતેવાસીરૂપે 'ધર્મછાયા' બનીને જોયા છે, તો તેઓ પોતે પણ આજીવન ગુરુઅંતેવાસીરૂપે 'સૂર્યોદયછાયા' બનીને રહ્યા છે. તેમના આ ગુરુસમર્પણની મારાં મનમાં ઊંડી છાપ છે. એથી પ્રાર્થના કરું છું કે 'સૂર્યોદય'ના આ 'રાજરત્ન'નું તેજ પણ સર્વત્ર પથરાય.તેઓ હાલમાં તેમના ગુરુદેવનો ધર્મવારસો સવાયો દીપાવી રહ્યા છે ને ભાવિમાં પણ દીપાવશે એવી આશા છે. આ ગ્રન્થના અમૂક પ્રસંગો વાંચતા મારું મન પણ મારા ઉપકારી ગુરુદેવનાં સંસ્મરણથી લાગણીભીનું થઈ જાય છે. કેમ કે ગ્રન્થમાં એ ઉલ્લેખો છે કે પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. આ ગ્રન્થલેખકને 'રાજા'ના હુલામણા નામે બોલાવતા. મારા પૂજ્ય ગુરુદેવ પણ મને કાયમ આ જ હુલામણા નામે બોલાવતા હતા. આ. શ્રી રાજરત્નસૂરિજીએ મને આ મહાગ્રન્થની પ્રસ્તાવના દ્વારા ગુણાનુવાદની સરસ તક આપી એ બદલ એમનો આભાર માનું છું. અંતમાં, વાચકો માટે એ શુભ કામના કરું છું કે આ ગ્રન્થમાંનો 'સૂર્યોદય' સહુના આધ્યાત્મિક ભાગ્યોદયનું નિર્માણ કરો....

(વિ.સં. ૨૦૭૪, પ્ર. જેઠ વદિ-૧૦, શનિવાર. તા.૧૦-૬-૨૦૧૮. જૈન આગમમંદિર, પાલિતાણા)

---

* પૂજ્યશ્રીનાં આ સૂચનનો અમલ કરી આ મહાગ્રન્થના ૧૧મા પરિશિષ્ટમાં તે સુભાષિતાદિ ભાવાર્થ સાથે રજૂ કરાયા છે. - સંપાદક.

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नम :

હ્દયેશ્વરને હ્દયાંજલિ હ્દયેશ્વરને હ્દયાંજલિ હ્દયેશ્વરને હ્દયાંજલિ

# હ્દયેશ્વરને હ્દયાંજલિ

## લેખકીય નિવેદન

–પૂ. સિદ્ધહસ્તસર્જક આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.

'શાંતસુધારસ' સમા અજોડ ભાવનાગ્રન્થના ઉદ્ગાતા અને કલ્પસૂત્રસુબોધિકાટીકા - લોકપ્રકાશ જેવા અદ્ભુત શાસ્ત્રોના સર્જક મહાન વૈયાકરણ સમર્થ વિદ્વાન પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરે 'શાંતસુધારસ' ગ્રન્થની પ્રમોદભાવનામાં એક સદાબહાર શ્લોક આ રચ્યો છે કે :-

जिह्वे ! प्रह्वीभव त्वं सुकृतिसुचरितोल्लासने सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्याऽन्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ।।

ભાવાર્થ કે સદાચારી - સજ્જનોની જીવનકથા કહેવામાં મારી જીભ તત્પર રહો - ખુશહાલ રહો, અન્યોની સારી સારી કીર્તિકથાના શ્રવણરસથી મારા કાન પાવન બનો, અન્યોની પ્રૌઢ ગુણસંપદા-ઐશ્વર્યસંપદા નિહાળી મારાં નયનો સંતુષ્ટ થાઓ - પ્રસન્ન થાઓઃ આ સંસારમાં માનવજન્મનું જો કોઈ મુખ્ય મહાન ફળ હોય તો તે આ છે...

આવો જ મસ્ત થનગનતો પ્રમોદભાવ પેલી ગુર્જરગીત-કડીમાં ય ઝળહળે છે કે :-

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે ;
એ સંતોનાં ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે...

સાર એ થયો કે ગુણવાન વ્યક્તિના ગુણોનાં સંકીર્તનનો - વાચનનો - શ્રવણનો કે દર્શનનો અવસર સંપ્રાપ્ત થાય તો એ ભાગ્યનો વિષય છે. હવે ધારો કે એ ગુણવાન વ્યક્તિ - સદ્ગુણખચિત મહાપુરુષ આપણા સદ્ગુરુ હોય તો ? તો એમનું ગુણસંકીર્તન અવશ્ય સૌભાગ્યનો વિષય ગણાય. એટલે જ તો ગુરુ બહુમાન-ગુરુગુણાનુરાગ માટે 'પંચસૂત્ર'કાર પરમર્ષિએ આ મજાની પંક્તિ લખી છે કે 'आयओ गुरुबहुमाणो अवंझकारणत्तेण अओ परमगुरुसंजोगो तओ सिद्धि असंसयं.' ભાવાર્થ કે ભાવિમાં આ ગુરુબહુમાન અવન્ધ્ય કારણરૂપ બની પરમગુરુનો - પરમાત્માનો સંયોગ કરાવે અને એનાથી નિઃસંશય મોક્ષપદ પ્રાપ્ત થાય. સદ્ગુરુ તો શિષ્ય માટે પંચમહાભૂત સાથે સામ્ય ધરાવતી પાંચ - પાંચ વિશેષતાઓના ખજાના સમા છે. જરા સમજીએ આ વાત :

સાધક માટે - શિષ્ય માટે સદ્ગુરુ પૃથ્વીતત્ત્વની ગરજ સારે છે. જેમ પૃથ્વીને કોઈ આગ લગાવે કે ખનન માટે કુહાડીનો પ્રહાર કરે, એના પર કોઈ કચરો ફેંકે કે અશુચિ કરેઃ આ બધું જ એ સહન કરે છે. એમ સદ્ગુરુ શિષ્યના વિચારો - વિકારો - આવેશ - અભિમાન - આસક્તિ - દંભ વગેરે બધું જ ઉદાર ભાવે સહન કરે છે...સદ્ગુરુ શિષ્ય માટે જલતત્ત્વની ગરજ સારે છે. જલ જેમ અત્યંત તૃષાતુર - શ્રમિત - ગરમીથી ત્રસ્ત વ્યક્તિને સંતૃપ્તિ આપે, તેમ સદ્ગુરુ શિષ્યના સંશયો - સમસ્યાઓ - ઉલઝનો દૂર કરીને એને પરમ સંતૃપ્તિનો સરસ અનુભવ કરાવે છે...શિષ્ય માટે સદ્ગુરુ છે અગ્નિતત્ત્વ સમા. અગ્નિ જેમ સુવર્ણની મલિનતાને ઓગાળી નાંખે - કચરાના ગંજના ગંજ બાળીને ખાખ કરી દે, એમ સદ્ગુરુ પણ શિષ્યના દોષોના - દૂષણોના - દુષ્ટ વૃત્તિના કચરાને બાળીને ભસ્મસાત્ કરી દે છે...શિષ્ય માટે સદ્ગુરુ છે વાયુતત્ત્વ સમા. વાયુ જેમ તણખલાથી લઈને નૌકા સુધી દરેકને પ્રગતિ કરાવે છે, એમ સદ્ગુરુ પણ શિષ્યને અધ્યાત્મક્ષેત્રે પ્રગતિ ને પ્રગતિ જ કરાવે છે...શિષ્ય માટે સદ્ગુરુ છે આકાશતત્ત્વ સમા. આકાશ જેમ દરેક પદાર્થ માટે અવસ્થાનરૂપ - આધારરૂપ બને છે, એમ સદ્ગુરુ પણ શિષ્યના સર્વાંગીણ આત્મવિકાસ માટે આધારરૂપ બને છે.

પણ...સબૂર ! સદ્ગુરુ બે પદ્ધતિએ શિષ્યનું કલ્યાણ કરે છે. એક એ કે તેઓ પરોક્ષ - દૂર રહીને વચન દ્વારા - ઉપદેશ દ્વારા - આદર્શરૂપ જીવનશૈલી દ્વારા શિષ્યનું કલ્યાણ કરે. આમાં નજરે તરી આવે એવી એમની કોઈ સક્રિયતા નથી હોતી. જ્યારે બીજી પદ્ધતિ એ છે કે તેઓ પ્રત્યક્ષ - સાવ નિકટ રહી સક્રિયતાપૂર્વક શિષ્યનું હિત કરે - કલ્યાણ કરે. એ ઉન્માર્ગે જતાં શિષ્યને સારણાદિપ્રયોગથી વારે પણ ખરા અને સન્માર્ગે જતાં શિષ્યને સર્વાંગીણ સહાયપ્રયોગથી ઉત્સ્ફૂર્ત પ્રગતિ કરાવે ય ખરા. હવે ધારો કે આ બીજી પદ્ધતિથી જે સદ્ગુરુ શિષ્યનું ઐકાંતિક -

આત્યંતિક હિત કરતા હોય તેવા સદ્ગુરુનાં ગુણસંકીર્તનનો લહાવો એમના અનુપમ ઉપકારવાસિત શિષ્યને મળતો હોય તો? તો ચોક્કસપણે કહી શકાય કે શિષ્યનું એ પરમભાગ્ય કહેવાય.

આજની ક્ષણે - આ નિવેદન લખવાની પળે મને એ પરમભાગ્યની જાણે કે અભિવ્યક્તિની તક મળી હોય એવી ઊંડાણભરી અનુભૂતિ થઇ રહી છે. કારણ કે આ મહાગ્રન્થમાં મેં જેમના અઢળક ગુણો વિશે સંકીર્તન કર્યું છે તે પૂજ્યપાદ અનંતોપકારી શાસનધુરીણ પ્રૌઢપ્રભાવશાળી આચાર્યપ્રવર શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ મારા માટે માત્ર ગુણનિધાન મહાપુરુષ જ નથી, બલ્કે એથી ય આગળ જીવનશિલ્પી સદ્ગુરુપણ છે. તેઓ મારા માટે માત્ર જીવનશિલ્પી સદ્ગુરુ જ નથી, બલ્કે એથી ય વિશેષ મને આજીવન નિશ્રા પ્રદાન કરીને પૂર્ણ સક્રિયપણે મારી ખામીઓ દૂર કરનાર ખૂબીઓ વિકસાવનાર પ્રત્યક્ષ ઉપકારી સદ્ગુરુ છે. આવા ગુણનિધાન પ્રત્યક્ષ ઉપકારી સદ્ગુરુનાં જીવનગ્રન્થાલેખનનાં માધ્યમે એમનાં ગુણસંકીર્તનની તક મારા માટે પરમભાગ્યનો જ વિષય ગણાય ને? ના, આ જીવનગ્રન્થાલેખનને હું ગુરુઋણમુક્તિની તક જરા પણ માનવા તૈયાર નથી. કારણ કે મને એ સ્પષ્ટ ખ્યાલ છે કે શિષ્ય માટે ગુરુઋણમુક્તિ શક્ય નથી હોતી. એથી જ તો લખાયું છે કે :-

एकमेवाक्षरं यस्तु, गुरुः शिष्यं प्रबोधयेत्।
पृथिव्यां नाऽस्ति तद्द्रव्यं, यद् दत्त्वा चाऽनृणी भवेत्।।

મતલબ કે જે સદ્ગુરુ શિષ્યને ફક્ત એક અક્ષરનો પણ યથાર્થ બોધ કરાવે એ સદ્ગુરુનો ઉપકાર એવો મહાન બની જાય છે કે એનો પ્રત્યુપકાર (બદલો) કરવા માટે સમગ્ર પૃથ્વી પરનું કોઇ દ્રવ્ય-કોઇ સમૃદ્ધિ સમર્થ બની શકતી નથી. વાસ્તવિકતા જો આ જ છે તો જેઓશ્રીએ મારા અસ્તિત્વના અણુ અણુ પર-જીવનની દરેક ક્ષણ પર અવર્ણનીય અનંત ઉપકારો કર્યા છે તે અનંતોપકારી પૂ. ગુરુદેવશ્રીની આ જીવનચરિત્રાલેખનરૂપ ભક્તિને હું ઋણમુક્તિની તક ક્યાંથી માની શકું? મારા માટે તો એ માત્ર ને માત્ર પરમ ભાગ્યનો અવસર છે. આ પરમ ભાગ્યને જો મારે ફક્ત બે શબ્દોમાં ઢાળવું હોય તો એના માટે મારી પસંદગીના બે શબ્દો છે 'હૃદયેશ્વરને હૃદયાંજલિ.' કારણ કે પૂજ્ય ગુરુદેવશ્રી મારા માટે ખરા અર્થમાં અક્ષરશઃ હૃદયેશ્વર હતા, છે ને રહેશે. યાદ આવે છે મને અહીં પેલી હૃદયસ્પર્શી પંક્તિ કે :-

હૃદય મંદિરના સાચા દેવ મેં તો, તમને માન્યા છે;
નજરમાં હો ભલે લાખો, હૃદયમાં તમને રાખ્યા છે...

હૃદયેશ્વર પૂજ્યશ્રીને હૃદયાંજલિ આપવાનો નાનકડો પ્રયાસ એટલે આ જીવનગ્રન્થાલેખન. આ સમગ્ર ગ્રન્થ અનન્ય ઉપકારી હૃદયેશ્વર પૂજ્યશ્રીને અપાયેલ હૃદયાંજલિમાત્ર છે, એથી વિશેષ કાંઇ નહિ. આ હૃદયાંજલિ કોઇ એકાદ પત્રથી યા એકાદ લેખથી આપવાનાં સ્થાને એક દલદાર જીવનગ્રન્થથી આપવાની તક મને સાંપડી છે એ જ મારું પરમ ભાગ્ય છે.

હૃદયેશ્વર સદ્ગુરુભગવંતને ગ્રન્થનાં માધ્યમે હૃદયાંજલિ અર્પવાનું પરમભાગ્ય પ્રભુકૃપાથી મને આ બીજી વાર સંપ્રાપ્ત થઇ રહ્યું છે. આ રીતે જેઓને હૃદયાંજલિ આપવાની તક મળી છે એ બન્ને સદ્ગુરુભગવંતો મારાં જીવનના શ્રેષ્ઠ આદર્શરૂપ વ્યક્તિત્વો છે. એમાંના પ્રથમ ગુરુભગવંત એટલે પૂજ્યપાદ મહાન શાસનજ્યોતિર્ધર સમર્થ સંઘનાયક શતાધિક જિનાલયપ્રણેતા યુગદિવાકર આ. ભ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ. આજથી તેર વર્ષ પૂર્વે એ પૂજ્યપ્રવરશ્રીને છસો બહોંતેર પેજના દલદાર 'યુગદિવાકર' મહાગ્રન્થના માધ્યમે હૃદયાંજલિ અર્પવાની તક મળી હતી. તેર વર્ષ બાદ પુનઃ આ જીવનગ્રન્થનાં માધ્યમે અનંતોપકારી પૂ. ગુરુદેવશ્રીને હૃદયાંજલિ અર્પવાની તક મળી છે. નિખાલસભાવે જણાવું તો પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવશ્રી કે પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક ગુરુદેવશ્રી, આ બેમાંથી મારાં જીવન પર કોની અસર સૌથી અધિક છે એ નક્કી કરી શકું તેમ નથી. બન્ને મારા માટે અલગ અલગ દૃષ્ટિબિંદુથી સર્વોચ્ચ સ્થાને છે. આમ છતાં એ ચોક્કસ છે કે પૂજ્ય યુગદિવાકર ગુરુદેવશ્રીને મેં સાતથી ચૌદ વર્ષની વયના તબક્કામાં નિકટથી નિહાળ્યા ને માણ્યા હોવાથી એમનું આકર્ષણ મુખ્યત્વે પુણ્યપ્રભાવપ્રધાન અને વાત્સલ્યપ્રધાન રહ્યું છે. એમના અદ્ભુત ગુણવૈભવનો ખ્યાલ તો એમના જીવનગ્રન્થનાં આલેખન સમયે પ્રગટ્યો. જ્યારે પૂજ્ય દર્ભાવતીતીર્થોદ્ધારક ગુરુદેવને મેં સાતથી અડતાલીશ વર્ષની વયના તબક્કામાં નિકટથી માણ્યા-અનુભવ્યા હોવાથી એમનું આકર્ષણ મુખ્યત્વે ઉપકારપ્રધાન અને ગુણાઢ્યતાપ્રધાન રહ્યું છે.

આ રીતે કારણનાં તારણ ભલે અલગ હો, પરંતુ બન્ને જીવનાદર્શ ગુરુવર્યોને ગ્રન્થોનાં માધ્યમે હૃદયાંજલિ અર્પવાના લાભનો આનંદ હૈયે સીમાતીત-શબ્દાતીત છે. અમારા સમુદાયમાં વડીલ પૂજ્યોનાં જીવનને આટલા વિશાલ સ્વરૂપમાં અથેતિ આલેખતાં ગ્રન્થો માત્ર આ બે જ છે. એ બન્નેનાં આલેખનનો લાભ દેવ-ગુરુકૃપાથી મને મળ્યો હોવાથી ચોક્કસપણે મને 'શાંતસુધારસ' ગ્રન્થના પૂર્વોક્ત શ્લોકની ચતુર્થ પંક્તિ મારા માટે ચરિતાર્થ થતી જણાય છે કે 'संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव.' ભાવુકતાની પરાકાષ્ઠાએ હૈયું એ લખવા લાલાયિત છે કે મને આ બે ગ્રન્થોનાં માધ્યમે જીવનસાર્થક્ય સિદ્ધ થઇ ગયાની અનુભૂતિ થાય છે. હવે જીવનમાં કોઇ સ્વપ્ન-કોઇ ઝંખના શેષ નથી : સિવાય ગુણાઢ્યતા. બાહ્ય સ્તરે કોઇ શુભ કાર્યો મારા હસ્તે થાય યા ન થાય, મને હવે એનો કોઇ વિશેષ આનંદ યા અફસોસ નહિ રહે. કેમ કે જે કરવા યોગ્ય હતું એ તો સરસ સિદ્ધ થઇ જ ગયું છે.

હૃદયેશ્વરને હૃદયાંજલિ

આ સમગ્ર જીવનચરિત્રાલેખનની ક્ષણોમાં પૂજ્યશ્રી અંગે બે પ્રકારની લાગણીઓ વારંવાર ઊમટતી રહી છેઃ એક અસ્તની લાગણી અને બીજી અસ્તિત્વની લાગણી. ઘણી બધી વાર એવું બન્યું છે કે પૂજ્યશ્રીના જીવનપ્રસંગોની રંગપૂરણી કરતા કરતા તે તે પ્રસંગો તાદશ થઇ જાય, મન ભાવાર્દ્ર થઇ જાય અને ત્યારે એવું 'Feel' થાય કે 'પણ હવે તો પૂજ્યશ્રીનાં જીવનનો સૂર્યાસ્ત થઇ જ ગયો છે ને? ગમે તેટલું લખું તો ય હવે મને ક્યાં પૂજ્યશ્રી પ્રત્યક્ષ મળવાના જ છે? પહેલા તો આ પ્રસંગે એ મારી સમક્ષ-પ્રત્યક્ષ જ હતા. જેટલી વાર જે વાતો કરવી હોય તે થઇ શકતી હતી. હવે તો મારે માત્ર આ પ્રસંગ લખવાનો જ ને? પ્રત્યક્ષ સાન્નિધ્ય છે જ ક્યાં?' અને... ત્યારે અસ્તની લાગણીથી ઘણી વાર અક્ષરશઃ આંસુ સરી ગયા છે. ખાસ કરીને પૂજ્યશ્રીના પ્રત્યુત્પન્નમતિના ઉત્તરો, ઘાટકોપરની રાત્રિપ્રવચનસભાના 'किं तत्त्वं' શબ્દ દ્વારા અચાનક અપાયેલ વિષય પરના પ્રવચન જેવા પ્રજ્ઞાપ્રધાન-શાસ્ત્રબોધપ્રધાન પ્રસંગો, જગડૂશાતીર્થરક્ષા-દર્ભાવતીતીર્થોદ્ધાર જેવા સાથે મળીને થયેલ પ્રસંગો વગેરેનાં આલેખન સમયે પૂજ્યશ્રી જાણે વેંત દૂર લાગવા છતાં પછી તરત લાખો જોજન દૂર લાગ્યા છે. ત્યારે આંખ અને અંતરનાં ખૂણેખૂણા ભીંજાતા રહ્યા છે...

બીજી લાગણી છે અસ્તિત્વની. ગ્રન્થનાં આલેખન સમયે વારંવાર એ લાગણીઓ પણ પ્રબળ રહી છે કે 'પૂજ્યશ્રીની ચિરવિદાય થઇ છે જ ક્યાં? પૂજ્યશ્રી તો મારી સાથે જ છે- હાજરાહજૂર જ છે. અંજન-પ્રતિષ્ઠા જેવાં સંઘકાર્યોમાં આ મારી સાથે રૂબરૂ વાતો કરી રહ્યા છે, આ સલાહ-સૂચન આપી રહ્યા છે, આ પ્રોત્સાહન-પીઠબળ આપી રહ્યા છે, આ એમના જ શબ્દો તો કાનમાં ગુંજી રહ્યા છે' વગેરે વગેરે. આમ બન્ને પરસ્પર વિરુદ્ધ લાગણીઓ આ જીવનગ્રન્થાલેખન સમયે વારંવાર પ્રગાઢપણે દિલ-દિમાગ પર પકડ જમાવતી રહી છે. અસ્તિત્વની લાગણી પ્રબળ જામી રહેવાનું બીજું મુખ્ય કારણ છે પૂજ્યશ્રીની તસવીર. આ જીવનગ્રન્થનો પ્રત્યેક અક્ષર આલેખતા પૂજ્યશ્રીની તસવીર સતત સામે ને સામે જ રાખી છે. એનાથી એ ભાવ અસ્ખલિત ઘુંટાતો રહ્યો કે 'પૂજ્યશ્રી મારી સાવ સામે ને સાથે જ છે. એ જ તો આ ગ્રન્થ લખાવી રહ્યા છે.'

જેઓ મારા પરિચયમાં છે તેઓને એ ખ્યાલ છે કે દરેક લેખનમાં-દરેક મહત્ત્વના વાર્તાલાપમાં-ચર્ચામાં પૂ. ધર્મસૂરિદાદા અને પૂ. ગુરુદેવશ્રીની સંયુક્ત તસવીર સામે સ્થાપીને પછી જ મારાં તે તે કાર્ય શરૂ કરતો હોઉં છું. વિ.સં. ૨૦૫૫ થી આજ પર્યંત એ ઉપક્રમ અખંડ જારી છે. એનાથી મને એવો પ્રબળ અહેસાસ થતો રહ્યો છે કે બન્ને ગુરુદેવો સતત મારી સાથે જ છે. પૂજ્યશ્રીના સંદર્ભની વાત કરું તો, અંતિમ માંદગીના પ્રથમ દિવસથી જ અમે એમની દેહપ્રમાણ તસવીર કરાવી છે. વિહાર કરી ઉપાશ્રયમાં આવીએ ત્યારે સૌથી પહેલા પૂજ્યશ્રીની એ દેહપ્રમાણ તસવીર એમના જ વપરાશના આસન પર વિરાજિત થાય, પછી અમે સહુ બેસીએ. પ્રવચનસભામાં ય પાટ પર વચ્ચે પૂજ્યશ્રીની એ ભવ્ય તસવીર વિરાજિત થાય, પછી એની બાજુમાં બેસી અમારાં પ્રવચનો થાય. અરે ! ગણિ-પંન્યાસ-આચાર્યપદપ્રદાન સમારોહ પણ અમે પૂજ્યશ્રીની આ રીતની પ્રત્યક્ષકલ્પ અધ્યક્ષતામાં જ યોજ્યા છે. આનાથી સતત પૂજ્યશ્રીનાં અસ્તિત્વની અનુભૂતિ થતી રહી છે.

છતાં પૂજ્યશ્રીની પાર્થિવ દૃષ્ટિની ચિરવિદાય બાદના ચાર પ્રસંગોની સ્મૃતિ કરું છું ત્યારે તો ભાવુકતાથી નહિ, વાસ્તવિકતાથી એ સ્પષ્ટ લાગે છે કે આ માત્ર ને માત્ર પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવમય જીવંત અસ્તિત્ત્વથી જ થયું છે. મારી આમાં કોઇ ગુંજાયેશ છે જ નહિ. એ પૈકી પ્રથમ બાબત એટલે પૂજ્યશ્રીનાં ગુરુમંદિરો. પૂજ્યશ્રીના કાલધર્મદિને મેં વધુમાં વધુ ધર્મધામ તીર્થ-ભાયંદર બાવન જિનાલય તીર્થ-દર્ભાવતીતીર્થના મળી ત્રણ ગુરુમંદિરોની ધારણા કરી હતી. પરંતુ ગુરુમંદિરો થયાં અટ્ઠાવીશ!! એ પણ સાવ સહજ સામાન્ય પ્રેરણાથી... બીજી બાબત બની પૂજ્યશ્રીની અંતિમ સંસ્કારભૂમિ ભાયંદર-બાવન જિનાલય તીર્થના ગુરુમંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અમારા શ્રમણવૃંદમાં થયેલ (૫+૧) છ-છ બાળ યુવાન મુમુક્ષુ ભાઇઓની દીક્ષાની. આ તમામ મુમુક્ષુઓ મુંબઇના અને સુખી-સંપન્ન પરિવારોના હતા... ત્રીજી બાબત બની આ મહાગ્રન્થનાં લેખનની. ઉપધાનતપ-અંજનશલાકા-પ્રતિષ્ઠાઓ-પ્રવચનો અને નિયત લેખનની જવાબદારીઓ વચ્ચે એક નવી અલગ જવાબદારી અદા કરવી સમયદૃષ્ટિએ ખૂબ મુશ્કેલ હોવા છતાં માત્ર દશ માસમાં આ મહાગ્રન્થનું સંપૂર્ણ આલેખન થઇ શક્યું એ પૂજ્યશ્રીનો જ પુણ્યપ્રભાવ છે... ચોથી બાબત એટલે પૂજ્યશ્રીની પુણ્યસ્મૃતિમાં ભવ્ય ધર્મ-સૂર્યોદયધામ-જીરાવલાપાર્શ્વનાથતીર્થનિર્માણ નિર્ણય. પૂજ્યશ્રીની પ્રેરણાથી સંસ્થાપિત શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વતીર્થથી નવ કિ.મી. આગળ હાઇવે ટચ આ તીર્થનિર્માણનો નિર્ણય માત્ર એક કલાકમાં અચાનક થયો એ પણ પૂજ્યશ્રીનો જીવંત પુણ્યપ્રભાવ જ છે. એક રીતે જોઇએ તો, ૧૪ વર્ષથી અધૂરું અટકી ગયેલ એ કાર્ય જરૂરિયાતનાં સ્તરનું અને પૂજ્યશ્રીની સ્વપ્નપૂર્તિરૂપ જ છે... આ ચારે ય મુખ્ય ઘટનાઓ મારે મન પૂજ્યશ્રીનાં જીવંત અસ્તિત્વની પરિચાયક છે. એથી જ આજે ય કોઇ મોટાં કાર્યો શિરે લેવાના પ્રસંગે જાતને હું એમ કહું છું કે ''તારે ક્યાં આ કરવાનું છે? પૂજ્યશ્રી જ આ કરવાનાં છે. તારે માત્ર નિમિત્ત બનવાનું છે.'' આ થઇ અસ્તની અને અસ્તિત્વની લાગણીની વાતો. અસ્તુ.

આ મહાગ્રન્થનાં લેખન-સંપાદનની ક્ષણોમાં પૂજ્યશ્રીની કેટલી ય વિશેષતાઓ હૈયે નવેસરથી પ્રતિષ્ઠિત થઇ છે. એનાં મુખ્ય કારણો ત્રણ છે : પહેલું કારણ એ કે પૂજ્યશ્રીની કેટલીક જીવનઘટનાઓ મારા શૈશવ અને એથી ય આગળ જન્મ પૂર્વેની હતી. એથી એનો ખાસ પરિચય ન હતો. આ જીવનગ્રન્થાલેખનનાં માધ્યમે એ ઘટનાઓમાંથી પ્રગટતી વિશેષતાઓ નવેસરથી હૃદય પટ પર ઘુંટાતા પૂજ્યશ્રી પ્રત્યેનો આદર-બહુમાનભાવ વધુ ઘટ્ટ બન્યો... બીજું કારણ એ કે પૂજ્યશ્રીની ઘણી બધી જીવનઘટનાઓમાં મારી પ્રત્યક્ષ ઉપસ્થિતિ-સાથસંગાથ

હતો. એથી એ પ્રસંગો હૃદયસ્થ તો હતા જ. પરંતુ એનાં આલેખન સમયે નવા નવા દૃષ્ટિબિંદુઓનો આવિષ્કાર થતાં પૂજ્યશ્રીની અનેકવિધ વિશેષતાઓ અંતરની 'Screen' પર 'Enlarge' થઈને નવેસરથી પ્રતિષ્ઠિત થઇ. ઘટનાઓ ચિરપરિચિત, પણ વિશેષતાઓ અને બહુમાનભાવ નવેસરનો. આ પ્રસ્તુતિ સમજાવવા મારે ઉલ્લેખ કરવો છે વર્તમાન પ્રધાનમન્ત્રી શ્રી નરેન્દ્ર મોદીનો થોડા સમય પૂર્વેનો પ્રસંગ. વડનગર એમની જન્મભૂમિ હોવાના નાતે ત્યાનાં એ ચિરપરિચિત હતા જ. પરંતુ વર્ષો બાદ, પ્રધાનમન્ત્રીરૂપે તેઓ તાજેતરમાં વડનગર ગયા ત્યારે પોતે જ્યાં અભ્યાસ કર્યો હતો એ વિદ્યાલય પાસે કાફલો અચાનક થંભાવી એ વાહનમાંથી નીચે ઊતર્યા. ત્યાંની ભૂમિને નમન કરી એની ધૂળથી પોતે ભાલતિલક કર્યું !! અખબારોમાં આ ઘટના વાંચી ત્યારે મનમાં થયું કે ભૂમિ ચિરપરિચિત, પણ વર્ષોનાં વહાણાં વીતી જવાનાં કારણે વિશેષતા નવેસરથી પ્રતિષ્ઠિત. બસ, આવું જ પૂજ્યશ્રીની ઘણી જીવનઘટનાઓ આલેખતા મારા માટે બન્યું છે... ત્રીજું કારણ એ છે કે આ મહાગ્રન્થમાં પૂજ્યશ્રી પ્રત્યેના આદરથી લેખો આપનાર અનેક પૂજ્યોએ પૂજ્યશ્રી સાથેના પોતાના વ્યક્તિગત અનુભવો આદિમાં પૂજ્યશ્રીની એવી વિશેષતાઓ ઉજાગર કરી છે જે મારા માટે પણ નવી છે.

આપણે એની માત્ર ચાર-પાંચ ઝલકો નિહાળીએ : (૧) પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી ધર્મધુરંધરસૂરિજી મ. એમના લેખમાં પૂજ્યશ્રી સાથેનો પોતાનો શૈશવકાલીન પ્રસંગ ટાંકતા જણાવે છે કે ''મેં જ્યારે અભ્યાસ કંઇ પદ્ધતિએ કરવો તે પૂછ્યું ત્યારે એમણે ત્વરિત કહ્યું કે તમારા ગુરુજી જે પદ્ધતિ નક્કી કરે એ મુજબ કરવો.'' કેવો Heart touch ઉત્તર છે. શિષ્યને ગુરુસમર્પણનાં વર્તુળમાંથી બહાર જ ન જવા દેવો એવી એમાં ભાવના ઝળકે છે. (૨) પૂ.આ.શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી મ. એમના લેખમાં, વિ.સં. ૨૦૬૪ના રાત્રિભોજનત્યાગ અભિયાન પ્રસંગે પોતે સ્વયં માણેલ પૂજ્યશ્રીની તેજસ્વી તર્કશક્તિનો ઉલ્લેખ કરે છે. આપણે એમના લેખની પંક્તિઓ અક્ષરશઃ ટાંકીએ કે ''ત્યારે પૂ. આ.દે. શ્રી સૂર્યોદયસૂરિ મ.નું ઉદ્‌બોધન બહુ જ સંક્ષિપ્ત અને તાર્કિક હતું. તેઓશ્રીએ શરુઆત જ આ વાક્યથી કરેલી કે ''કેવલીભગવંત સર્વજ્ઞ હોવા છતાં રાત્રિભોજન નથી કરતા'' ને તાળીઓનો ગડગડાટ. છે ને ચોટદાર વાક્ય ? જે લોકોનો તર્ક છે કે પૂર્વના કાળમાં રાત્રિભોજન ન'તું થતું. કારણ કે તે જમાનામાં આજના જેવી લાઇટ અને પ્રકાશની વ્યવસ્થા ન હતી. XX એની સામે લપડાક દેતો (પૂજ્યશ્રીનો) આ જવાબ છે.'' પૂજ્યશ્રીનાં એ પ્રવચનમાં તર્કનાં તેજ સાથે શ્રદ્ધાની સુવાસ મઘમઘતી હોવાનું મને પુનઃ સ્મરણ થયું. (૩) પૂ.આ.શ્રી યશોવર્મસૂરિજી મ. વારંવારનાં પૂજ્યશ્રીનાં મિલનનો અર્ક એમના લેખમાં પૂજ્યશ્રી માટે આ શબ્દો લખીને આપે છે કે ''વિદ્વત્તાના શિખર પર નમ્રતાનું આસન પાથરીને બેઠેલા.'' તો આગળ તેઓ લખે છે કે ''વારંવાર મળવાનું થતું. છતાં માધુર્યે સપાટી ગુમાવી હોય એવું ક્યારે ય અનુભવ્યું નથી.'' પૂજ્યશ્રીની નમ્રતા અને સ્વભાવમાધુર્યની આમાં કેવી સરસ અભિવ્યક્તિ છે!! (૪) અમારા સમુદાયના મુનિપ્રવર શ્રી જયભદ્રવિજયજી મ. પૂજ્યશ્રીનાં અનુશાસનને-શિષ્યઘડતરને બિરદાવતા એમના લેખમાં લખે છે કે ''સારણા-વારણા-ચોયણા-પડિચોયણા દ્વારા શિષ્ય પરિવારને જે રીતે તૈયાર કર્યો છે તે જોઇને અમારું મસ્તક ગૌરવઉન્નત બને છે.'' આવા ઘણા લેખો છે જેમાં અલગ અલગ દૃષ્ટિબિંદુથી પૂજ્યશ્રીની વિશેષતા વર્ણવાઇ છે. અહીં માત્ર ઝલકરૂપ ઉલ્લેખ છે.

છેલ્લો ઉલ્લેખ કરવો છે પૂ.આ. શ્રી રાજયશસૂરિજી મ.ના લેખનો. તેઓ આ ગ્રંથના વિભાગ-૨ માં પોતાના લેખમાં પૂજ્યશ્રી માટે લખે  છે કે ''કેટલાક લોકોનો એવો સ્વભાવ હોય છે કે મળો ત્યારે એમની સિદ્ધિઓ-પ્રસિદ્ધિઓ અને વિદ્વત્તાથી તમને આંજી દેવાના પ્રયત્નો કરતા હોય. લગભગ ચાર-પાંચ વાર મળ્યા. પણ આચાર્યશ્રીની પાસે આવી કોઇ પણ વાત જોવા ન મળી. XX એકંદરે કાંઇક બધાથી અલિપ્ત થઇને જીવતા હોય એવું લાગ્યું.'' તેઓએ પૂજ્યશ્રીની અલિપ્તતાનો-આંજી દેવાની વૃત્તિના અભાવનો જે ઉલ્લેખ કર્યો તેના સંદર્ભમાં મને યાદ આવે છે આ જીવનગ્રન્થસંબંધી જ પૂજ્યશ્રીનો હૃદયસ્પર્શી પ્રસંગ. 'યુગદિવાકર' મહાગ્રન્થપ્રકાશનનાં ત્રણ વર્ષો બાદ  વિ.સં. ૨૦૬૪માં હું Nootbook-Pen લઇ પૂજ્યશ્રી પાસે એમના 'અથેતિ' જીવનપ્રસંગો નોંધવા ગયો તો પૂજ્યશ્રીએ મને સ્પષ્ટ ના કહી કે ''આપણે પૂ. યુગદિવાકર ગુરુદેવનું જીવનચરિત્ર તૈયાર કર્યું એમાં સંતોષ માણવાનો. મોટા મહારાજ (ધર્મસૂરિદાદા)ની ભક્તિ થઇ એમાં મારી ભક્તિ આવી ગઇ સમજજે. મારે જીવનગ્રન્થ કરવો નથી.'' બે-ત્રણ દિવસમાં પાંચ-છ વાર આ મુદ્દો છેડ્યો. પણ પૂજ્યશ્રીની ના જ રહી. આખર મેં વાત બદલી. છ માસ બાદ વગર Nootbook-pen બેસવાનું શરૂ કર્યું અને લખવા માટે નહિ, ફક્ત જાણકારી માટે સાંભળતો હોઉં એ રીતે પૂજ્યશ્રી પાસેથી પ્રસંગો સાંભળતો ગયો. જો કે, પૂજ્યશ્રીના ઇન્કારે મારાં મનમાં ત્યારથી જ સજ્જડ ગાંઠ બંધાવી દીધી હતી કે હવે તો એમની હયાતિ બાદ એમનું વિસ્તૃત જીવન આલેખવું જ છે. એથી અલગ અલગ તબક્કે સાંભળેલ પ્રસંગો પાછળથી ખાનગી રીતે Note કરી લીધા. પૂ.આ.શ્રી રાજયશસૂરિજી મહારાજે પ્રસ્તાવનામાં અને લેખમાં પૂજ્યશ્રીની નિર્લેપતાનો ઉલ્લેખ કર્યો ત્યારે મને આ સમગ્ર ઘટના પુનઃ યાદ આવી ગઇ અને હૈયું પૂજ્યશ્રીની નિરાડંબર જીવનશૈલીને ઝૂકી ગયું.

અમારા સર્વ શ્રમણ ભગવંતો તથા બહુસંખ્ય શ્રમણીવૃંદોએ પૂજ્યશ્રી અંગે યથામતિ સ્મરણાંજલિ લેખો લખીને પૂજ્યશ્રી પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કર્યો છે. તેમાં સૌથી વિશેષ ઉલ્લેખનીય છે મુનિવર શ્રી અક્ષયરત્નવિજયજીનો સંસ્કૃત લેખ. નવ-નવ પ્રસંગો દ્વારા એમણે સરસ ભાવોર્મિ વ્યક્ત કરી છે.

(૧) આ મહાગ્રન્થનાં આલેખન માટે જેઓશ્રીએ ઉત્તમ મુહૂર્ત પાઠવ્યું તે સૌજન્યમૂર્તિ સરલમના પૂ. જ્યોતિર્વિદ્ ઉપાધ્યાય શ્રી વિમલસેનવિજયજી ગણિવરનો... (૨) આ મહાગ્રન્થના પ્રસ્તાવનાલેખનું આમન્ત્રણ જેઓશ્રીએ એક

હૃદયેશ્વરને હૃદયાંજલિ

જ વારમાં આત્મીયભાવે સ્વીકાર્યું અને અદ્‌ભુત ગુણાનુરાગ દર્શાવતી પ્રસ્તાવના આલેખી તે પૂ. શાસનપ્રભાવક અનેક પ્રાચીન તીર્થોદ્ધારક આ.ભ.શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.નો... (૩) પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિથી-અહોભાવથી લેખો પાઠવનાર વિવિધ સમુદાયવર્તી સર્વ પૂજ્યોનો... (૪) સ્વ-સ્વયોગ્ય કાર્યવાહી સંભાળીને, સતત શાસનકાર્યો વચ્ચે મને લેખનની અનુકૂળતા કરી આપનાર સુવિનીત શિષ્યરત્નો આ. શ્રી વિજયરશ્મિરત્નસૂરિજી -પં. શ્રી આગમરત્નવિજયજી ગણિ-પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિ તેમજ પ્રૂફસંશોધનાદિ કાર્યોમાં વિશેષ સહયોગી બનેલ મુનિરાજ શ્રી અક્ષયરત્નવિજયજી, મુનિરાજશ્રી પ્રશમરત્નવિજયજી તથા સા. શ્રી વિશ્વરત્નાશ્રીજી આદિ તમામ સહવર્તી સંયમી ભગવંતોનો... અને (૫) આ મહાગ્રન્થના લેખન દરમ્યાન ક્રમશઃ અખંડ આયંબિલ તપ કરનાર અમારા સમુદાયના શ્રમણ-શ્રમણી ભગવંતોનો... આ તકે હું હાર્દિક ઋણસ્વીકાર કરું છું.

એક સ્પષ્ટતા કે આ ગ્રન્થમાં પૂજ્યશ્રીના સંયમપર્યાયના વિ.સં. ૨૦૩૮ સુધીનાં વર્ષોમાં પૂ. યુગદિવાકરશ્રીનાં શાસનકાર્યોમાં પૂજ્યશ્રીની સંલગ્નતા પ્રસંગે પ્રસંગે પ્રસ્તુત થઇ છે. એનો અર્થ એ નથી કે સમજવાનો કે અન્ય શિષ્યાદિની સંલગ્નતા ન હતી. એ તો સ્વાભાવિક જ છે કે દરેક શિષ્યાદિ યથાશક્તિ-યથામતિ તેમાં સંલગ્ન હોય. પરંતુ આ જીવનચરિત્ર પૂજ્યશ્રીનું હોવાથી અને પૂ. યુગદિવાકરશ્રીનાં શાસનકાર્યોમાં પૂજ્યશ્રીનો સહયોગ-આત્મભોગ વાસ્તવિકપણે જ સર્વાધિક-સર્વશ્રેષ્ઠ હોવાથી અહીં એની એ રીતે પ્રસ્તુતિ કરાઇ છે. આટલો વિવેક વાચકે ખાસ કરવો.

આ જીવનગ્રન્થાલેખનનાં ફળની મને બે સ્તરે ઝંખના છેઃ એક, વાચકોનાં સ્તરે. અને બે, મારા તથા શિષ્યપરિવારનાં સ્તરે. વાચકોનાં સ્તરે મારી ફળઝંખના એ છે કે આત્મવિકાસાર્થી-આરાધનાર્થી વાચકો આ ગ્રન્થનાં વાચન-મનનથી (૧) તન્મય પ્રભુભક્તિ (૨) સમર્પિત ગુરુભક્તિ (૩) અદ્‌ભુત શ્રુતોપાસના (૪) ભરપૂર આત્મવિશ્વાસ (૫) નિરપેક્ષ જીવનશૈલી (૬) પરોપકારપરાયણતા (૭) પરિણતિવિકાસ (૮) સંઘવાત્સલ્ય (૯) સરલતા-ગંભીરતા-પ્રસન્નતાદિ ગુણપ્રાપ્તિના આદર્શો યથાશક્તિ આત્મસાત્ કરે. તો મારા તથા શિષ્યપરિવારનાં સ્તરે મારી ઝંખના એ છે કે પૂજ્યશ્રીએ પોતાનો જે આદર્શ જીવનરાહ કંડાર્યો હતો એ જ રાહ પર-એ જ પંથ પર અમે સહુ આજીવન ચાલીએ, જરા ય આમ-તેમ ભ્રાંત ન થઇએ. મારી નમ્ર સમજ મુજબ, પૂજ્યશ્રીએ કંડારેલ જીવનરાહના મુખ્ય નવ Milestone કાંઇક આવાં હતાં :

(૧) પ્રભુકૃપા અને ગુરુકૃપા કેન્દ્રમાં રાખીને જીવન જીવવું. જીવનમાં જે કાંઇ બાહ્ય યા અભ્યંતર સફલતા મળશે એ માત્ર ને માત્ર આ બે તત્ત્વોથી મળશે એવી દઢ શ્રદ્ધા રાખવી. (૨) બાહ્ય સફળતાદિ માટે જ્યોતિષ-કુંડલી-શંખ કે એના જેવા કોઇ Shortcut ન અપનાવવા. સરવાળે આ પ્રવૃત્તિ સંયમજીવનને ઓછા-વધતા અંશે હાનિકારક બનશે. (૩) જીવનની તમામ સફલતાનો યશ ગુરુભગવંતને જ આપવો. અણઘડ પથ્થર જેવું આપણું પ્રારંભિક વ્યક્તિત્વ એમના ઘડતરથી-આશીર્વાદથી જ આજની શુભ અવસ્થા સર કરી શક્યું છે એમ અંતઃકરણથી માનવું. (૪) પોતાની ગુરુપરંપરા પ્રત્યે ઠસોઠસ ખુમારી રાખવી. પ્રચારલીલાનાં માધ્યમે કોઇ આપણી મહાન પૂર્વજ પરંપરાને હીન ઠેરવવાની કોશિશ કરે તો જરા ય ડગ્યા-ડર્યા વિના આપણી પૂર્વજ પરંપરાની વાસ્તવિક વિશેષતાઓને અથકપણે ઉજાગર કરવી અને ક્વચિત્ અવસરે, યોગ્ય સ્તરે, હીનતા દર્શાવવામાં રાચનારને મજબૂતપણે એનું સ્થાન દર્શાવી આપવું (૫) સહુ સાથે ગુણાનુરાગમંડિત વ્યવહાર રાખવો. અન્યોની વિશેષતાઓ-ગુણોની મુક્ત કંઠે પ્રશંસા કરવી. (૬) પોતાની મોટાઇ-મહત્તા દર્શાવવામાં રાચવું નહિ. આપણે જો મોટાઇની લિપ્સાથી દૂર રહીશું તો અનાયાસે બધી મોટાઇ સામેથી આવીને વરશે. (૭) જીવનશૈલીમાં સાદગી રાખવી. સુખશીલતાથી શક્ય હદે દૂર રહેવું. ભલે વડીલ હોઇએ, તો પણ સહનશીલતાની અને સુવિધાથી દૂર રહેવાની આદત રાખવી. (૮) સ્વાધ્યાયને અને આરાધનાને જીવનમાં કાયમી સ્થાન આપવું. શાસનપ્રભાવનાનાં નામે નિયત સ્વાધ્યાય-નિયત આરાધના ચુકાવી ન જોઇએ. (૯) શાસનકાર્યો અને ગૃહસ્થવર્ગ કરતાં આશ્રિત શિષ્યવર્ગને સદા ય અગ્રતા આપવી. એમની સારણાદિ હિતચિંતામાં જરા ય બાંધછોડ કર્યા વિના જરૂર મુજબ ભીમ-કાંત બનવું.

હું અંતઃકરણપૂર્વક માનું છું કે ગુરુમંદિરો-જીવનચરિત્રગ્રન્થ કે તેવી અન્ય બાબતો ગુરુભક્તિનો બાહ્ય પ્રકાર છે અને એ યથાશક્તિ જીવનમાં હોવો પણ જોઇએ. કિંતુ એનાથી ચડિયાતો અભ્યંતર ગુરુભક્તિપ્રકાર એ છે કે ગુરુભગવંત જે આદર્શ પંથ પર-રાહ પર જીવનભર ચાલ્યા તેના પર જ ડગ ભરવાની નિષ્ઠાપૂર્વક કોશિશ કરવી. પ્રાર્થના છે મારા હૃદયેશ્વર પૂજ્યપાદ અનંતોપકારી ગુરુદેવશ્રીને કે આ ગ્રન્થસર્જન-ગુરુમંદિર નિર્માણાદિ દ્વારા જે ગુરુભક્તિ થઇ હોય એનાં ફળરૂપે મને આજીવન આપે કંડારેલ ઉપરોક્ત રાહ પર જ અવિચલ પ્રવાસનું સામર્થ્ય સંપ્રાપ્ત થાય. સાથે એ પણ પ્રાર્થના છે પૂજ્યશ્રીને કે આપની સમગ્ર શિષ્ય-પ્રશિષ્યપરંપરા પર એ જ અંતરઆશિષ વરસાવજો કે તેઓ આ જ રાહને-પંથને પોતાની આદર્શ આચારસંહિતા-જીવનસંહિતારૂપે સદા ય આત્મસાત્ કરે.

અંતે, આ મહાગ્રન્થમાં જાણતા-અજાણતા ક્યાં ય જિનાજ્ઞાવિપરીત નિરૂપણ થઇ ગયું હોય, પ્રસંગાલેખન બરાબર ન થયું હોય કે હકીકતવિસંગતિ થઇ ગઇ હોય તો તેનાં હાર્દિક 'મિચ્છા મિ દુક્કડં' પૂર્વક પૂજ્યશ્રીને વિનમ્ર વંદન સાથે વિરમું છું...

(વિ.સં. ૨૦૭૪. શ્રાવણ શુદિ પંચમી. તા. ૧૫-૮-૧૮. શાન્તાક્રુઝ તપગચ્છ જૈન સંઘ-મુંબઇ)

# પ્રકાશકીય પ્રકાશ

સાંપ્રત પ્રભુશાસનને પોતાની વિશિષ્ટ શ્રુતસંપદા-આચારસંપદા-પુણ્યસંપદા-ગુણસંપદા-પરિણતિસંપદાથી વિવિધરૂપે દીપ્તિમંત કરનાર પુણ્યશ્લોક વિરલ વિભૂતિ સમા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક **આચાર્ય ભગવંત શ્રીમાન વિજય સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ**ના પ્રેરક જીવન-કવનનું સાંગોપાંગ આલેખન કરતા આ **'તમે સૂરજ થઇને ચમક્યા'** મહાગ્રન્થનું પ્રકાશન આજના પુણ્યદિને કરતા અમને ખરેખર અદ્‌ભુત રોમાંચ ઉપરાંત પારાવાર કૃતજ્ઞતાની અનુભૂતિ થાય છે. કારણ કે પૂજ્યશ્રી ન માત્ર અમારી સંસ્થાના પ્રેરક-સ્થાપક હતા, બલ્કે એથી ય વિશેષ તેઓશ્રી અમારી સંસ્થાના જાણે કે પ્રાણ હતા. એટલે જ પૂજ્યશ્રી તથા એમના શિષ્યવૃંદના સાતત્યસભર સમ્યક્ પુરુષાર્થથી-મંગલ માર્ગદર્શનથી અદ્યાવધિ, આ મહાગ્રન્થસહિત અમે ૧૩૧ વૈવિધ્યસભર ગ્રન્થોનું-પુસ્તકોનું પ્રકાશન કરવા ભાગ્યશાળી થઇ શક્યા છીએ. આ પરમોપકારી પૂજ્યશ્રીના જીવનગ્રન્થના પ્રકાશનનો અવસર અમારા માટે સર્વોચ્ચ-સર્વશ્રેષ્ઠ સૌભાગ્યરૂપ અને અવર્ણનીય આનંદરૂપ હોય એમાં શું આશ્ચર્ય ?

અમારા અનન્ય ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં જીવનનું 'અથેતિ' બયાન કરતા આ મહાગ્રન્થમાં સંસ્કારસુવાસથી મઘમઘાયમાન પૂજ્યશ્રીનાં ગૃહસ્થજીવનની શૈશવકાલીન વાતો છે, સંયમપ્રાપ્તિ માટે સત્તર-સત્તર વાર ઘરેથી ભાગીને પણ સંયમપ્રાપ્તિનું ધ્યેય સિદ્ધ કરવાનાં પૂજ્યશ્રીના પ્રણમ્ય પુરુષાર્થની વાતો છે, દોઢ દિવસમાં ૧૩૫ શ્લોકમય ગુણસ્થાનક્રમારોહસૂત્ર કંઠસ્થ કરવાની અને અઢાર-અઢાર કલાકના સખત અભ્યાસની વાતો છે, દાયકાઓપર્યંત પોતાના સાર્વત્રિક શક્તિવિનિયોગ દ્વારા પૂ. યુગદિવાકરશ્રીની શાસનપ્રભાવનાઓમાં ઓતપ્રોત થઇને એમણે કરેલ શાસનસેવાની વાતો છે, એ પછીના તબક્કે પ્રબળ પુણ્યપ્રભાવ અને સંઘવત્સલતાનાં કારણે થયેલ અદ્‌ભુત શાસનપ્રભાવનાઓની વાતો છે, અનેક અનેક મુમુક્ષુઓને સંયમપ્રદાનની અને વિશાલ શિષ્યવૃંદના અભ્યાસની-જીવન ઘડતરની વાતો છે, ૭૫-૮૦ વર્ષની વયે અનેક શાસ્ત્રગ્રન્થોનાં સંપાદનની અને અનુવાદની વાતો છે, તો અંતિમ માંદગીની પૂર્વ ક્ષણ સુધીની જયણાની-જાગૃતિની વાતો છે. સંક્ષેપમાં એમ ચોક્કસ કહી શકાય કે અઢળક વિરલ ગુણોનો ખજાનો આ જીવનચરિત્ર ગ્રન્થમાં છે. દરેક વિચારક વાચક પોતપોતાના દૃષ્ટિબિંદુ દ્વારા આમાંથી કાંઇ ને કાંઇ પ્રેરણા પ્રાપ્ત કરશે જ. પરંતુ અમને આ સમગ્ર જીવનગ્રન્થનો સૌથી મહત્ત્વનો સાર માત્ર એક શબ્દમાં ઝિલાતો દેખાય છે અને તે છે **ગુરુસમર્પણ**. અમે દૃઢપણે માનીએ છીએ કે જેમ મૂલની મજબૂતાઇ પર વિરાટ વટવૃક્ષ અડીખમ ટકી રહે છે અને પાયાની મજબૂતાઇ પર ગગનચુંબી ઇમારત આસાનીથી ટકી રહે છે એમ ગુરુસમર્પણના મૌલિક ગુણ પર જ પૂજ્યશ્રીની ઉત્તુંગ યશસ્વી જીવનગાથા આકાર લઇ શકી છે.

કેટલીક વાર કેટલીક વ્યક્તિઓનું ગુરુસમર્પણ માત્ર શબ્દોમાં અર્થાત્ વાતોમાં અને લેખનમાં દેખાતું હોય છે, તો કેટલાકનું ગુરુસમર્પણ એથી આગળ સ્થૂલ-ભૌતિક કાર્યોમાં દેખાતું હોય છે. પરંતુ અમે દાયકાઓની અત્યંત નિકટતાનાં કારણે એ અનુભવ્યું છે કે પૂ. ગુરુદેવશ્રીનું ગુરુસમર્પણ આ બધાથી ઉપર અંતરંગ ભક્તિ-બહુમાનરૂપે ઝળહળતું હતું. દાયકાઓ પર્યંતના અખંડ દીર્ઘકાલીન ગુરુકુલવાસ દરમ્યાન તેઓશ્રીએ પોતાની તમામ ઇચ્છાઓ-અભિલાષાઓ પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની ઇચ્છાઓમાં એવી વિલીન કરી દીધી હતી કે જાણે એમની ઇચ્છાઓનું અસ્તિત્વ જ ન હોય. પૂ. યુગદિવાકરશ્રીની પ્રત્યેક ભાવનાને 'તહત્તિ' કરીને ઝીલવા સિવાયનો કોઇ અભિગમ એમનો ન હતો. અરે ! જેની એમને સ્વપ્ને ય કલ્પના ન હતી એવી દૂરગામી અસર ધરાવતી બાબતમાં ય એમણે ગુરુઇચ્છા શિરોધાર્ય કરીને પોતાની ભાવનાને કુરબાન કરવાનું ગજબનાક કૌવત દાખવ્યું હતું, તો (૪+૩૪ મળી) સતત આડત્રીશ વર્ષ એટલે કે યુગદિવાકરશ્રીની હયાતિ સુધી એમની અખંડ નિશ્રામાં રહી પૂ. યુગદિવાકરશ્રીનાં સ્વપ્નો સાકાર

કરવા એમણે પ્રજવલિત ધૂપસળીની જેમ આત્મભોગ આપવામાં ય પાછું વાળીને જોયું ન હતું. ગુરુદેવની હયાતિ સુધી સ્વતન્ત્ર કારકીર્દિ જેવો કોઇ વિચારમાત્ર-શબ્દમાત્ર એમના અંતરમાં પ્રવેશ્યો ન હતો. એથી જ આયુષ્યના પચાસ-પચાસ વર્ષો સુધી એમના આ જીવનગ્રન્થમાં સ્વતન્ત્ર કારકીર્દિ ગણાય એવા પ્રસંગો લગભગ જોવા મળતા નથી. આજના કાળમાં આવું અદ્ભુત ગુરુસમર્પણ દીવો લઇને શોધવા જતાં ય જવલ્લે જ જોવા મળે. અમે અંતઃકરણપૂર્વક માનીએ છીએ કે આ નિઃસ્વાર્થ-નિરપેક્ષ ગુરુસમર્પણભાવે જ પૂજ્યશ્રીને સર્વતોમુખી સફલતાના શિખરે વિરાજિત કર્યા છે.

ગુરુભક્તિના પ્રભાવે જ્ઞાનસંપદાપ્રાપ્તિ અને એના પરિપાકરૂપ સમતા-સંયમનિષ્ઠા-ગાંભીર્યાદિ વિશિષ્ટ ગુણોની ઉપલબ્ધિ થતી હોય છે, તો ગુરુભક્તિના પ્રભાવે પ્રબળ પુણ્યસંપદા અને એના પરિપાકરૂપ સંઘકાર્યો-શાસનકાર્યો કરવાનું કૌશલ્ય પણ ઉપલબ્ધ થતું હોય છે. પૂજ્યશ્રીના પ્રસ્તુત વિશાલકાય જીવનગ્રન્થમાં આ સત્યનો સાક્ષાત્કાર ઠેર ઠેર થતો જોવા મળે છે. અમને ઘણી વાર આશ્ચર્ય એ થાય છે કે આમ જુઓ તો શાસનપ્રભાવનાઓની દૃષ્ટિએ પૂજ્યશ્રીની સ્વતન્ત્ર કારકીર્દિ પાછલી વયે જ આરંભાઇ છે. આમ છતાં એ સ્વતન્ત્ર કારકીર્દિમાં અંજનશલાકાઓ-પ્રતિષ્ઠાઓ-જિનાલયનિર્માણો-ઉપાશ્રયાદિ નિર્માણો-જન્મભૂમિ દર્ભાવતીતીર્થનો ઉદ્ધાર-જગડૂશાતીર્થરક્ષાનું સ્વર્ણિમ સફલ આંદોલન-અનેકાનેક ગ્રન્થસંપાદનો-સુમંગલામહાટીકાનો દશ હજાર શ્લોકપ્રમાણ ભાવાનુવાદ-પદયાત્રા સંઘો-ઉપધાન તપસ્યાઓ-દીક્ષાઓ-શિષ્યસંપદા વગેરેની જે પરંપરાઓ સર્જાઇ એ મુગ્ધ કરી દે-અહોભાવથી તરબતર કરી દે એવી છે. આ મહાગ્રન્થના પરિશિષ્ટોમાં અપાયેલ એની સંવતબદ્ધ નક્કર માહિતી આપણને ગુરુસમર્પણનો ચમત્કાર શો હોય છે એ સમજાવી જાય છે. અરે ! પૂજ્યશ્રીના કાલધર્મ બાદની તમામ વિરલ ઘટનાઓ પણ ગુરુસમર્પણજન્ય પુણ્યનું જ પરિણામ હતી...

અમને લાગે છે કે જે ગુરુસમર્પણ પૂ. ગુરુદેવશ્રીને ફળ્યું હતું એ જ ગુરુસમર્પણ તેઓશ્રીના પટ્ટાલંકાર પૂજ્યપાદ સિદ્ધહસ્તસર્જક તેજસ્વી વક્તા આ.ભ. **શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ને પણ ફળ્યું છે. એમણે પણ પોતાના પરમોપકારી પૂ. ગુરુદેવશ્રીની (૩૬+૨) ૩૮ વર્ષ અખંડ સેવા કરી છે. પૂ. ગુરુદેવશ્રીના કાલધર્મપર્યંત એક પણ ચાતુર્માસ તેઓશ્રીએ અલગ તો કર્યું નથી, પરંતુ એથી ય વિશેષ ૩૬ વર્ષના સંયમપર્યાય દરમ્યાન કુળ મળીને ૨૦/૨૨ દિવસથી વધુ સકારણ પણ પૂ. ગુરુદેવશ્રીથી અલગ વિચર્યા નથી. એમનું આ ગુરુસમર્પણ એમને અલ્પ સમયમાં કેવું ફળ્યું છે તે અહીં દર્શાવાતા કેટલાક ઝલકરૂપ પ્રસંગોમાં સરસ વ્યક્ત થાય છેઃ (૧) પૂ. ગુરુદેવશ્રીનો કાલધર્મ થયો ત્યારે ઉનાળાની ભયાનક ગરમી છતાં તેઓશ્રીએ અંધેરીથી ઠેઠ ભાયંદર-બાવન જિનાલયતીર્થ સુધી ૨૯ કિ.મી.ની પગપાળા પાલખીયાત્રા યોજવાનો Bold નિર્ણય લીધો. ત્યારે ઘણા ય ગુરુભક્તો પાર્થિવ દેહને વાહન દ્વારા ધર્મધામતીર્થે અંતિમ સંસ્કારાર્થે લઇ જવાના મતના હતા, તો કેટલા ય સંઘો નિકટમાં અંતિમ સંસ્કારના મતના હતા. કેમ કે ઘણા યને આવું આકસ્મિક આયોજન નિષ્ફળ જવાનો ભય હતો. પરંતુ પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ.નો નિર્ણય સવાસો ટકા સત્ય ઠર્યો. સવા લાખની માનવમેદની અંતિમયાત્રામાં ઊમટી અને બાવન જિનાલય તીર્થ પરિસરમાં જ અંતિમ સંસ્કાર સાથે એક નવો સુવર્ણાક્ષરીય ઇતિહાસ સર્જાયો. આ મહાગ્રન્થની પ્રસ્તાવનામાં પૂજ્યપાદ અનેક તીર્થોદ્ધારક આ.ભ. શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજે યથાર્થ લખ્યું છે કેઃ- **''રાજરત્નસૂરિજીનું આયોજન સાંભળ્યું ત્યારે છક થઇ જવાયું . અંતિમ યાત્રાનો માર્ગ ૨૯ કિ.મી.નો હતો. સફલતા માટે મન શંકાશીલ થઇ ઊઠ્યું. XX રાજરત્નસૂરિજીનો આત્મવિશ્વાસ ગજબનો અને જનતાનો કૃતજ્ઞભાવ એથી પણ ગજબનો.''** અલબત્ત, આ અંતિમયાત્રા હો કે ₹. પાંચ ક્રોડની અંતિમયાત્રાસંબંધી ઉછામણી હો, ૮૪ ગુરુભક્તિમહોત્સવો હો કે ૨૮ સ્થળે ગુરુમંદિરનિર્માણ હોઃ આ સર્વમાં પુણ્ય તો દિવંગત પૂ. ગુરુદેવશ્રીનું જ હતું એ વાસ્તવિકતા છે. આમ છતાં આ વાસ્તવિકતા પણ એટલી જ ઉલ્લેખનીય છે કે તેમાં યોગ્ય સમયે યોગ્ય પ્રેરણા-યોગ્ય નિર્ણયો અને તેના તત્કાલ સફલ અમલીકરણનું પુણ્ય પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ.નું ગણાય. જે આજીવન ગુરુસમર્પણમાંથી પ્રગટ્યું હતું.

(૨) પૂ. ગુરુદેવશ્રીના કાલધર્મના નવ માસ બાદ સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં વિરાટ તપાગચ્છીય શ્રમણ સંમેલન યોજાયું. અનેક ગચ્છાધિપતિઓ-૭૫ આચાર્યદેવો-સાતસો શ્રમણ ભગવંતો અને બે હજાર શ્રમણી ભગવંતોની જ્યાં ઉપસ્થિતિ હતી એવા આ શ્રમણસંમેલનમાં પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ.એ અગ્રિમ ભૂમિકા અદા કરી હતી. સંમેલનપ્રારંભ પૂર્વે એકતિથિ-બેતિથિ પક્ષના અગ્રણી પૂ. આચાર્યદેવોની બેઠકમાં પૂ. પ્રવરસમિતિની સૂચના થતાં, એક તિથિપક્ષનું દૃષ્ટિબિંદુ લગભગ ચાલીશ-પીસ્તાલીશ મિનિટ સુધી અત્યંત પ્રભાવશાળીરૂપે પ્રસ્તુત કરવાનું કાર્ય એમણે કર્યું હતું, તો બે હજાર શ્રમણીભગવંતો સમક્ષ દરેક સમુદાયોનાં વક્તવ્ય સમયે સાધ્વીજીની સમસ્યાઓ સમાધાનો સહિત છ મુદ્દા દ્વારા એમણે સૌથી અસરકારકરૂપે પ્રસ્તુત કરી હતી; શ્રમણસંમેલનમાં ચર્ચવાયોગ્ય વિષયસૂચિ (Agenda) પૂ.આ. શ્રી શીલચન્દ્રસૂરિજી મ. તથા પૂજ્યશ્રીએ સાથે મળીને તૈયાર કરી, તો સંમેલનની બેઠકોમાં સૌની વચ્ચે દરેક દિવસે દરેક ઠરોવાનાં મૌખિક સ્વરૂપનું નિર્ધારણ-બીજા દિવસે એ દરેક ઠરાવોના લેખિત સ્વરૂપની પ્રસ્તુતિ-સંમેલનના ઠરાવો અને તેની સમજૂતીના પુસ્તકનું આલેખન વગેરે અતિ મહત્ત્વની જવાબદારીઓ એમણે સફળપણે અદા કરી. સંમેલનફલશ્રુતિની મહાસભામાં પૂ.ગ.આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.-પૂ.આ. શ્રી હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી મ. વગેરેએ પોતાનાં વક્તવ્યો દરમ્યાન જાહેરમાં પૂજ્યશ્રીની આ કાર્યવાહીઓની અનુમોદના કરી. આ ઐતિહાસિક વિરાટ શ્રમણ સંમેલનમાં પૂ. યુગાદિવાકરશ્રીના સમુદાયનું અને પૂ. ગુરુદેવશ્રીનું નામ રોશન કરવાનું સૌભાગ્ય તેઓને વર્યું તે પણ ગુરુસમર્પણજન્ય પુણ્યને આભારી હતું. (૩) છેલ્લા ત્રણ વર્ષોમાં થયેલ દશ ઉપાશ્રયોના નિર્માણ - ૨૧ ગુરુમંદિરોની પ્રતિષ્ઠાઓ-નવ જિનાલય પ્રતિષ્ઠાઓ-પોતાનાં તથા શિષ્યોના છેલ્લા બે ચાતુર્માસમાં ક્રમશઃ૧૮૦ અને ૨૧૦ માસક્ષમણ મહાતપ-ત્રણ ઉપધાનતપ-છ બાળ યુવાન ભાઈઓની દીક્ષા-આચાર્ય પદ તથા ગણિ/પંન્યાસપદ પ્રદાન-૩૫૦૦ કિ.મી.ની પદયાત્રા અને આ સર્વમાં શિરમોર **'ધર્મ-સૂર્યોદયધામ' શ્રી જીરાવલા પાર્શ્વનાથતીર્થ નિર્માણ પ્રારંભ** વગેરે અઢળક શાસનપ્રભાવનાનાં કાર્યો પણ પૂજ્યશ્રીને વરેલ ગુરુસમર્પણજન્ય પુણ્યનું પરિણામ છે.

**પૂજ્યશ્રીમાં ઝળહળતી અવ્વલ કક્ષાની ગુરુભક્તિએ જ એમને આટલી સખત વ્યસ્તતાઓ તથા નિયમિત પ્રતિ સપ્તાહે 'ગુજરાત સમાચાર'ની 'ધર્મલોક' પૂર્તિમાં ફુલપેજ 'અમૃતની અંજલિ' વિભાગના લેખનની જવાબદારી છતાં આવો દળદાર મહાગ્રન્થ એકલે હાથે આલિખિત-સંપાદિત કરવા પ્રેર્યા છે અને તેમાં તેઓ ત્વરિત સફળ પણ થયા છે. યાદ રહે કે Paid લેખક દ્વારા પોતાના ગુરુભગવંતનું ચરિત્ર લખાવી મૂળ લેખકને અદૃશ્ય રાખવાપૂર્વક સ્વયંને લેખકરૂપે રજૂ કરવાની ગુરુભક્તિ (!)નો એક પ્રકાર પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે. આવી વિ-લક્ષણ ગુરુભક્તિથી લાખો યોજન દૂર આ જીવનચરિત્ર, લખતા લખતા હાથ અટકી જાય અને સમય ખૂટી જાય એ હદની સાચી ગુરુભક્તિથી ને સખત પુરુષાર્થથી આલેખાયું છે.**

માત્ર પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. જ નહિ, એમના શિષ્ય-પ્રશિષ્યવૃંદના લેખક શ્રમણ ભગવંતો પણ સંસ્કૃત-ઇંગ્લીશ-ગુજરાતી ભાષામાં પૂજ્ય ગુરુદેવશ્રીનો જીવનવૈભવ પ્રસ્તુત કરતા પુસ્તકો આલેખી રહ્યા છે. તે ય અમારા માટે પરમ હર્ષનો વિષય છે. પૂ. ગુરુદેવશ્રીના તમામ શિષ્યો-પ્રશિષ્યો આ અનુપમ ગુરુસમર્પણ દ્વારા ભાવિમાં બાહ્ય-અભ્યંતર સર્વતોમુખી સફળતા વરે-અદ્ભુત શાસનપ્રભાવના વિસ્તારે એ જ પ્રભુ પ્રાર્થના...આજની ક્ષણે વિશેષ આનંદ અમને એ છે કે આ મહાગ્રન્થના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન જ પૂજ્યશ્રીના વરદ હસ્તે આગામી વર્ષે યોજાનાર (૧) મુમુક્ષુઓની દીક્ષા (૨) પ્રતિષ્ઠાઓ (૩) સુવર્ણ મહોત્સવ (૪) બે ભવ્ય ઉપધાનતપ (૫) વર્ધમાનતપ સો ઓળી સમાપન (૬) આબુતીર્થે પાંચસો આરાધકોની સામૂહિક વર્ષીતપ આરાધના (૮) વિવિધ સંઘોમાં ચાતુર્માસો ઈત્યાદિની જય પણ આ પાવનપ્રસંગે બોલાઈ રહી છે. આ ઉપરાંત આ વર્ષે પૂજ્યશ્રી તથા તેમનાં શિષ્યવૃંદની નિશ્રામાં ત્રણ ત્રણ સંઘોમાં યોજાયેલ વિશાલ સંખ્યક સામૂહિક માસક્ષમણ તપસ્વીઓની પણ આ સમારોહમાં ઉપસ્થિતિ છે જે અમારા માટે સૌભાગ્યનો વિષય છે.

અંતમાં એ અભિલાષા છે કે આ મહાગ્રન્થમાં એક સંયમી મહાન સૂરિપુંગવની જીવનગાથાનો આલેખ છે. એનું વાંચન-મનન આત્માર્થી આરાધકોને અધ્યાત્મમાર્ગે આગેકદમ કરવાનું આલંબન બને અને એના દ્વારા પરંપરાએ પરમ પદની પ્રાપ્તિ થાય...

શ્રા. શુદિ-૫, વિ.સં. ૨૦૭૪, તા. ૧૫-૮-૨૦૧૮
દર્ભાવતીતીર્થ, જિ. વડોદરા, ગુજરાત.
} - **ધર્મકૃપા ટ્રસ્ટ**

# વિ...ષ...યા...નુ...ક્ર...મ...


| વિષયાંક | વિષય | લેખક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | તમે સૂરજ થઈને ચમક્યા | – | 01 |
| ૨ | પ્રકાશક–પ્રાપ્તિસ્થાનાદિ | – | 02 |
| ૩ | ગુરુગુણસ્તુતિ ગુર્જર અષ્ટક | પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. | 03 |
| ૪ | પૂજ્યશ્રીની સંક્ષિપ્ત જીવન ઝલક | સંકલિત | 04 |
| ૫ | સમર્પણ | પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. | 11 |
| ૬ | હાર્દિક અનુમોદન | પ્રકાશક | 12 |
| ૭ | તસવીર અને તાસીર | પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. | 13 |
| ૮ | કેમેરાની આંખે | પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. | 29 |
| ૯ | પત્રપુષ્પોનાં વધામણાં | વિવિધ પૂજ્યો આદિ | 44 |
| ૧૦ | શાસનનો સૂર્યોદય | પૂ.આ. શ્રી રાજયશસૂરિજી મ. | 46 |
| ૧૧ | હૃદયેશ્વરને હૃદયાંજલિ | પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. | 53 |
| ૧૨ | પ્રકાશકીય પ્રકાશ | ધર્મકૃપા ટ્રસ્ટ | 58 |
| ૧૩ | વિષયાનુક્રમ | – | 61 |


## વિભાગ - ૧

### પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. લિખિત પૂજ્યશ્રીની જીવનગાથા


| પ્રકરણાંક | પ્રકરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | ત્રિવેણી સંગમના તીરે | ૦૩ |
| ૨ | ધર્મસમૃદ્ધ જન્મભૂમિ | ૦૯ |
| ૩ | સંસ્કારસમૃદ્ધ કુલ | ૧૬ |
| ૪ | શૈશવની નિકુંજમાં કલ્યાણના કલરવ | ૨૨ |
| ૫ | સદ્‌ગુરુનો સંયોગ | ૨૮ |
| ૬ | વતનમાં મુનિવરપ્રવેશ... મનમાં મુનિપદપ્રવેશ | ૩૪ |
| ૭ | પરિવર્તનની પ્રયોગશાળા | ૪૧ |
| ૮ | મને સંસારશેરી વીસરી રે લોલ | ૪૮ |
| ૯ | પ્રવ્રજ્યાની પૂર્વતૈયારીઓ | ૫૫ |
| ૧૦ | વિરતિધરનો વેશ પ્યારો પ્યારો લાગે રે | ૬૩ |
| ૧૧ | પ્રવ્રજ્યાનું પ્રથમ વર્ષ | ૭૨ |
| ૧૨ | સહન કરે તે સાધુ | ૮૧ |
| ૧૩ | 'ધર્મ' ગુરુરાજ... બન્યા સૂરિરાજ | ૮૮ |
| ૧૪ | વિદ્યાભ્યાસ અને પરીક્ષાઓ | ૯૫ |
| ૧૫ | ગિરિરાજની ગોદમાં | ૧૦૩ |
| ૧૬ | અદ્‌ભુત અધ્યયનનિષ્ઠા | ૧૧૦ |
| ૧૭ | શ્રમણ સંમેલનમાં | ૧૧૭ |
| ૧૮ | ધન્ય ધારણાશક્તિ | ૧૨૫ |
| ૧૯ | વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યુત્પન્ન વિદ્વત્તા | ૧૩૩ |
| ૨૦ | જેવી અધ્યયનયાત્રા એવી અધ્યાપનયાત્રા | ૧૪૧ |
| ૨૧ | ગુરુદેવની શાસનપ્રભાવનાઓમાં ઓતપ્રોતતા | ૧૪૯ |
| ૨૨ | પાલિતાણાની પુણ્યભૂમિમાં | ૧૫૮ |
| ૨૩ | સવારે સૂર્યાસ્તઃ ગુરુદેવની ચિરવિદાય | ૧૬૮ |
| ૨૪ | સ્વતન્ત્ર ચાતુર્માસોની પરંપરાઃ પ્રભાવક ધર્મકાર્યોની પરંપરા | ૧૭૮ |
| ૨૫ | સૂરિપદનો 'સૂર્યોદય': આચાર્યપદારોહણ | ૧૮૬ |
| ૨૬ | 'સૂર્યોદય'નાં તેજ : વિરલ જીવનવૈભવ | ૧૯૬ |
| ૨૭ | ગુજરાત–રાજસ્થાનની તારક તીર્થયાત્રા | ૨૦૬ |
| ૨૮ | વતનનાં રતનનું જતન | ૨૧૫ |
| ૨૯ | કદમ કદમ પર દીવાળી | ૨૨૩ |
| ૩૦ | ભાચંદરની ભાગ્યવતી ભૂમિમાં | ૨૩૧ |
| ૩૧ | 'Operation' છતાં ય અપ્રમત્તતા | ૨૪૧ |
| ૩૨ | ત્રિવેણીસંગમ સમી ત્રણ દૃષ્ટિ | ૨૫૦ |
| ૩૩ | દિવ્યધામ દર્ભાવતીમાં | ૨૫૯ |
| ૩૪ | જન્મભૂમિમાં જયજયકાર | ૨૬૯ |
| ૩૫ | 'દર્ભાવતીતીર્થોદ્ધારક' | ૨૭૮ |
| ૩૬ | વંદનીય વિચારધારા | ૨૮૬ |
| ૩૭ | દર્ભાવતીના કોહીનૂર | ૨૯૬ |
| ૩૮ | જન્મ શતાબ્દી ગુરુદેવની... પરમભક્તિ પૂજ્યશ્રીની | ૩૦૪ |
| ૩૯ | પૂજ્યશ્રીનાં જીવનનું શ્રેષ્ઠ પ્રકરણ : જગડૂશાજિનાલયરક્ષાનો સુવર્ણ ઈતિહાસ | ૩૧૩ |
| ૪૦ | ગુરુદેવને શ્રેષ્ઠ અંજલિ : 'યુગદિવાકર' મહાગ્રન્થ પ્રકાશન | ૩૨૨ |
| ૪૧ | સિદ્ધક્ષેત્રમાં શાસનપ્રભાવના | ૩૩૧ |
| ૪૨ | સંસ્કારનગરીમાં સુવર્ણઈતિહાસ... | ૩૪૦ |
| ૪૩ | જય શંખેશ્વર... જય શત્રુંજયઃ ભવ્ય પદયાત્રા સંઘોની પરંપરા | ૩૪૮ |
| ૪૪ | શાસનસન્નિષ્ઠ પૂજ્યશ્રી | ૩૫૭ |
| ૪૫ | ગુરુભક્તિમંડિત સર્વોચ્ચ શાસન પ્રભાવનાઃ ધર્મધામ–નાગેશ્વર પાર્શ્વનાથતીર્થનિર્માણ | ૩૬૫ |

| પ્રકરણાંક | પ્રકરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૪૬ | પુણ્ય–પ્રભાવકતા ને પરિણતિનો ત્રિવેણીસંગમ | ૩૭૫ |
| ૪૭ | પત્રોમાં અને પુસ્તકોમાં પૂજ્યશ્રી | ૩૮૫ |
| ૪૮ | દર્ભાવતીનાં ધામમાં દર્ભાવતીતીર્થોદ્ધારકશ્રી | ૩૯૮ |
| ૪૯ | ચેમ્બુરતીર્થનું પ્રતિષ્ઠાસુવર્ણવર્ષ : પૂજ્યશ્રીનું સ્વર્ણિમ ચાતુર્માસ | ૪૦૯ |
| ૫૦ | ધર્મધામતીર્થે અંજનશલાકા... નાગેશ્વરદાદાની ફરકે પતાકા | ૪૨૦ |
| ૫૧ | ‘સૂર્યોદય’નો સૂર્યાસ્ત... | ૪૩૧ |
| ૫૨ | અસ્ત પછીનાં અજવાળા... | ૪૪૫ |


## વિભાગ - ૨


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | કાલધર્મપત્રોની ઝલક | વિવિધ પૂજ્ય ગુરુભગવંતો | ૪૫૮ |
| ૨ | કાલધર્મપત્રોનો પ્રત્યુત્તર | પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ. | ૪૫૯ |
| ૧ | ગુરુ ! રહેજો મારા અંતરમાં... | પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ. | ૪૬૩ |
| ૨ | સદ્‌ગુરુઃ વાત્સલ્યનો નિઃસીમસાગર | પૂ.આ. શ્રી રશ્મિરત્નસૂરિજી મ. | ૪૭૬ |
| ૩ | સુવાક્યબોર્ડ સમું ગુરુદેવનું જીવન | પૂ.પં. શ્રી આગમરત્નવિજયજી ગણિ. | ૪૭૮ |
| ૪ | પંચાચારના પાલક પરમગુરુદેવશ્રી | પૂ.પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિ. | ૪૭૯ |
| ૫ | સાચા અર્થમાં ક્ષમાશ્રમણ | પૂ. મુનિશ્રી હિતરત્નવિજયજી મ. | ૪૮૧ |
| ૬ | સહગુરુજોગોઃ એ જ અમારી પ્રાર્થના | પૂ. મુનિશ્રી અક્ષયરત્નવિજયજી મ. | ૪૮૧ |
| ૭ | स्मृतिशेवधिः | पूज्य-मुनिः श्रीअक्षयरत्नविजयजी म. | ૪૮૪ |
| ૮ | આર્ટિસ્ટ નહિ પણ હાર્ટિસ્ટ | પૂ. મુનિશ્રી દિવ્યરત્નવિજયજી મ. | ૪૮૭ |
| ૯ | સહિષ્ણુતા, સરળતા અને સ્વસ્થતાનો ત્રિવેણી સંગમ | પૂ. મુનિશ્રી ભાવરત્નવિજયજી મ. | ૪૮૮ |
| ૧૦ | આતમધ્યાનથી રે સંતો સદા સ્વરૂપે રહેવું | પૂ. મુનિશ્રી પ્રશમરત્નવિજયજી મ. | ૪૮૯ |
| ૧૧ | A VENERABLE SAINT OF THE ERA | પૂ. મુનિશ્રી પ્રશમરત્નવિજયજી મ. | ૪૯૦ |
| ૧૨ | PERSONALITY WITH REALITY | પૂ. મુનિશ્રી યોગરત્નવિજયજી મ. | ૪૯૧ |
| ૧૩ | GUIDE LINER | પૂ. મુનિશ્રી કૃપારત્નવિજયજી મ. | ૪૯૨ |
| ૧૪ | BY GIVING THE PENS HE CHANGED THE PATH OF MY LIFE | પૂ. મુનિશ્રી અર્હંરત્નવિજયજી મ. | ૪૯૩ |
| ૧૫ | ઉપકારસ્મૃતિ | પૂ. મુનિશ્રી સંવેગરત્નવિજયજી મ. | ૪૯૪ |
| ૧૬ | ઉપયોગશુદ્ધિના આગ્રહી | પૂ. મુનિશ્રી માર્દવરત્નવિજયજી મ. | ૪૯૫ |
| ૧૭ | કડવાશ અને મીઠાશનો સમન્વય | પૂ. મુનિશ્રી તત્ત્વરત્નવિજયજી મ. | ૪૯૬ |
| ૧૮ | WHERE THERE IS A WILL THERE IS A WAY | પૂ. બાલમુનિશ્રી યુગરત્નવિજયજી મ. | ૪૯૭ |
| ૧૯ | ગુલાબની વિશેષતાઓથી વિભૂષિત જીવન | પૂ. બાલમુનિશ્રી આર્જવરત્નવિજયજી મ. | ૪૯૮ |
| ૨૦ | સ્વાધ્યાયઃ ગુરુદેવનો જીગરી દોસ્ત | પૂ. બાલમુનિશ્રી મોક્ષરત્નવિજયજી મ. | ૪૯૯ |
| ૧ | શાસનના અને સમુદાયના કોહીનૂર હીરા | પૂ. આ. શ્રી કનકરત્નસૂરિજી મ. | ૫૦૦ |
| ૨ | एक प्रभावक व्यक्तित्व | पू.आ. श्री पद्मसागरसूरिजी म. | ૫૦૧ |
| ૩ | એક એવો સૂરજ જે ચમકતો રહેશે | પૂ. આ. શ્રી જયન્તસેનસૂરિજી મ. | ૫૦૧ |
| ૪ | ‘સૂર્યોદય’ સોહામણો | પૂ. આ. શ્રી અભયદેવસૂરિજી મ. | ૫૦૨ |
| ૫ | પુણ્ય–પરિણતિ અને પ્રભાવકતાની ત્રિમૂર્તિ | પૂ. આ. શ્રી પ્રબોધચન્દ્રસૂરિજી મ. | ૫૦૩ |
| ૬ | શાસનપ્રભાવક આચાર્યદેવ | પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરિજી મ. | ૫૦૩ |
| ૭ | સ્થિતપ્રજ્ઞ સૂરિદેવ | પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ. | ૫૦૪ |
| ૮ | શાસનસંનિષ્ઠ સૂરિવર | પૂ. આ. શ્રી રાજયશસૂરિજી મ. | ૫૦૫ |
| ૯ | અલગારી વ્યક્તિત્વ | પૂ. આ શ્રી યશોવર્મસૂરિજી મ. | ૫૦૬ |
| ૧૦ | મહાન શાસન પ્રભાવક | પૂ. આ. શ્રી નિત્યાનંદસૂરિજી મ. | ૫૦૬ |
| ૧૧ | એ યાદગાર દિવસો | પૂ. આ. શ્રી શીલચન્દ્રસૂરિજી મ. | ૫૦૭ |
| ૧૨ | સરલતાનું સાકાર સ્વરૂપ | પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ. | ૫૦૭ |
| ૧૩ | दो बातें : दो मुलाकातें | पू.आ. श्री धर्मधुरंधरसूरिजी म. | ૫૦૮ |
| ૧૪ | પુત્રનાં લક્ષણ પારણામાં | પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ. | ૫૦૯ |
| ૧૫ | શીતળ સ્વભાવ મધુર વ્યવહાર | પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ. | ૫૧૦ |
| ૧૬ | તેજસ્વી સૂરિપુરંદર | પૂ. આ. શ્રી રત્નપ્રભસૂરિજી મ. | ૫૧૦ |
| ૧૭ | રિશ્તો કી મસ્તી | પૂ. આ. શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી મ. | ૫૧૧ |
| ૧૮ | પ્રૌઢ પ્રતિભાશાળી | પૂ. આ. શ્રી અભયશેખરસૂરિજી મ. | ૫૧૨ |
| ૧૯ | અનેક ગુણસંપદાના સ્વામી | પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિજી મ. | ૫૧૩ |
| ૨૦ | ગગને દીપ જલે | પૂ. આ. શ્રી રત્નચન્દ્રસૂરિજી મ. | ૫૧૪ |
| ૨૧ | આરાધક મહાપુરૂષ | પૂ. આ. શ્રી નરરત્નસૂરિજી મ. | ૫૧૫ |
| ૨૨ | મારા વિદ્યાગુરુ | પૂ. આ. શ્રી ચન્દ્રસેનસૂરિજી મ. | ૫૧૬ |
| ૨૩ | નામ પ્રમાણે ગુણ : સૂર્ય જેવા તેજસ્વી | પૂ. આ. શ્રી જયશેખરસૂરિજી મ. | ૫૧૭ |
| ૨૪ | શાસનના ઝળહળતા સૂર્ય અને મારા જ્ઞાનપ્રદાતા | પૂ. આ. શ્રી લલિતસેનસૂરિજી મ. | ૫૧૭ |
| ૨૫ | ‘સૂર્યોદય’ :ઉર્જાવાન – પ્રકાશમાન | પૂ. આ. શ્રી સાગરચન્દ્રસાગરસૂરિજી મ. | ૫૧૮ |

| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨૬ | જૈન સંઘનાં આંગણે સૂર્યોદય | પૂ.આ. શ્રી વાત્સલ્યદીપસૂરિજી મ. | ૫૧૯ |
| ૨૭ | તમે સૂરજ થઈ ચમક્યા... અમે જનમ જનમના તરસ્યા | પૂ.આ. શ્રી. પદ્મસુંદરસૂરિજી મ. | ૫૨૦ |
| ૨૮ | જીવંત વ્યક્તિત્વ | પૂ.આ. શ્રી અજિતશેખરસૂરિજી મ. | ૫૨૦ |
| ૨૯ | समाधिसाधक पुण्यपुरुष | पू.आ. श्री रत्नसेनसूरिजी म. | ५२१ |
| 30 | सूक्ष्मेक्षिकापूर्णचिन्तकेभ्यः एभ्यः सूरिभ्यः नमो नमः | पू.आ. श्री मुक्ति-मुनिचन्द्रसूरीश्वरौ | ५२२ |
| ૩૧ | જિનશાસનની વિરલ અમીરાત | પૂ.આ. શ્રી મુક્તિનિલયસૂરિજી મ. | ૫૨૩ |
| ૩૨ | નિર્મળ નિરપેક્ષભાવ | પૂ.આ. શ્રી ઉદયપ્રભસૂરિજી મ. | ૫૨૪ |
| ૩૩ | ધન્ય છે તેમની અંતેવાસિતાને | પૂ.આ. શ્રી મેઘદર્શનસૂરિજી મ. | ૫૨૪ |
| ૩૪ | सर्वोद्धारक सूरिदेव | पू.आ. श्री जितरत्नसागरसूरिजी म. | ५२५ |
| ૩૫ | પ્રભાવ પ્રદ્યોતની ભીતરમાં | પૂ.આ. શ્રી મુક્તિવલ્લભસૂરિજી મ. | ૫૨૬ |
| ૩૬ | દર્ભાવતીતીર્થોદ્ધારક | પૂ.આ. શ્રી તીર્થભદ્રસૂરિજી મ. | ૫૨૭ |
| ૩૭ | વિદ્વત્તાનું શિખર | પૂ.આ. શ્રી મુક્તિસાગરસૂરિજી મ. | ૫૨૮ |
| ૩૮ | જીવનનું સંભારણું | પૂ.આ. શ્રી વિજ્ઞાનપ્રભસૂરિજી મ. | ૫૨૯ |
| ૩૯ | તે મુનિ વંદો...તે મુનિ વંદો... ઉપશમ રસનો કંદો રે... | પૂ.ઉપા. શ્રી પુંડરીકવિજયજી ગણિ | ૫૩૦ |
| ૪૦ | નશ્વર દેહે નહિ, અક્ષરદેહે 'સૂર્યોદય' કાયમ | પૂ.પં. શ્રી આત્મદર્શનવિજયજી ગણિ | ૫૩૧ |
| ૪૧ | સંભારણા અતીતના | પૂ. પ્રવ. હરીશભદ્રવિજયજી મ. | ૫૩૧ |
| ૪૨ | પ્રભાવકતાનો પુંજ | પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી મ. | ૫૩૨ |
| ૪૩ | સરળતાના પર્યાય | પૂ. મુનિશ્રી મિત્રસેનવિજયજી મ. | ૫૩૩ |
| ૪૪ | મારા વિદ્યાદાતા | પૂ. મૃગેન્દ્રમુનિજી | ૫૩૩ |
| ૪૫ | ધન્યાતિધન્ય ક્ષણો | પૂ. મુનિશ્રી સર્વોદયસાગરજી મ. | ૫૩૪ |
| ૪૬ | અમારા ધર્મદાતા | પૂ. મુનિશ્રી ધનંજયવિજયજી મ. | ૫૩૪ |
| ૪૭ | પાંચ બળના સ્વામી | પૂ. મુનિશ્રી કેવલપૂર્ણવિજયજી મ. | ૫૩૫ |
| ૪૮ | મારા વીરા... હતા શાસનના હીરા... | પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. | ૫૩૬ |
| ૪૯ | હસ્તાક્ષરદર્શનનો અનેરો આનંદ | પૂ.સા. શ્રી ચન્દ્રપ્રભાશ્રીજી મ. | ૫૩૮ |
| ૫૦ | યથા નામ તથા ગુણાઃ | પૂ.સા. શ્રી રશ્મિલતાશ્રીજી મ. | ૫૩૯ |
| ૫૧ | અનેક ગુણમોતીની માળા સમા સૂરિદેવ | પૂ.સા. શ્રી દિવ્યાશ્રીજી મ. | ૫૪૦ |
| ૫૨ | ઝળહળતાં સૂર્ય જેવા તેજસ્વી પૂજ્યશ્રી | પૂ.સા.શ્રી પૂર્ણકલાશ્રીજી મ. | ૫૪૦ |
| ૫૩ | પ્રસન્નતાની જીવંત પ્રતિમા | પૂ.સા. શ્રી મંજુલાશ્રીજી મ. | ૫૪૧ |
| ૫૪ | મહાત્માની શાલીનતા | પૂ.સા. શ્રી વાચંયમાશ્રીજી મ. | ૫૪૧ |
| ૫૫ | ગુણનિધાન ગુરુદેવ | પૂ.સા. શ્રી પ્રિયંવદાશ્રીજી શિષ્યાગણ (પ્રિયશિશુ) | ૫૪૨ |
| ૫૬ | સહન કરે તે સાધુ... | પૂ.સા. શ્રી મયૂરકલાશ્રીજી મ. | ૫૪૩ |
| ૫૭ | સુવર્ણગુણોના ધારક | પૂ.સા. શ્રી જયશીલાશ્રીજી મ. | ૫૪૪ |
| ૫૮ | ગુણોનું કલ્પવૃક્ષ | પૂ.સા. શ્રી પદ્મરેખાશ્રીજી મ. | ૫૪૪ |
| ૫૯ | વિદ્યાનાં ધામ | પૂ.સા. શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ. | ૫૪૫ |
| ૬૦ | અરિહંતના અનગાર... બન્યા શાસનના શણગાર | પૂ.સા. શ્રી લક્ષિતજ્ઞાશ્રીજી મ. | ૫૪૬ |
| ૬૧ | સરસતા, સરલતા અને સફળતાનો ત્રિવેણી સંગમ | પૂ.સા. શ્રી જ્યોતિર્ધરાશ્રીજી મ. | ૫૪૭ |
| ૬૨ | ગુરુભક્તિથી મળી સિદ્ધિની શક્તિ | પૂ.સા. શ્રી વિરતિધરાશ્રીજી મ. (વારિશિશુ) | ૫૪૮ |
| ૬૩ | વાત્સલ્યના વડલા જેવા પૂજ્યશ્રી | પૂ.સા. શ્રી પીયૂષપૂર્ણાશ્રીજી મ. | ૫૪૮ |
| ૬૪ | સરલ સ્વભાવના સ્વામી | પૂ.સા.શ્રી જિતપૂર્ણાશ્રીજી મ. | ૫૪૯ |
| ૬૫ | જાગતું જીવન... ઝગમગતું જીવન... | પૂ.સા. શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ. | ૫૫૦ |
| ૬૬ | અજબ અસ્તિત્વ...વિરલ વ્યક્તિત્વ | પૂ.સા. શ્રી યશોધર્માશ્રીજી મ. | ૫૫૦ |
| ૬૭ | 'સૂર્યોદય'નાં તેજસ્વી કિરણો | પૂ.સા. શ્રી મોક્ષરસાશ્રીજી મ. | ૫૫૨ |
| ૬૮ | પૂજ્યશ્રીના આશીર્વાદ : એક અમોઘ શક્તિ | પૂ.સા. શ્રી વિરતિધરાશ્રીજી મ. | ૫૫૩ |
| ૬૯ | સાધુત્વનું સૌંદર્ય ધરાવનારા | પૂ.સા. શ્રી યશોનંદિનીશ્રીજી મ. | ૫૫૪ |
| ૭૦ | અમારા પરમ ઉપકારી | પૂ.સા. શ્રી કલ્પરત્નાશ્રીજી મ. | ૫૫૫ |
| ૭૧ | ગુરુદેવનું અભિયાન : Clean શ્રમણ Green શ્રમણ | પૂ.સા. શ્રી વિશ્વરત્નાશ્રીજી મ. | ૫૫૫ |
| ૭૨ | અદ્ભુત ગુણવૈભવ | પૂ.સા. શ્રી વિશ્વધર્માશ્રીજી મ. | ૫૫૮ |
| ૭૩ | ઉપકારોનું એવરેસ્ટ શિખર | પૂ.સા. શ્રી કલ્પધર્માશ્રીજી મ. | ૫૫૯ |
| ૭૪ | અમારા તો સર્વેસર્વા | પૂ.સા. શ્રી વિશ્વમિત્રાશ્રીજી મ. | ૫૬૧ |
| ૭૫ | સૌના માર્ગદર્શક | પૂ.સા. શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ. | ૫૬૨ |
| ૭૬ | અમારા શિરચ્છત્ર | પૂ.સા. શ્રી જિનયશાશ્રીજી મ. | ૫૬૩ |
| ૭૭ | ગાગરમાં સાગર | પૂ.સા. શ્રી કોમલકલાશ્રીજી મ. | ૫૬૪ |
| ૭૮ | विरल विभूति | पू.सा. श्री कीर्तनकलाश्रीजी म. | ५६४ |
| ૭૯ | સ્મરણાંજલિ...ભાવાંજલિ... વંદનાંજલિ... | પૂ.સા. શ્રી અપૂર્વકલાશ્રીજી મ. | ૫૬૫ |
| ૮૦ | ઉપકારોનું સંસ્મરણ | પૂ.સા. શ્રી કલ્પવર્ષાશ્રીજી મ. | ૫૬૬ |
| ૮૧ | નિર્મળ વાત્સલ્યનું ધામ | પૂ.સા. શ્રી વિશ્વરમ્યાશ્રીજી મ. | ૫૬૭ |
| ૮૨ | પૂજ્યશ્રી : શિષ્ટપણ અને વિશિષ્ટપણ | પૂ.સા. શ્રી નિઃસંગમિત્રાશ્રીજી મ. | ૫૬૮ |

| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૮૩ | વચનસિદ્ધિના સ્વામી | પૂ.સા. શ્રી ચરણરમ્યાશ્રીજી મ. | ૫૬૯ |
| ૮૪ | પ્રાયશ્ચિત્ત દાતા | પૂ.સા. શ્રી પરમરમ્યાશ્રીજી મ. | ૫૭૦ |
| ૮૫ | ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે !! | પૂ.સા. શ્રી વિશ્વવ્રતાશ્રીજી મ. | ૫૭૧ |
| ૮૬ | સૂર્યોદયં સૂરિવરં પ્રણૌમિ | શ્રી મૂકેશભાઇ મફતલાલ વિધિકાર | ૫૭૨ |
| ૮૭ | જિનશાસનરત્ન સૂરિદેવ | પ. શ્રી ધનંજયભાઇ જૈન | ૫૭૩ |
| ૮૮ | વિશિષ્ટ પ્રતિભાસંપન્ન અને વિશિષ્ટ ગુણસંપન્ન | શ્રી વીરેન્દ્રભાઇ મૂળજીભાઈ | ૫૭૪ |
| ૮૯ | પ્રભાવક વ્યક્તિત્વ | પં. શ્રી વસંતભાઇ દોશી | ૫૭૫ |
| ૯૦ | અમારા શ્રી સંઘના મહાન ઉપકારી | પં. શ્રી વિમલેશભાઇ શાહ | ૫૭૬ |
| ૯૧ | પ્રસન્નતામૂર્તિ અને વાત્સલ્યમૂર્તિ | શ્રી કાંતિલાલ આર. કાપડિયા | ૫૭૭ |
| ૯૨ | 'રોંગ નંબર'નું ચાતુર્માસ બન્યું એક નંબરનું ચાતુર્માસ | શ્રી ઘેવરચંદજી જૈન | ૫૭૮ |
| ૯૩ | ગુણ તમારા ગાતા ગાતા, હૈયું મારું નૃત્ય કરે... | શ્રી લાલચંદજી ઉપાશ્રય–ટ્રસ્ટીગણ (વઢવાણ) | ૫૭૯ |
| ૯૪ | યુગદિવાકરશ્રીએ પ્રગટાવેલ જ્યોતના જ્યોતિર્ધર | શ્રી મનોજ કેશવલાલ શાહ | ૫૭૯ |
| ૯૫ | સમર્પણશીલ સૂરિદેવ | શ્રી નવીનભાઇ વખારીયા | ૫૮૧ |
| ૯૬ | કાંદિવલીના પ્યારા ગુરુ | શ્રી અજયભાઇ રતિલાલ | ૫૮૧ |
| ૯૭ | સ્મૃતિનું સરોવર | શ્રી હંસાબેન રમણિકલાલ | ૫૮૨ |
| ૯૮ | મારા પરમ ઉપકારી | શ્રી કોકીલાબેન નરેશભાઇ | ૫૮૨ |
| ૯૯ | શ્રદ્ધા સુમન સમર્પણ | શ્રી ઉષાબેન તરુણભાઇ | ૫૮૩ |
| ૧૦૦ | વિશિષ્ટ જ્ઞાની અને ચારિત્રવંત | શ્રી કલ્પનાબેન ગુણવંતભાઇ | ૫૮૩ |
| ૧૦૧ | શ્રેષ્ઠતાનો પર્યાય | અજ્ઞાત... | ૫૮૪ |
| | **કાવ્યવિભાગ : ગુરુગુણાંજલિ ગીતો** | | |
| ૧૦૨ | કહો ને સૂરિજી! ક્યાં ચાલ્યા રે? અમને મૂકીને રડતાં | 'વસંત' પરિવાર | ૫૮૫ |
| ૧૦૩ | રડે રે નયન, મારું અંતર રડે... | પૂ.સા. શ્રી ચન્દ્રપ્રભાશ્રીજી મ. | ૫૮૫ |
| ૧૦૪ | ક્યાં ગયો એ અમૃત કુંડ ? | પૂ.સા. શ્રી કનકપ્રભાશ્રીજી | ૫૮૬ |
| ૧૦૫ | દર્ભાવતીનાં ઉપવનમાં ખીલ્યું રે ગુલાબ... | પૂ.સા. શ્રી રશ્મિલતાશ્રીજી મ. | ૫૮૬ |
| ૧૦૬ | ગુરુ વિરહ ગીત | પૂ.સા.શ્રી યશોધર્માશ્રીજી મ. | ૫૮૭ |
| ૧૦૭ | ગુરુ ગુણ ગુંજન | પૂ.સા.શ્રી યશોનંદિનીશ્રીજી મ. | ૫૮૭ |
| ૧૦૮ | આવું નહોતું ધાર્યું મારાં મનમાં | પૂ.સા. શ્રી કલ્પદર્શિતાશ્રીજી મ. | ૫૮૮ |
| ૧૦૯ | છેલ્લું પ્રતિક્રમણ કરી... | શ્રી ઉષાબેન તરુણભાઇ શાહ | ૫૮૮ |


## વિભાગ - ૩


| પરિશિષ્ટાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | જ્યોતિષની જ્યોતમાં પૂજ્યશ્રીનું જીવન દર્શન | ૫૯૦ |
| ૨ | અક્ષરની આરસીમાં પૂજ્યશ્રીનાં પ્રતિબિંબ | ૫૯૨ |
| ૩ | શિલાલેખની સૃષ્ટિ... વૈવિધ્યસભર દૃષ્ટિ | ૫૯૬ |
| ૪ | પૂજ્યશ્રી અને પરીક્ષાઓ | ૫૯૮ |
| ૫ | પત્રોનો પરિમલ : શ્રી જગડૂશાતીર્થરક્ષા આંદોલનની સફળતાદિના પૂજ્યશ્રી પરના પત્રો | ૫૯૯ |
| ૬ | પ્રભાવક સૂરીશ્વર અને પ્રભાવક ધર્મકાર્યો : કેટલીક પત્રિકાઓની ઝલક | ૬૦૨ |
| ૭ | અખબારો આદિની અટારીએથી : પૂજ્યશ્રીના પ્રભાવક ધર્મકાર્યો આદિના સમાચારો | ૬૦૫ |
| ૮ | પ્રસંગોનો પરિમલ : પૂજ્યશ્રીનાં ચાતુર્માસોની તથા પ્રભાવક કાર્યોની સૂચિ | ૬૧૯ |
| ૯ | પૂજ્યશ્રીના પવિત્ર પગલાં તથા નિત્ય આરાધનાનો સૂરિમન્ત્રપટ | ૬૨૬ |
| ૧૦ | પૂજ્યશ્રીનાં ગુરુમંદિરો તથા ગુરુમૂર્તિઓની ઝલક | ૬૨૮ |
| ૧૧ | આ મહાગ્રન્થમાં આલેખાયેલ પૂજ્યશ્રીની જીવનગાથામાં પ્રસંગે પ્રસંગે પ્રયોજાયેલ સંસ્કૃત–પ્રાકૃત ઉપદેશપ્રદ સૂક્તોનું સંકલન | ૬૩૦ |